કામકાજનો ટૂંકો અહેવાલ

# તેરમી ગુજરાત વિધાનસભા

## ચોથું સત્ર

## ( તા ૧લી જુલાઈ,   થી  ૨૫મી જુલાઈ ૨૦૧૪ )

## ગુજરાત વિધાનસભા સચિવાલય

## વિઠ્ઠલભાઇ પટેલ ભવન,

## ગાંધીનગર.

## ૨૦૧૪

# **પ્રસ્તાવના**

આ પ્રકાશનમાં તેરમી ગુજરાત વિધાનસભાના ચોથા  સત્રમાં તા ૧ લી જુલાઈ  ૨૦૧૪  થી તા ૨૫મી જુલાઈ  ૨૦૧૪  દરમિયાન થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે .શક્ય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે .આશા છે કે રસ ધરાવનાર સૌ કોઇને તે ઉપયોગી નિવડશે .

**ડી . એમ. પટેલ**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઇ પટેલ ભવન,
સેક્ટર નં. ૧૦,
ગાંધીનગર

તારીખ :૧૦  - ૯ -૨૦૧૪.

<u>**અ નુ ક્ર મ ણિ કા**</u>


| ક્રમાંક | વિષય | | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | ૨. | | ૩. |
| ૧. | તેરમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્ર ( તા ૧ લી જુલાઈ, ૨૦૧૪ થી તા ૨૫મી જુલાઈ, ૨૦૧૪ ) માં થયેલ કામકાજનો ટૂંકો અહેવાલ | | |
| ૨. | પત્રક ક્રમાંક : ૧ | સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલો સમય અને ટકાવારી | |
| ૩. | પત્રક ક્રમાંક : ૨ | સભાગૃહની બેઠકોની તારીખ અને સમય | |
| ૪. | પત્રક ક્રમાંક : ૩ | સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી | |
| ૫. | પત્રક ક્રમાંક : ૪ | સભ્યશ્રીઓની તારીખવાર હાજરી | |
| ૬. | પત્રક ક્રમાંક : ૫ | ટૂંકી મુદતના, તારાંકિત, અતારાંકિત પ્રશ્નોની અને અરધા કલાકની ચર્ચાની સૂચનાઓનો નિકાલ (આંકડામાં) | |
| ૭. | પત્રક ક્રમાંક :૬ | તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૮. | પત્રક ક્રમાંક : ૭ | અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૯. | પત્રક ક્રમાંક : ૮ | જુદા જુદા મંત્રીશ્રીઓના વારામાં દાખલ થયેલા અને ગૃહમાં મૌખિક જવાબ અપાયેલ તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી | |
| ૧૦. | પત્રક ક્રમાંક : ૯ | દાખલ કરવાના સરકારી વિધેયકો | |
| ૧૧. | પત્રક ક્રમાંક : ૧૦ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં સરકારી વિધેયકો | |
| ૧૨. | પત્રક ક્રમાંક : ૧૧ | રાષ્ટ્રપતિ / રાજયપાલશ્રીની અનુમતિ મળેલા વિધેયકો | |
| ૧૩. | પત્રક ક્રમાંક : ૧૨ | સન ૨૦૧૪–૧૫ના વર્ષના અનુદાનો માટેની ચર્ચાયેલી માગણીઓ | |
| ૧૪. | પત્રક ક્રમાંક : ૧૩ | ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ–૧૦૧) | |
| ૧૫. | પત્રક ક્રમાંક : ૧૪ | સભામોકૂકીનો પ્રસ્તાવ (નિયમ–૧૦૮) | |
| ૧૬. | પત્રક ક્રમાંક : ૧૫ | ટૂંક સમયની ચર્ચા (નિયમ–૧૧૨) | |
| ૧૭. | પત્રક ક્રમાંક : ૧૬ | ધ્યાન દોરતી સૂચનાઓ ( નિયમ – ૧૧૬) | |
| ૧૮. | પત્રક ક્રમાંક : ૧૭ | જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીઓનાં નિવેદનો (નિયમ – ૪૪) | |
| ૧૯. | પત્રક ક્રમાંક : ૧૮ | દાખલ કરવાના બિન સરકારી વિધેયકો | |
| ૨૦. | પત્રક ક્રમાંક : ૧૯ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના (નિકાલ થયેલા) બિન સરકારી વિધેયકો | |
| ૨૧. | પત્રક ક્રમાંક :૨૦ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેતા બિન સરકારી વિધેયકો | |
| ૨૨. | પત્રક ક્રમાંક : ૨૧ | બિન સરકારી સંકલ્પો ( નિયમ – ૧૧૭ ) | |
| ૨૩. | પત્રક ક્રમાંક : ૨૨ | વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલ કાગળો | |
| ૨૪. | પત્રક ક્રમાંક : ૨૩ | ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી | |
| ૨૫. | પત્રક ક્રમાંક : ૨૪ | રોજેરોજના કામકાજનો સારાંશ | |
| ૨૬. | પત્રક ક્રમાંક : ૨૫ | સત્રમાં સભ્યશ્રીઓએ કેટલી વખત ચર્ચામાં ભાગ લીધો તેની સંખ્યા દર્શાવતું પત્રક | |
| ૨૬. | પત્રક ક્રમાંક : ૨૬ | શોકદર્શક ઉલ્લેખ | |

## તેરમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

**પ્રારંભિકઃ–**

તેરમી ગુજરાત વિધાનસભાનું ચોથું સત્ર મંગળવાર, તા.૧–૭–૨૦૧૪ના રોજ શરૂ થયું હતું અને શુક્રવાર, તા.૨૫–૭–૨૦૧૪ના રોજ વિધાનસભાના નિયમોના નિયમ–૯(૧) હેઠળ અચોકકસ મુદÈત માટે મુલતવી રહયું હતું અને ત્યારબાદ રાજયપાલશ્રીના આદેશથી સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૧૯ દિવસ માટે મળી હતી અને તેમાં કુલ ૨૨ બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ **કુલ ૮૪ કલાક અને ૫૦ મિનિટ** કામ કર્યું હતું, જે બેઠક દીઠ સરેરાશ સમય આશરે ૩ કલાક અને ૫૧ મિનિટ થાય છે.

૧ સત્ર દરમિયાન પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, નાણાકીય કામકાજ અને પ્રસ્તાવો તેમજ અન્ય કામકાજમાં થયેલ સમય અને તેની ટકાવારી **પત્રક ક્રમાંક–૧** માં આપવામાં આવી છે.

૨. **ગૃહની બેઠકોની તારીખ અને સમયઃ–**

ગૃહની બેઠકોની તારીખો અને સમય **પત્રક ક્રમાંક–૨** માં આપવામાં આવેલ છે.

૩. **હાજરીઃ**

સત્ર દરમિયાન મળેલ ૨૨ બેઠકમાં વધારેમાં વધારે હાજરી ૧૩૫ સભ્યોની અને ઓછામાં ઓછી ૧૧૧ સભ્યોની હાજરી હતી અને સરેરા**શ** હાજરી ૧૨૫ રહી હતી. સત્ર દરમિયાન સભ્યોએ આપેલી વ્યકિતગત હાજરી અંગેની માહિતી પત્રક ક્રમાંક : ૩ માં અને સભ્યોની તારીખવાર હાજરી અંગેની માહિતી **પત્રક ક્રમાંક : ૪** માં આપવામાં આવી છે.

૪ **ટૂંકી મુદતના અને તારાંકિત પ્રશ્નોઃ–**

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટે તા.૦૧/૦૭/૨૦૧૪ થી તા.૩૦/૦૭/૨૦૧૪ નો કાર્યક્રમ બહાર પાડવામાં આવ્યો હતો.

પરંતુ ૨૨મી જુલાઈ, ૨૦૧૪ના રોજ મળેલ કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં નકકી થયા મુજબ તા.૩૦/૦૭/૨૦૧૪ની તારાંકિત પ્રશ્નોતરી રદ કરવામાં આવતા તે દિવસના દાખલ થયેલ **કુલ–૨૫૨** પ્રશ્નોને રદ ગણી નામંજૂર કરવામાં આવ્યા હતા.

આ સત્ર દરમિયાન ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોની મળેલી અને દાખલ કરવામાં આવેલી સૂચનાઓની વિગતો નીચે મુજબ છે.

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નોની **કુલ–૪૮૩૭** અને અતારાંકિત પ્રશ્નોની **કુલ–૪૫૩** સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તેની વિગતો પત્રક ક્રમાંકઃ– **૫** , **૬** અને **૭** માં આપવામાં આવી છે. તારાંકિત પ્રશ્નોની કયા મંત્રીશ્રી માટે કેટલી સૂચનાઓ દાખલ કરવામાં આવી, તેમાંથી કયા કયા મંત્રીશ્રીઓના કેટલા પ્રશ્નોની ચર્ચા થઈ તેની માહિતી પત્રક ક્રમાંકઃ–**૮** માં આપવામાં આવી છે.

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો તરીકે મળેલી સૂચનાઓમાંથી **કુલ–૩૪૫૬** સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને **૨૧** તારાંકિત પ્રશ્નોને અતારાંકિત પ્રશ્નો તરીકે દાખલ કરવામાં આવ્યા હતા. વધુમાં, દાખલ થયેલ તારાંકિત પ્રશ્નો પૈકી **૪૦** પ્રશ્નો મંત્રીશ્રીની વિનંતીથી રદ કરવામાં આવ્યા.

સત્ર દરમિયાન અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની ૫૦–૫૦ ની એક એવી **૬** યાદીઓ તેમજ નિયમ ૮૭(ક) અન્વયે સત્રના છેલ્લા દિવસે **૪૪** અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા.

સભાગૃહની બેઠકો દરમિયાન તારાંકિત પ્રશ્નોની કુલ–**૧૯** યાદી ગૃહમાં રજૂ કરવામાં આવી હતી. આ યાદીમાના કુલ–**૨૧૦** પ્રશ્નોની સભાગૃહમાં ચર્ચા થઈ હતી.

સત્ર દરમિયાન નિયમ–૯૦ અન્વયે ટૂંકી મુદતના પ્રશ્નોની એક પણ સૂચના મળેલ ન હતી.

સત્ર દરમિયાન નિયમ–૯૨ અન્વયે અરધા કલાકની સૂચના માટે કુલ–૨ સૂચનાઓ મળી હતી તે પૈકી એક પણ સૂચના દાખલ કરવામાં આવી ન હતી.

**૫ સરકારી વિધેયકો :–**

૧. **દાખલ કરવામાં આવેલા સરકારી વિધેયકો**

સત્ર દરમિયાન કુલ ૧૪ સરકારી વિધેયકોને દાખલ કરવામાં આવ્યા હતા.

**( પત્રક ક્રમાંક – ૯)**

૨. **પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો**

સત્ર દરમિયાન કુલ ૧૪ સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવામાં આવ્યા હતા. **( પત્રક ક્રમાંક :૧૦ )**

**વિધેયકોનું વર્ગીકરણ :–**

| | | |
|---|---|---|
| ૧. | ગુજરાત રાજયના અમલી કાયદાને સુધારતા વિધેયકો | .......... ૦૯ |
| ૨. | નવા વિધેયકો | .......... ૦૦ |
| ૩. | અન્ય વિધેયકો | ......... ૦૫ |

**વિધેયકોનું વિષયવાર વર્ગીકરણ:–**

| | | |
|---|---|---|
| ૧. | નાણાકીય બાબતોને લગતા વિધેયકો | ......... ૦૭ |
| ૨. | જાહેર સેવાને લગતા વિધેયકો | ......... ૦૩ |
| ૩. | શિક્ષણને લગતા વિધેયકો | ......... ૦૧ |
| ૪. | અન્ય વિધેયકો | ........ ૦૩ |

**૬ વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા રાજયપાલશ્રીની અનુમતિવાળા વિધેયકો :–**

તેરમી વિધાનસભાના બીજા સત્રમાં પસાર થયેલું અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી હતી તેવું સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૩, તથા ત્રીજા સત્રમાં પસાર થયેલા અને જેને નામદાર રાજયપાલશ્રીની અનુમતિ મળી હતી તેવા સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૧, ૨, ૩ અને ૪ ને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા. **( પત્રક ક્રમાંક: ૧૧ )**

**૭ નાણાકીય કામકાજ :–**

**(૧) અંદાજપત્રઃ**

**(ક) રજૂઆત :**

સન ૨૦૧૪–૨૦૧૫ના વર્ષ માટેનું કુલ રૂપિયા **૧૩,૩૪,૬૫,૬૧,૩૩,૦૦૦** /– નું ફેરફાર કરેલ અંદાજપત્ર મંગળવાર તા.૧ લી જુલાઈ , ૨૦૧૪ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂપિયા ૧૧,૨૬,૨૧,૩૩,૦૭,૦૦૦/–અને બિનમતપાત્ર રકમ રૂપિયા ૨,૦૮,૪૪,૨૮,૨૬,૦૦૦/– હતી.

**(ખ) સામાન્ય ચર્ચા :**

અંદાજપત્ર ઉપર તા. ૭, ૮, ૯ અને ૧૦મી જુલાઈ, ૨૦૧૪ના રોજ એમ કુલ ચાર દિવસો દરમિયાન સામાન્ય ચર્ચા કરવામાં આવી હતી.

**(ગ) માગણીઓ પર ચર્ચા અને મતદાન :**

અનુદાન માટેની માગણીઓ ઉપર તા.૧૧, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૧, ૨૨, ૨૩, ૨૪, અને ૨૫મી જુલાઈ,૨૦૧૪ના રોજ એમ **કુલ ૧૧** દિવસો દરમિયાન સભાગૃહની **૧૨** બેઠકોમાં ચર્ચા અને મતદાન કરવામાં આવ્યુ હતુ. કુલ **૧૦૮** માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. તેમાંથી **૫૪** માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. **(પત્રક ક્રમાંકઃ– ૧૨)** ચર્ચા માટે રજૂ થયેલી બધી જ માગણીઓ સભાગૃહે પસાર કરી હતી. જયારે બાકીની **૫૪** માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર કરી હતી.

**(ઘ) કાપ દરખાસ્તો :**

અંદાજપત્રની માગણીઓ પર **કુલ– ૫૩૬** કાપ દરખાસ્તોની સૂચનાઓ મળી હતી, તેમાંથી ૫૩૧ કાપદરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. **૫** કાપદરખાસ્ત નામંજૂર કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી ૫૩૧ કાપદરખાસ્તો પૈકી એક સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓનાં નામ જોડતાં કુલ **૪૩૬** કાપદરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો, જે પૈકી **૩૪૯** કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી.

**(ચ) ગુજરાત વિનિયોગ વિધેયક પર ચર્ચા :**

ગુજરાત વિનિયોગ વિધેયક, શુક્રવાર , તા.૨૫. ૭. ૧૪ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. ગુજરાત વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૨૩૮(૫) ની જોગવાઈ હેઠળ સભ્યશ્રીઓ ઉપસ્થિત કરવા માગતા હોય તેવા વિશિષ્ટ મુદ્દા આપે છે. ચર્ચામાં વધુ સભ્યશ્રીઓ ભાગ લઈ શકે તે હેતુ થી દરેક સભ્યશ્રી એક જ મુદ્દો આપી શકે તેવું માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યું હતું. તદ્દનુસાર કુલ ૯ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા હતા પરંતુ મુદ્દા આપનાર વિપક્ષી સભ્યશ્રીઓના સસ્પેન્શનના કારણે સભાગૃહે મુદ્દાઓ ઉપર ચર્ચા કર્યા વિના વિનિયોગ વિધેયક પસાર કર્યુ હતું.

**(૨) (૩) વધારાના ખર્ચના પત્રકોઃ**

**(ક) રજૂઆત :**

સન ૧૯૯૯–૨૦૦૦, ૨૦૦૦–૨૦૦૧, ૨૦૦૧–૨૦૦૨ અને ૨૦૦૨–૨૦૦૩ના વર્ષ માટેના વધારાના ખર્ચનાં પત્રકો મંગળવાર તા.૧ લી , જુલાઈ , ૨૦૧૪ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતાં, જેમાં નીચે જણાવેલ રકમનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

| ક્રમ | વર્ષ | મતપાત્ર રકમ | બિન મતપાત્ર રકમ | કુલ રકમ |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૧૯૯૯–૨૦૦૦ | ૧૨,૧૩,૩૭,૭૭,૮૪૬,૦૦૦ | ૮૨,૦૩,૩૨,૦૪૬,૦૦૦ | ૧૨,૯૫,૪૧,૦૯,૮૯૨,૦૦૦ |
| ૨ | ૨૦૦૦–૨૦૦૧ | ૩,૭૯,૪૩,૦૬,૧૯૭,૦૦૦ | ૧૯,૩૨,૨૮૨,૦૦૦ | ૩,૭૯,૬૨,૩૮,૪૭૯,૦૦૦ |
| ૩ | ૨૦૦૧–૨૦૦૨ | ૮૭,૪૭,૧૪,૫૦૪,૦૦૦ | ૨૫,૫૨,૮૯,૨૪,૮૧૯,૦૦૦ | ૨૬,૪૦,૩૬,૩૯,૩૨૩,૦૦૦ |
| ૪ | ૨૦૦૨–૨૦૦૩ | ૧,૧૨,૩૦,૩૩,૪૩૦,૦૦૦ | ૧,૮૭,૫૭,૪૫૨,૦૦૦ | ૧,૧૪,૧૭,૯૦,૮૮૨,૦૦૦ |

**(ખ) વધારાની માગણીઓ પર ચર્ચા અને મતદાન :**

સન ૧૯૯૯–૨૦૦૦, ૨૦૦૦–૨૦૦૧, ૨૦૦૧–૨૦૦૨ અને ૨૦૦૨–૨૦૦૩ના વર્ષના વધારાના ખર્ચના પત્રકોમાંની માગણીઓ ગુરૂવાર , તા.૧૦.૭.૨૦૧૪ (બીજી બેઠક)ના રોજ પ્રથા પ્રમાણે કોઈ પણ પ્રકારની ચર્ચા વગર મત ઉપર મૂકી મંજૂર કરવામાં આવી હતી ત્યારબાદ શુક્રવાર , તા.૨૫.૭.૧૪ના રોજ સન ૧૯૯૯–૨૦૦૦, ૨૦૦૦–૨૦૦૧, ૨૦૦૧–૨૦૦૨ અને ૨૦૦૨–૨૦૦૩ના વર્ષના વધારાના ખર્ચની માગણીઓ માટે ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતાં અને તે પસાર કરવામાં આવ્યા હતાં .

**૮ ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ–૧૦૧)–**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૧ હેઠળ જેની ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવની કુલ–૨૫ સૂચનાઓ મળી હતી, જે પૈકી પાંચ સૂચનાઓ રદ કરવામાં આવી હતી. દાખલ થયેલી સૂચનાઓને કામકાજ સલાહકાર સમિતિએ સમય ફાળવ્યો ન હોવાથી સત્ર સમાપ્ત થતા તે રદ થઈ હતી. **(પત્રક ક્રમાંકઃ– ૧૩ )**

**૯ છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨):–**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ–૧૧૬ સૂચનાઓ મળી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓના નામનુ બેલટ તા. ૨૧–૭–૨૦૧૪ના રોજ યોજવામાં આવ્યું હતુ. બેલટમાં પ્રથમ ક્રમે આવેલ શ્રી વલ્લભભાઈ કાકડીયાએ **"મહિલા સશકિતકરણ"** કાર્યક્રમ અંગેના પ્રસ્તાવની સૂચના આપી હતી, જે દાખલ કરવામાં આવી હતી. ઉકત પ્રસ્તાવ પર સત્રના છેલ્લા દિવસે એટલે કે તા. ૨૫–૭–૨૦૧૪ના ના રોજ સભાગૃહમાં ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

**૧૦ સભામોકૂફીના પ્રસ્તાવો (નિયમ–૧૦૮):–**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૮ અન્વયે માત્ર એક સૂચના મળી હતી, જે નામંજૂર કરવામાં આવી હતી. **(પત્રક ક્રમાંકઃ–૧૪ )**

**૧૧ ટૂંક સમયની ચર્ચા (નિયમ–૧૧૨):–**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૧૨ અન્વયે તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા માટે એક સૂચના મળી હતી. જે નામંજૂર કરવામાં આવી હતી. **(પત્રક ક્રમાંકઃ–૧૫ )**

**૧૨ ધ્યાન દોરતી સૂચના (નિયમ–૧૧૬):–**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરવા અંગેની કુલ–૬૧ સૂચનાઓ મળી હતી. તેમાંથી બાર સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. અને નિયમ–૬૨(૧) મુજબ બે સૂચના રદ કરવામાં આવી અને એક સૂચના સભ્યશ્રીએ પાછી ખેંચી હતી. તેમજ ૭ સૂચના સમય મર્યાદા બહારની હોવાથી નામંજૂર કરવામાં આવી. **(પત્રક ક્રમાંકઃ–૧૬ )**

**૧૩. નિયમ– ૪૪ હેઠળ જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓનાં નિવેદનોઃ–**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૪૪ હેઠળ જાહેર અગત્યની બાબત પર જુદા જુદા વિષયને લગતા ત્રણ નિવેદનો સંબંધિત મંત્રીશ્રીઓ ધ્વારા કરવામાં આવ્યા હતા. **(પત્રક ક્રમાંકઃ– ૧૭ )**

**૧૪ બિન–સરકારી વિધેયકો :–**

૧. **દાખલ કરવામાં આવેલા બિન–સરકારી વિધેયકો**

સત્ર દરમિયાન કુલ ૬ બિન–સરકારી વિધેયકોને દાખલ કરવામાં આવ્યા હતા.

**( પત્રક ક્રમાંક – ૧૮ )**

**દાખલ કરવામાં આવેલા બિન–સરકારી વિધેયકોનું વર્ગીકરણ :–**

૧. ગુજરાત રાજયના અમલી કાયદાને સુધારતા વિધેયકો ......... ૦૦

૨. નવા વિધેયકો ......... ૦૬

**બિન–સરકારી વિધેયકોનું વિષયવાર વર્ગીકરણઃ–**

૧. જાહેર સેવાને લગતા વિધેયકો ......... ૦૪

૨. શિક્ષણને લગતા વિધેયકો ...........૦૧

૩. અન્ય વિધેયકો ...........૦૧

૨. **પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન–સરકારી વિધેયકો**

ચાલુ સત્રમાં દાખલ કરવામાં આવેલ ૬ તથા અગાઉના સત્રના ૭ એમ કુલ–૧૩ બિન–સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના હતા. જે માટે તા.૩/૭/૨૦૧૪ અને તા.૧૭/૭/૨૦૧૪ એમ બે દિવસો ફાળવવામાં આવ્યા હતાં. તા.૩/૭/૨૦૧૪ ના રોજ ચાર વિધેયકો પર ચર્ચા હાથ ધરવા દિવસના કામકાજની યાદીમાં બતાવવામાં આવ્યા હતા તે પૈકી બે વિધેયકો ચર્ચા માટે હાથ ધરવામાં આવ્યા હતા જયારે પ્રભારી સભ્યોની અનુપસ્થિતિ ને કારણે બે વિધેયકો પર ચર્ચા હાથ ધરી શકાઈ ન હતી તેમજ તા.૧૭/૭/૨૦૧૪ ના રોજ ચાર વિધેયકો પર ચર્ચા હાથ ધરવા દિવસના કામકાજની યાદીમાં બતાવવામાં આવ્યા હતા તે પૈકી ત્રણ વિધેયકો ચર્ચા માટે હાથ ધરવામાં આવ્યા હતા. આમ સત્ર દરમિયાન કુલ–૦૫ વિધેયકો ચર્ચા માટે હાથ ધરવામાં આવ્યા હતા. **( પત્રક ક્રમાંક : ૧૯ )**

જયારે સત્રાંતે કુલ–૦૮ બિન–સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના બાકી રહયા હતા. **( પત્રક ક્રમાંક : ૨૦)**

**૧૫ બિન સરકારી સંકલ્પો (નિયમ –૧૧૭):**

બિન સરકારી સંકલ્પોની ચર્ચા માટે તા.૧૦–૭–૨૦૧૪(બીજી બેઠક) અને તા.૨૪–૭–૨૦૧૪ (બીજી બેઠક) એમ બે દિવસો ફાળવવામાં આવ્યા હતા.

તા.૧૦–૭–૨૦૧૪(બીજી બેઠક)**ના** પ્રથમ વારા માટે બિન સરકારી સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ–**૧૦૩** સૂચનાઓ મળી હતી. **જે** પૈકી બેલટમાં અગ્રતા મેળવેલ **બે** સભ્યશ્રીઓએ સંકલ્પની એક એક સૂચના આપી હતી, બન્ને સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. ચર્ચાને અંતે બન્ને સંકલ્પોનો સભાગૃહ દવારા સ્વીકાર કરવામાં આવ્યો હતો.

તા.૨૪–૭–૨૦૧૪ (બીજી બેઠક) ના રોજ બીજા વારા માટે બિન સરકારી સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ–**૧૧૭** સૂચનાઓ મળી હતી, તેમાંથી બેલટમાં અગ્રતા મેળવેલ ત્રણેય સભ્યશ્રીઓએ સંકલ્પની એક એક સૂચના આપી હતી, જે

ત્રણેય દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલ સંકલ્પો પૈકી બીજા **ક્રમના** સંકલ્પના **પ્રભારી** સભ્યશ્રી ગેરહાજર રહેતા પ્રથમ અને ત્રીજા સંકલ્પ ઉપર સભાગૃહમાં ચર્ચા થઈ હતી. સભાગૃહ ધ્વારા **બંન્ને સંકલ્પોનો સ્વીકાર** કરવામાં આવ્યો હતો. **(પત્રક ક્રમાંકઃ– ૨૧ )**

## ૧૬ વિશેષાધિકાર ભંગના પ્રશ્નો

વિશેષાધિકાર ભંગની ત્રણ સૂચના મળી હતી, જેમાંથી એક સૂચના નામંજૂર કરવામાં આવેલ છે જયારે બે સૂચના માન. અધ્યક્ષશ્રીની વિચારણા હેઠળ છે.

## ૧૭. સભાગૃહના અવમાનના કિસ્સાઃ–

(૧) તા. ૨/૭/૧૪ના રોજ નિયમ–૧૧૬ અન્વયેની તાકીદની જાહેર અગત્યની બાબત પૂરી થયા બાદ વિરોધપક્ષના સભ્યો તરફથી દુષ્કાળ જાહેર કરો તેવા સૂત્રોચ્ચાર સાથે સભાગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવામાં આવતાં તથા માન. અધ્યક્ષશ્રીની વારંવારની વિનંતી છતાં વિરોધપક્ષના સભ્યો તરફથી તેમની જગ્યા પરથી ઉભા થઈને સતત સૂત્રોચ્ચાર કરી ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડતા, માન. અધ્યક્ષશ્રીએ સભાગૃહમાં હાજર રહેલ વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા તથા સભ્ય શ્રી શકિતસિંહ ગોહિલ સિવાયના ગૃહમાં હાજર વિરોધપક્ષ(કોંગ્રેસ)ના કુલ–૫૦ સભ્યશ્રીઓને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૫૧ અન્વયે તે દિવસની સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કર્યા હતા.

(૨) તા. ૩/૭/૨૦૧૪ના રોજ પ્રશ્નોત્તરીકાળ પૂરો થયા બાદ તરત જ કોગ્રેસ પક્ષના સભ્ય શ્રીમતી ચંદ્રિકાબેન બારિયાએ કાયદો અને વ્યવસ્થાના સંદર્ભમાં ચર્ચા માટે મુદ્દો ઉપસ્થિત કરવાની પરવાનગી માગતા તે નામંજૂર કરવામાં આવ્યો હતો. આથી કોગ્રેસપક્ષના સભ્યો સર્વ શ્રીમતી ચંદ્રિકાબેન બારિયા, ડો. તેજશ્રીબેન પટેલ, શ્રીમતી કામિનીબા રાઠોડ તથા શ્રી મહેન્દ્રસિંહ બારીયા સૂત્રોચ્ચાર કરતા કરતા સભાગૃહની વેલમાં ધસી આવી વેલમાં બેસી ગયા હતા. માન. અધ્યક્ષશ્રીએ ગૃહની કાર્યવાહીમાં ખલેલ પાડતા આ સભ્યોને ત્યાંથી ઉભા થઈ જવાની વિનંતી કરવા છતાં આ સભ્યશ્રીઓએ ગૃહની કાર્યવાહીમાં અંતરાય નાંખવાનુ ચાલુ રાખતા માન. અધ્યક્ષશ્રીએ ઉકત ચારેય સભ્યોને ગૃહમાંથી બહાર કાઢવા સલામતી સ્ટાફને આદેશ કરી તેમને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૫૧ અન્વયે એક દિવસ માટે સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કર્યા હતા.

(૩) તા.૪/૭/૨૦૧૪ની પ્રશ્નોત્તરી કાળ દરમિયાન" આદિવાસીઓને ન્યાય આપો " એવા સૂત્રોચ્ચાર સાથે કોંગ્રેસ પક્ષના કેટલાક સભ્યો ઉભા થઈ ગયા હતા. આ તબકકે સભ્ય શ્રીમતી ચન્દ્રિકાબેન બારીયા તથા ર્ડા. તેજશ્રીબેન પટેલ ગૃહની અંદર વેલમાં સૂત્રોચ્ચાર કરતાં - કરતા બેસી ગયા હતા. માન. અધ્યક્ષશ્રીએ તેમને ઉભા થઈ જવાની વિનંતી કરી હતી, તેમ છતાં તેઓએ સૂત્રોચ્ચાર ચાલુ રાખતા માન. અધ્યક્ષશ્રીએ તેમને એક દિવસ માટે સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કર્યા હતા. આ તબકકે અન્ય સભ્યો સર્વશ્રી ધીરુભાઈ ભીલ, અશ્વિનભાઈ કોટવાલ, જીતુભાઈ ચૌધરી, છનાભાઈ ચૌધરી, કાંતીભાઈ ખરાડી, વજેસિંહ પણદા, ગેંદાલભાઈ ડામોર, પુનાભાઈ ગામીત, અનિલ જોષીયારા, આનંદ ચૌધરી, મોહનસિંહ રાઠવા વિગેરે પણ વેલમાં ધસી આવી ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોચાડતાં માન. અધ્યક્ષશ્રીએ તેમને પણ ગૃહની કાર્યવાહીમાંથી એક દિવસ માટે દૂર કર્યા હતા. આ તબકકે સભાગૃહમાં હાજર રહેલ વિરોધપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા તથા સભ્ય શ્રી શકિતસિંહ ગોહિલ સિવાયના સભ્યશ્રીઓ પોતાના સ્થાન પર ઉભા રહી સૂત્રોચ્ચાર કરતાં માન. અધ્યક્ષશ્રીએ વિરોધપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા તથા સભ્યશ્રી શ્રી શકિતસિંહ ગોહિલ સિવાયના સભાગૃહમાં હાજર કુલ–૪૬ સભ્યશ્રીઓને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૫૧ અન્વયે એક દિવસ માટે સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કર્યા હતા.

(૪) તા.૧૬/૭/૧૪ના રોજ માગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ માન. ઉર્જા મંત્રીશ્રી આપી રહયા હતા તે દરમિયાન વિરોધપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને રજૂઆત કરતાં, માન. ઉર્જા મંત્રીશ્રીએ તેનો વિરોધ કર્યો હતા. આથી વિરોધપક્ષના સભ્યોએ તેમની જગ્યા પર ઉભા રહી સૂત્રોચ્ચાર કરી ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડતા માન. અધ્યક્ષશ્રીએ આ સભ્યોને તેમના સ્થાન ઉપર બેસી જવાની વિનંતી કરી હતી. વિરોધપક્ષના સભ્યોએ માન. અધ્યક્ષશ્રીની વિનંતીનો અનાદર કરી ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવાનું ચાલુ રાખ્યું હતુ આ દરમિયાન વિરોધપક્ષના એક સભ્ય શ્રી માનસિંહભાઈ કોહયાભાઈ ચૌહાણ તથા સભ્યશ્રી અશ્વિનભાઈ કોટવાલની હરકત ગંભીર જણાતાં, માન.આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે સભ્યશ્રી માનસિંહભાઈ કોહયાભાઈ ચૌહાણ અને સભ્યશ્રી અશ્વિનભાઈ કોટવાલને તા.૧૭/૭/૧૪ની ગૃહની કાર્યવાહી પુરી થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવાનો તથા વિરોધપક્ષના નેતા સિવાય પોતાના સ્થાન પર ઉભા રહી સૂત્રોચ્ચાર કરતાં વિરોધપક્ષના સભ્યોને તા. ૧૬/૭/૧૪ના દિવસ માટે ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કરતાં આ પ્રસ્તાવને માન. વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ટેકો આપ્યો હતો. ત્યારબાદ પ્રસ્તાવ મત માટે મૂકતા અને તે પસાર થતા, સભ્યશ્રી માનસિંહભાઈ અને સભ્યશ્રી અશ્વિનભાઈ કોટવાલને ગૃહની કાર્યવાહીમાંથી તા.૧૬/૭/૧૪ અને તા. ૧૭/૭/૧૪ એમ બે દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા

હતા. આ દરમિયાન પણ વિરોધપક્ષના સભ્યો તરફથી તેમની જગ્યા ઉપર ઉભા રહીને સૂત્રોચ્ચાર ચાલુ રાખવામાં આવતા માન. અધ્યક્ષશ્રીએ માન. વિરોધપક્ષના નેતા સિવાયના ગૃહમાં હાજર કુલ–૪૩ સભ્યોને ગૃહની કાર્યવાહીમાંથી તે દિવસનું ગૃહ પૂરુ થાય ત્યાં સુધી સસ્પેન્ડ કર્યા હતા.

બીજા દિવસે તા. ૧૭/૭/૧૪ના રોજ માન. મુખ્યદંડકશ્રી પંકજકુમાર દેસાઈએ સભ્ય શ્રી માનસિંહભાઈ કોહયાભાઈ ચૌહાણ તથા સભ્યશ્રી અશ્વિનભાઈ કોટવાલનુ સસ્પેન્શન તાત્કાલિક અસરથી રદ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો જેને માન. વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ટેકો આપતા અને પ્રસ્તાવ સર્વાનુમતે પસાર થતા સભ્ય શ્રી માનસિંહભાઈ કોહયાભાઈ ચૌહાણ તથા સભ્યશ્રી અશ્વિનભાઈ કોટવાલનુ સસ્પેન્શન તાત્કાલિક અસરથી રદ કરવામાં આવ્યુ હતુ.

(૫) સભાગૃહની તા. ૨૪/૭/૧૪ની બેઠકની શરૂઆતમાં સભ્યશ્રી રાધવજીભાઈ પટેલે નિયમ–૧૧૬ની તેઓએ આપેલ સૂચનાનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. માન. અધ્યક્ષશ્રીએ નિયમ–૧૧૬ની સૂચનાની દાખલપાત્રતા અંગે ગૃહમાં ચર્ચા ન થઈ શકે અને આ બાબતે તેમની ચેમ્બરમાં મળવા સભ્યશ્રીને જણાવ્યુ હતુ તેમ છતાં સભ્યશ્રી રાધવજીભાઈ પટેલે વારંવાર તેમની માગણી ચાલુ રાખતા અને તેમના સમર્થનમાં સભ્યશ્રી હર્ષદભાઈ રીબડીયા અને સભ્યશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ તેમની જગ્યા ઉપરથી ઉભા થઈ વિરોધ કરતાં, માન. અધ્યક્ષશ્રીએ તેઓને પણ બેસી જવાની વિનંતી કરી હતી તેમ છતાં, તેઓએ માન. અધ્યક્ષશ્રીની સૂચનાનો અનાદર કરતાં માન. અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી રાધવજીભાઈ પટેલ, સભ્યશ્રી હર્ષદભાઈ રીબડીયા અને સભ્યશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાને ગુજરાત વિધાનસસભાના નિયમોના નિયમ–૫૧ અન્વયે તા. ૨૪/૭/૧૪ની સભાગૃહની પહેલી બેઠકના વિરામ સુધી સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કર્યા હતા.

(૬) તા.૨૪/૦૭/૧૪ના રોજ સભાગૃહની બીજી બેઠકમાં માંગણીઓ ઉપરની ચર્ચા દરમિયાન માન. કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા જવાબ આપી રહયા હતા તે વખતે કોગ્રેંસ પક્ષના સભ્યો અચાનક તેમની જગ્યા ઉપર ઉભા થઈ ગયા હતા. માન. અધ્યક્ષશ્રીએ તેમને બેસી જવાની અને માન. મંત્રીશ્રીને સાંભળવાની વિનંતી કરી હતી પરંતુ કોંગ્રેસ પક્ષના સભ્યો તેમની જગ્યાએ ઉભા રહી **દારૂની દલાલી બંધ કરો** ના સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા. આ તબકકે કોગ્રેસ પક્ષના કેટલાક સભ્યશ્રીઓએ પ્લેકાર્ડ દર્શાવી સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખ્યું હતું અને તેમની પાસે રહેલા કાગળીયા ફાડીને ઉછાળ્યા હતા. માન. અધ્યક્ષશ્રીએ તેમને બેસી જવાની વારંવાર સૂચના આપવા છતાં આ સભ્યો તરફથી ગૃહની કાર્યવાહીમાં અંતરાય નાખવાનું ચાલુ રહેતા માન. અધ્યક્ષશ્રીએ સભાગૃહમાં હાજર વિરોધપક્ષ (કોંગ્રેસ)ના કુલ–૪૬ સભ્યશ્રીઓને ગુજરાત વિધાનસસભાના નિયમોના નિયમ–૫૧ અન્વયે સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કર્યા હતા.

(૭) તા.૨૫/૦૭/૨૦૧૪ સભાગૃહની બીજી બેઠક શરૂ થઈ તે દરમિયાન વિરોધપક્ષ (કોંગ્રેસ)ના સભ્યો તેમની જગ્યા ઉપર ઉભા થઈ ગયાં હતા અને કેગનો રીપોર્ટ વહેલો રજૂ કરવા માટે ગૃહમાં રજૂઆત કરી હતી. આ બાબતે કેટલીક ચર્ચા બાદ માન. અધ્યક્ષશ્રીએ કેગનો રીપોર્ટ સભાગૃહમાં રજૂ કરવા સંબંધમાં તેમનું રૂલીંગ આપી દીધુ હોવા છતાં વિરોધપક્ષ(કોંગ્રેસ)ના સભ્યોએ તેમની પાસેના પ્લેકાર્ડ તથા ગળામાં શાકભાજીના હાર પહેરીને તેનું પ્રદર્શન કર્યું હતુ અને સરકાર વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું હતું. માન. અધ્યક્ષશ્રીએ આ સભ્યોને બેસી જવાની વારંવાર વિનંતી કરી હતી. પણ વિરોધપક્ષ (કોંગ્રેસ)ના સભ્યોએ તેમનો વિરોધ પ્રદર્શન ચાલુ રાખીને સભાગૃહની કાર્યવાહીમાં સતત વિક્ષેપ નાંખવાનું ચાલુ રાખ્યું હતું. આથી માન. અધ્યક્ષશ્રીએ માન. વિરોધપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા અને સભ્ય શ્રી શકિતસિંહ ગોહિલ સિવાય સભાગૃહમાં હાજર વિરોધપક્ષના (કોંગ્રેસ) કુલ–૪૨ સભ્યશ્રીઓને ગુજરાત વિધાનસસભાના નિયમોના નિયમ–૫૧ અન્વયે સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કર્યા હતા.

### ૧૮. પોઈન્ટ ઓફ ઓર્ડરઃ–

સત્ર દરમ્યાન કુલ ૭ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવ્યા હતા. તેમાંથી ૪ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા હતા અને ૩ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા ન હતા. એટલે કે ૫૮ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય અને ૪૨ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા ન હતા.

### ૧૯. યાદગાર બનાવોઃ–

૧. <u>કોંગ્રેસ પક્ષના ધારાસભ્યશ્રીના પ્રશ્નો રદ કરવાના મામલે સૂત્રોચ્ચાર અને સસ્પેન્શન</u>

ગુજરાત વિધાનસભાના તા.૪થી જુલાઈ, ૨૦૧૪ ના રોજ મળેલા ગૃહમાં પ્રશ્નોત્તરી દરમ્યાન પ્રશ્ન અગ્રતાક્રમ-૪ હાથ પર લેવાનાં સમયે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું કે છેલ્લા કેટલાક સમયથી મંત્રીશ્રીની વિનંતી થી પ્રશ્નો રદ કરવાની પ્રણાલી શરૂ થઈ છે. જે ઉચિત નથી અધ્યક્ષશ્રીની પરવાનગીથી દાખલ થયેલ પ્રશ્ન મંત્રીશ્રીની વિનંતીથી રદ કરી શકાય તેવું કોઈ

પ્રોવિઝન નથી. વળી, આજ પ્રકારના અગ્રતા ક્રમાંક -૧૦ પર રહેલા પ્રશ્નોનો જવાબ આપવામાં આવેલ છે. જ્યારે કોંગ્રેસ પક્ષના ૪ ધારાસભ્યશ્રીના પ્રશ્નો રદ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબત પ્રશ્નોત્તરી સમય પછી ઉઠાવવાની પરવાનગી આપીશ તેમ જણાવી પ્રશ્નોત્તરી કાળ આગળ ચલાવવા દેવા વિનંતી કરી.

આમ, છતાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત કોંગ્રેસ પક્ષના મોટાભાગના સભ્યશ્રીઓએ ઉભા થઈ સતત રજૂઆત કરતા માનનીય અધ્યક્ષશ્રીએ અગ્રતા ક્રમાંક-૧૦ પરનો પ્રશ્ન માત્ર એક વિભાગ પુરતો છે. જ્યારે રદ કરાયેલ પ્રશ્નમાં તમામ વિભાગોના પ્રશ્નો પૂછેલ છે. તેમ છતાં સભ્યશ્રીઓના અધિકારોનું હું રક્ષણ કરીશ. પરંતુ આપ આ બાબત પ્રશ્નોત્તરી કાળ પછી ઉઠાવજો, કેમ કે પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન કોઈ બાબત ઉઠાવી શકાતી નથી. તેમ જણાવ્યું હતું

આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યો શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા તથા ડૉ.તેજશ્રીબેન પટેલ વેલમાં આવીને બેસી ગયા હતાં. માનનીય અધ્યક્ષશ્રીએ તેમને પોતાના સ્થાને પરત જવા વિનંતી કરતાં પણ તેઓ પરત પોતાના સ્થાને ન જતાં માનનીય અધ્યક્ષશ્રીએ આ બન્ને સભ્યશ્રીઓને એક દિવસ માટે સસ્પેન્ડ કરી મહિલા કોન્સ્ટેબલો મારફતે તેમને ગૃહની બહાર લઈ જવા આદેશ કર્યો હતો.

ત્યારબાદ શ્રી અશ્વિનભાઈ કોટવાલ, શ્રી ધીરૂભાઈ ભીલ,શ્રી જીતુભાઈ ચૌધરી, શ્રી છનાભાઈ ચૌધરી, શ્રી કાન્તિભાઈ ખરાડી,શ્રી વજેસિંગભાઈ પણદા,શ્રી ગેંદાલભાઈ ડામોર, શ્રી પુનાભાઈ ગામીત, ડૉ.અનિલભાઈ જોષીયારા, શ્રી આનંદભાઈ ચૌધરી, શ્રી મોહનસિંહ રાઠવા વેલમાં આવીને બેસી ગયા હતા.

માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં આવેલા સભ્યશ્રીઓને તેમના સ્થાન લેવા વિનંતી કરી હતી. પણ તેઓ તેમના સ્થાને ન જતા માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં આવેલ ઉક્ત સભ્યશ્રીઓને એક દિવસ માટે સસ્પેન્ડ કરવાનો અને સાર્જન્ટની મદદથી તેમને ગૃહની બહાર લઈ જવાનો આદેશ કર્યો હતો.

ત્યારબાદ પણ ગૃહમાં સતત સૂત્રોચ્ચાર ચાલુ રહેતા માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા અને સભ્ય શ્રી શક્તિસિંહ ગોહિલ સિવાયના કોંગ્રેસપક્ષના બાકી રહેલા સભાગૃહમાં ઉપસ્થિત સભ્યોને એક દિવસ માટે સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો હતો.

ત્યારબાદ કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યો ગૃહ છોડી ગયા હતાં.

૨. <u>વિરોધપક્ષના નેતાશ્રીની અટકાયત અંગે અધ્યક્ષશ્રીએ જાણકારી આપી.</u>

ગુજરાત વિધાનસભાના તા.૮ મી જુલાઈ ૨૦૧૪, ના રોજ મળેલા ગૃહમાં માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી કે પોલીસ અધિક્ષકશ્રી મહેસાણા તરફથી તેમને આજ રોજ મળેલ ફેક્સ મેસેજ અનુસાર પરવાનગી વગર રેલી અને સભાનું આયોજન કરવા બદલ કપડવંજ વિસ્તારના ધારાસભ્ય અને વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા, કડી વિસ્તારના ધારાસભ્યશ્રી રમેશભાઈ ચાવડા, તથા કલોલ વિસ્તારના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોરને ગુજરાત પોલીસ એક્ટની કલમ ૬૮ હેઠળ આજ રોજ તા.૮/૭/૨૦૧૪ના રોજ સવારના ૧૦.૫૦ કલાકે ચાંદરડા વિલેજ સીમ, તા.કડી, જિ.મહેસાણા મુકામેથી અટકાયત કરવામાં આવેલ છે અને તેમને પોલીસ હેડક્વાર્ટર સે.૨૭ ગાંધીનગર ખાતે લઈ જવામાં આવેલ છે તેમજ ગુજરાત પોલીસ એક્ટની કલમ ૬૯ હેઠળ બપોરના ૧૨.૪૫ કલાકે મુક્ત કરવામાં આવેલ છે.

અગાઉ તા.૧૯મી માર્ચ ૧૯૮૭ ના રોજ વિરોધપક્ષના નેતાશ્રી ચીમનભાઈ પટેલને વિધાનસભાગૃહમાં હાજરી આપવા આવતા હતા ત્યારે તેમને પોલીસે રોક્યા હતાં. અને તા. ૧લી એપ્રિલ, ૨૦૧૩ ના રોજ વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાને ગાંધીનગરમાં પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશવા બદલ અટકાયત કરવામાં આવી હતી.

૩. માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ દ્વારા માગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતી વખતે ઉચ્ચારેલા કેટલાક શબ્દો સામે વિરોધ પ્રદર્શિત કરી રહેલા વિરોધપક્ષના નેતાશ્રી સિવાયના કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યો એક દિવસ માટે સસ્પેન્ડ.

---

ગુજરાત વિધાનસભાના તા.૧૬મી જુલાઈ ૨૦૧૪ના રોજ મળેલા ગૃહમાં માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા ત્યારે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ખાનગી વીજ કંપની અને સરકારી વીજ કંપનીઓના ટી .એન .ડી. લોસ ના આંકડા અલગ આપવામાં આવે તો અમને ખ્યાલ આવી શકે તેમ જણાવ્યુ હતું. માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે અધ્યક્ષશ્રીને ઉદ્દેશીને કહ્યુ કે આ યોગ્ય નથી. મેં તમામ સભ્યોને શાંતિથી સાંભળ્યા છે ત્યારે આ રીતે વચ્ચે કોઈ બાબત ઉપસ્થિત થાય તો આપે એમને રોકવા જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી મારી મંજૂરીથી ઉભા થયા હતા અને તેમને આપણે સાંભળવા જોઈએ.

આ તબક્કે માનનીય મંત્રીશ્રીએ જવાબ આપતી વખતે ઉચ્ચારેલા કેટલાક શબ્દો સામે વિરોધ પ્રદર્શિત કરી વિરોધપક્ષના નેતાશ્રી સિવાયના કોંગ્રેસ પક્ષના તમામ સભ્યો પોતાની જગ્યાએથી ઉભા થઈને સતત સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા.

**૨૦. નાણાકીય સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી** :

**માનનીય અધ્યક્ષશ્રીએ તા.૨૧/૨/૨૦૧૪ના રોજ અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર પંદર- પંદર સભ્યોની** ચૂંટણી **કરવા માટેના કાર્યક્રમની સભાગ્રુહ માં જાહેરાત કરી હતી.**

૨૦ **.(૧ ) સમિતિની બેઠકો:–**

| **સમિતિનું નામ** | **બેઠકોની તારીખ** |
|---|---|
| (૧) કામકાજ સલાહકાર સમિતિ : | (૧) ૩૦/૬/૨૦૧૪<br>(૨) ૨૨/૭/૨૦૧૪ |
| (૨) બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ : | (૧) ૧/૭/૨૦૧૪<br>(૨) ૮/૭/૨૦૧૪<br>(૩) ૧૫/૭/૨૦૧૪<br>(૪) ૨૨/૭/૨૦૧૪ |
| ( 3 ) અંદાજ સમિતિ | ૩/ ૭/ ૨૦૧૪ |

## ૨૧. સભાગૃહમાં રજૂ થયેલા/ચર્ચાયેલા ગૃહની સમિતિના અહેવાલો:–

| સમિતિ | અહેવાલ | અહેવાલ રજૂ થયા તારીખ | ચર્ચાયા તારીખ |
|---|---|---|---|
| કામકાજ સલાહકાર સમિતિ | ચોથો અહેવાલ | ૧/૭/૨૦૧૪ | ૧/૭/૨૦૧૪ |
| કામકાજ સલાહકાર સમિતિ | પાંચમો અહેવાલ | ૨૨/૭/૨૦૧૪ | ૨૨/૭/૨૦૧૪ |
| બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | બીજો અહેવાલ<br>ત્રીજો અહેવાલ<br>ચોથો અહેવાલ<br>પાંચમો અહેવાલ | ૨/૭/૨૦૧૪<br>૯/૭/૨૦૧૪<br>૧૬/૭/૨૦૧૪<br>૨૩/૭/૨૦૧૪ | ૨/૭/૨૦૧૪<br>૯/૭/૨૦૧૪<br>૧૬/૭/૨૦૧૪<br>૨૩/૭/૨૦૧૪ |
| અંદાજ સમિતિ | પ્રથમ અહેવાલ | ૯/ ૭/૨૦૧૪ | |
| જાહેર સાહસો માટેની સમિતિ | બીજો અહેવાલ | ૧૫/ ૭/૨૦૧૪ | – |

## ૨૨ વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો (અધિસૂચનાઓ / અહેવાલો સિવાય)

| અ. નં. | વિગત | મેજ ઉપર મૂક્યા તારીખ |
|---|---|---|
| ૧. | ગુજરાત સરકારના સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષના નાણાકીય હિસાબો (ભાગ–૧ અને ભાગ–૨) (અંગ્રેજી તથા ગુજરાતી) | ૨૫/૭/૨૦૧૪ |
| ૨. | ગુજરાત સરકારના સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી) | ૨૫/૭/૨૦૧૪ |
| ૩. | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષનો ઓડિટ અહેવાલ (રાજ્યની નાણાકીય પરિસ્થિતિ) (અંગ્રેજી તથા ગુજરાતી) | ૨૫/૭/૨૦૧૪ |
| ૪. | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષનો ઓડિટ અહેવાલ (મહેસૂલ ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી) | ૨૫/૭/૨૦૧૪ |
| ૫. | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષનો ઓડિટ અહેવાલ (જાહેર સાહસો) (અંગ્રેજી તથા ગુજરાતી) | ૨૫/૭/૨૦૧૪ |
| ૬. | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષનો ઓડિટ અહેવાલ (આર્થિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી) | ૨૫/૭/૨૦૧૪ |
| ૭. | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષનો ઓડિટ અહેવાલ (સામાન્ય અને સામાજિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી) | ૨૫/૭/૨૦૧૪ |
| ૮. | સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષનો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૫/૭/૨૦૧૪ |

### ૨૩. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો :–

ભારતના બંધારણ અથવા પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ અન્વયે સરકારી કંપની, બોર્ડ કે કોર્પોરેશનના કુલ ૪૯ અહેવાલો તથા ૧૬ સરકારી અધિસૂચનાઓ સત્ર દરમિયાન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી હતી. **( પત્રક ક્રમાંક : ૨૨)**

### ૨૪. વિધાનસભામાં પક્ષવાર પરિસ્થિતિઃ–

તેરમી ગુજરાત વિધાનસભાના સભ્યોની તા.૨૫/૭/૨૦૧૪ની સ્થિતિએ પક્ષવાર પરિસ્થિતિ નીચે મુજબ છે.

| **અ.નં** | **પક્ષનું નામ** | **સભ્ય સંખ્યા** |
|---|---|---|
| ૧ | ભારતીય જનતા પક્ષ | ૧૧૪ |
| ૨ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૫૫ |
| ૩ | રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી | ૦૨ |
| ૪ | જનતા દળ (યુનાઈટેડ) | ૦૧ |
| ૫ | અપક્ષ | ૦૧ |
| ૬ | ખાલી | ૦૯ |
| | **કુલ** | **૧૮૨** |

### ૨૫. ખરેખર થયેલ કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી :–

સત્ર દરમિયાન ખરેખર કામકાજ થયા પ્રમાણે સભાઓની તારીખવાર યાદી **પત્રક ક્રમાંક : ૨૩** માં આપવામાં આવી છે.

### ૨૬. રોજેરોજના કામકાજનો સારાંશ

સત્ર દરમિયાન વિધાનસભાએ કરેલા રોજેરોજના કામકાજનો સારાંશ **(પત્રક ક્રમાંકઃ–૨૪ )**માં દર્શાવેલ છે.

### ૨૭. વિધાનસભાની ચર્ચામાં જુદા જુદા સભ્યોનો ફાળો

સત્ર દરમિયાન સભ્યશ્રીઓએ જુદા જુદા કામકાજની ચર્ચામાં કેટલી વખત ભાગ લીધો તે અંગેની વિગતો **(પત્રક ક્રમાંકઃ– ૨૫ )**માં દર્શાવવામાં આવી છે.

### ૨૮. શોક દર્શક ઉલ્લેખ :–

**સત્ર દરમિયાન નીચે દર્શાવેલ કુલ-૫ (પાંચ) મહાનુભાવોના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા. (પત્રક ક્રમાંકઃ–૨૬ )**

### ૨૯. સભાત્યાગઃ–

૧. <u>તા.૩–૭–૨૦૧૪</u>

તા.૩–૭–૨૦૧૪ના રોજ પ્રશ્નોત્તરી બાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા તથા સભ્ય શ્રીમતી ચંદ્રિકાબેન બારીયાએ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે શૂન્યકાળનો મુદ્દો ઉપસ્થિત કરવા પ્રયાસ કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ આ અંગે સંબંધિત મંત્રીશ્રી અને અધ્યક્ષશ્રીની પરવાનગી મળેલ ન હોવાથી આજે આ મુદ્દો ઉપસ્થિત કરી શકાય નહીં તેમ જણાવતાં, કોંગ્રેસ પક્ષના કેટલાંક સભ્યશ્રીઓ વેલમાં આવી બેસી જતાં માનનીય અધ્યક્ષશ્રીએ તેમને પોતાના સ્થાને પરત જવાની કરેલ વિનંતી પછી પણ તેઓ પોતાના સ્થાને પરત ન જતાં, વેલમાં આવી ગયેલ સભ્યશ્રીઓને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી.

આ તબકકે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

૨. તા.૧૬–૭–૨૦૧૪

માગણીઓ પરની ચર્ચાના જવાબ દરમ્યાન, માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે ઉચ્ચારેલા કેટલાક શબ્દો બાબતે, કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓએ વિરોધ કરી સૂત્રોચ્ચાર કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ વાંધાજનક કે અપમાનજનક શબ્દો હશે તો રેકર્ડ ચકાસીને તેવા શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવશે તેમ જણાવ્યું. ત્યારબાદ પણ માનનીય અધ્યક્ષશ્રીની સૂચનાનું પાલન ન થતાં, વેલમાં આવીને કાગળો ફાડવા અને અપમાનજનક શબ્દોનું ઉચ્ચારણ કરવા બદલ બે સભ્યશ્રીઓને બે દિવસ માટે તથા અન્ય સભ્યશ્રીઓને એક દિવસ માટે સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે રજૂ કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ પ્રસ્તાવ મત માટે મૂકયો અને મંજૂર થતાં, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી સિવાય કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યોને એક દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા.

આ તબકકે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ વિરોધ વ્યકત કરી સભાત્યાગ કર્યો.

**૩૦. વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલ પ્રેક્ષકો :–**

| ક્રમ | વિગત | પેક્ષકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | રાજયપાલ ગેલેરી | -- |
| ૨ | અધ્યક્ષ ગેલેરી | ૪૨૨૬ |
| ૩ | અતિથિ વિશેષ ગેલેરી | ૧૭૮૮ |
| ૪ | પ્રેક્ષક ગેલેરી | ૧૮૧૪ |
| ૫ | શૈક્ષણિક તેમજ સામાજિક સંસ્થાઓમાંથી આવેલ મુલાકાતીઓ (કુલ-૨૩૪ ગ્રુપ પાસ) | ૨૧૪૧૧ |
| | **કુલઃ** | **૨૯૨૩૯** |

**પત્રક ક્રમાંક :–૧**

**(જુઓ ફકરા ક્રમાંક :–૧)**

સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલો સમય અને ટકાવારી

| **ક્રમ** | **કામકાજનો વિષય** | **કલાક** | **મિનિટ** | **ટકાવારી** |
|---|---|---|---|---|
| **(૧)** | **(૨)** | **(૩)** | **(૪)** | **(૫)** |
| ૧. | પ્રશ્નોત્તરી | ૧૮ | ૫૭ | **૨૨.૩૪** |
| ૨. | વિધેયકો | | | |
| | (અ) સરકારી વિધેયકો | ૪ | ૫૬ | **૫.૮૨** |
| | (બ) બિન સરકારી વિધેયકો | ૨ | ૨૭ | **૨.૮૯** |
| ૩. | અંદાજપત્ર પર ચર્ચા | ૫૦ | ૪૮ | **૫૯.૮૮** |
| ૪. | પ્રસ્તાવો | | | |
| | (અ) સભા–મોકૂફીના પ્રસ્તાવો | – | – | – |
| | (બ) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરતા પ્રસ્તાવો | – | – | – |
| | (ક) બીજા પ્રસ્તાવો– સરકારી, **બિન સરકારી** તેમજ બીજા પ્રસ્તાવો સહિત | ૦ | ૪૫ | **૦.૮૮** |
| ૫. | રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા | – | – | **–** |
| ૬. | બિન સરકારી સંકલ્પો | ૩ | ૦૭ | **૩.૬૭** |
| ૭. | વૈધાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | – | – | – |
| ૮. | વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા | ૦ | ૧૪ | **૦.૨૮** |
| ૯. | અન્ય બાબતો | ૩ | ૩૬ | **૪.૨૪** |
| | | | | |
| કુલ ...... | | ૮૪ | ૫૦ | **૧૦૦** |

**પત્રક ક્રમાંક :–૨**
**(જુઓ ફકરા ક્રમાંક :–૨)**
સત્ર દરમિયાન સભાગૃહની બેઠકોની તારીખ અને સમય

| **કામકાજના દિવસો : ૧૯** | | | **સભાગૃહની બેઠકો : ૨૨** | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમાંક | વાર | તારીખ | બેઠકનો સમયગાળો | | રિશેષ/ મુલતવી | **બેઠકનો ખરેખર સમય ક.મિ.** |
| | | | બેઠક શરૂ થવાનો સમય | બેઠક પૂરી થવાનો સમય | | |
| ૧ | મંગળવાર | ૧–૭–૨૦૧૪ | ૧૨.૦૦ | ૩.૩૦ | –– | **૩.૩૦** |
| ૨. | બુધવાર | ૨–૭–૨૦૧૪ | ૧૨.૦૦ | ૪.૪૯ | ૦.૪૫ | **૪.૦૪** |
| ૩ | ગુરૂવાર | ૩–૭–૨૦૧૪ | ૧૨.૦૦ | ૪.૦૪ | ૧.૨૫ | **૨.૩૯** |
| ૪ | શુક્રવાર | ૪–૭–૨૦૧૪ | ૮.૩૦ | ૧૦.૪૪ | –– | **૨.૧૪** |
| ૫ | સોમવાર | ૭–૭–૨૦૧૪ | ૧૨.૦૦ | ૫.૧૫ | ૦.૪૫ | **૪.૩૦** |
| ૬ | મંગળવાર | ૮–૭–૨૦૧૪ | ૧૨.૦૦ | ૫.૧૫ | ૦.૪૫ | **૪.૩૦** |
| ૭ | બુધવાર | ૯–૭–૨૦૧૪ | ૧૨.૦૦ | ૫.૧૫ | ૦.૪૫ | **૪.૩૦** |
| ૮ | ગુરૂવાર | ૧૦–૭–૨૦૧૪ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧.૦૨ | ૦.૩૦ | **૪.૦૨** |
| ૯ | " | ૧૦–૭–૨૦૧૪ (બીજી બેઠક) | ૨.૩૦ | ૫.૨૪ | – | **૨.૫૪** |
| ૧૦ | શુક્રવાર | ૧૧–૭–૨૦૧૪ | ૮.૩૦ | ૧.૦૬ | ૦.૩૦ | **૪.૦૬** |
| ૧૧ | સોમવાર | ૧૪–૭–૨૦૧૪ | ૧૨.૦૦ | ૫.૦૭ | ૦.૪૫ | **૪.૨૨** |
| ૧૨ | મંગળવાર | ૧૫–૭–૨૦૧૪ | ૧૨.૦૦ | ૫.૧૮ | ૦.૪૫ | **૪.૩૩** |
| ૧૩ | બુધવાર | ૧૬–૭–૨૦૧૪ | ૧૨.૦૦ | ૫.૧૫ | ૦.૪૫ | **૪.૩૦** |
| ૧૪ | ગુરૂવાર | ૧૭–૭–૨૦૧૪ | ૧૨.૦૦ | ૪.૫૩ | ૦.૪૫ | **૪.૦૮** |
| ૧૫ | શુક્રવાર | ૧૮–૭–૨૦૧૪ | ૮.૩૦ | ૧.૦૩ | ૦.૩૦ | **૪.૦૩** |
| ૧૬ | સોમવાર | ૨૧–૭–૨૦૧૪ | ૧૨.૦૦ | ૫.૧૪ | ૦.૪૫ | **૪.૨૯** |
| ૧૭ | મંગળવાર | ૨૨–૭–૨૦૧૪ | ૧૨.૦૦ | ૫.૨૧ | ૦.૪૫ | **૪.૩૬** |
| ૧૮ | બુધવાર | ૨૩–૭–૨૦૧૪ | ૧૨.૦૦ | ૫.૨૭ | ૦.૪૫ | **૪.૪૨** |
| ૧૯ | ગુરૂવાર | ૨૪–૭–૨૦૧૪ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧.૦૬ | ૦.૩૦ | **૪.૦૬** |
| ૨૦ | " | ૨૪–૭–૨૦૧૪ (બીજી બેઠક) | ૨.૩૦ | ૬.૧૯ | ૦.૩૦ | **૩.૧૯** |
| ૨૧ | શુક્રવાર | ૨૫–૭–૨૦૧૪ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧૨.૦૧ | ૦.૩૦ | **૩.૦૧** |
| ૨૨ | " | ૨૫–૭–૨૦૧૪ (બીજી બેઠક) | ૧.૩૦ | ૩.૩૨ | – | **૨.૦૨** |
| | | **સભાગૃહનો ખરેખર કુલ સમય .....** | | | | ૮૪.૫૦ |

પત્રક ક્રમાંક :–૩

(જુઓ ફકરા ક્રમાંક : ૩ )

સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી

(માનનીય અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષ, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી , મુખ્યદંડકશ્રી ,નાયબ મુખ્ય દંડક શ્રી, દંડકશ્રી અને સંસદીય સચિવશ્રી સિવાય)

| અ.નુ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર હાજરી | કુલ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી શકિતસિંહ હરિચંદ્રસિંહજી ગોહિલ | ૧૯ | ૩ | ૨૨ | |
| ૨ | શ્રી તારાચંદ જગશી છેડા મંત્રીશ્રી | – | – | – | |
| ૩ | ડો.નીમાબેન આચાર્ય | ૧૯ | ૩ | ૨૨ | |
| ૪ | શ્રી વાસણભાઈ ગોપાલભાઈ આહિર | ૧૯ | ૩ | ૨૨ | |
| ૫ | શ્રી રમેશ વચ્છરાજ મહેશ્વરી | ૨૨ | – | ૨૨ | |
| ૬ | શ્રી પંકજ ભાઈ અનોપચંદ મહેતા | ૧૯ | ૩ | ૨૨ | |
| ૭ | શ્રી શંકરભાઈ લગધીરભાઈ ચૌધરી મંત્રીશ્રી | – | – | – | |
| ૮ | શ્રી પરબતભાઈ સવાભાઈ પટેલ | ૨૧ | ૧ | ૨૨ | |
| ૯ | શ્રી જોઈતાભાઈ કસ્નાભાઈ પટેલ | ૨૨ | – | ૨૨ | |
| ૧૦ | શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી | ૧૯ | ૩ | ૨૨ | |
| ૧૧ | શ્રી મણીલાલ જેઠાભાઈ વાઘેલા | ૨૨ | – | ૨૨ | |
| ૧૨ | શ્રી મહેશકુમાર અમૃતલાલ પટેલ | ૨૨ | – | ૨૨ | |
| ૧૩ | ખાલી | – | – | – | |
| ૧૪ | શ્રી કેશાજી શિવાજી ચૌહાણ | ૨૨ | – | ૨૨ | |
| ૧૫ | શ્રી ધારશીભાઈ લખાભાઈ ખાનપુરા | ૨૨ | – | ૨૨ | |
| ૧૬ | શ્રી નાગરજી હરચંદજી ઠાકોર | ૧૯ | ૩ | ૨૨ | |
| ૧૭ | શ્રી દિલીપકુમાર વીરાજીભાઈ ઠાકોર મંત્રીશ્રી | – | – | – | |
| ૧૮ | શ્રી રણછોડભાઈ મહીજીભાઈ દેસાઈ | ૨૧ | ૧ | ૨૨ | |
| ૧૯ | શ્રી બલવંતસિંહ ચંદનસિંહ રાજપૂત | ૨૨ | – | ૨૨ | |
| ૨૦ | શ્રી ભરતસિંહજી શંકરજી ડાભી | ૧૮ | ૪ | ૨૨ | |
| ૨૧ | શ્રી નારાયણભાઈ લલ્લુદાસ પટેલ | ૨૧ | ૧ | ૨૨ | |
| ૨૨ | શ્રી ઋષિકેશ ગણેશભાઈ પટેલ | ૨૧ | ૧ | ૨૨ | |
| ૨૩ | શ્રી રજનીકાન્ત સોમાભાઈ પટેલ મંત્રીશ્રી | – | – | – | |
| ૨૪ | શ્રી રમેશભાઈ મગનભાઈ ચાવડા | ૨૧ | ૧ | ૨૨ | |
| ૨૫ | શ્રી નીતિનકુમાર રતીલાલ પટેલ મંત્રીશ્રી | – | – | – | |
| ૨૬ | શ્રી પ્રહલાદભાઈ ઈશ્વરભાઈ પટેલ | ૧૯ | ૩ | ૨૨ | |
| ૨૭ | શ્રી રાજેન્દ્રસિંહ રણજીતસિંહ ચાવડા | ૨૦ | ૨ | ૨૨ | |
| ૨૮ | શ્રી રમણલાલ ઈશ્વરલાલ વોરા મંત્રીશ્રી | – | – | – | |
| ૨૯ | શ્રી અશ્વિન કોટવાલ | ૨૦ | ૨ | ૨૨ | સસ્પેન્સનના કારણે ૧ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૩૦ | ડૉ. અનિલ જોષિયારા | ૨૧ | ૧ | ૨૨ | |
| ૩૧ | શ્રી રાજેન્દ્રસિંહ શિવસિંહ ઠાકોર | ૨૧ | ૧ | ૨૨ | |
| ૩૨ | શ્રી મહેન્ãસિંહ શંકરસિંહ વાઘેલા | ૨૨ | – | ૨૨ | |
| ૩૩ | શ્રી મહેન્દ્રસિંહ કચરસિંહ બારૈયા | ૨૧ | ૧ | ૨૨ | |
| ૩૪ | શ્રીમતી કામીનીબા ભુપેન્દ્રસિંહ રાઠોડ | ૧૧ | ૧૧ | ૨૨ | |
| ૩૫ | શ્રી શંભુજી ચેલાજી ઠાકોર | ૨૨ | – | ૨૨ | |
| ૩૬ | શ્રી અશોકકુમાર રણછોડભાઈ પટેલ | ૧૯ | ૩ | ૨૨ | |
| ૩૭ | શ્રી અમિતભાઈ હરિસિંગભાઈ ચૌધરી | ૨૨ | – | ૨૨ | |
| ૩૮ | શ્રી બળદેવજી ચંદુજી ઠાકોર | ૧૩ | ૯ | ૨૨ | |
| ૩૯ | ડૉ.તેજશ્રીબેન દિલીપકુમાર પટેલ | ૨૧ | ૧ | ૨૨ | |
| ૪૦ | શ્રી કરમશીભાઈ વિરજીભાઈ પટેલ | ૨૨ | – | ૨૨ | |
| ૪૧ | શ્રીમતી આનંદીબેન મફતલાલ પટેલમુખ્ય મંત્રીશ્રી | – | – | – | |
| ૪૨ | શ્રી કિશોરસિંહ બાબુલાલ ચૌહાણ | ૨૧ | ૧ | ૨૨ | |
| ૪૩ | શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ જાડેજા મંત્રીશ્રી | – | – | – | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૪ | શ્રી રાકેશભાઈ જશવંતલાલ શાહ | ૨૧ | ૧ | ૨૨ | |
| ૪૫ | શ્રી અમિત શાહ | – | ૨૨ | ૨૨ | |
| ૪૬ | શ્રી જગદીશભાઈ ઈશ્વરભાઈ પંચાલ | ૨૧ | ૧ | ૨૨ | |
| ૪૭ | ડૉ. નિર્મલાબેન સુનીલભાઈ વાધવાણી | ૨૦ | ૨ | ૨૨ | |
| ૪૮ | શ્રી વલ્લભભાઈ ગોબરભાઈ કાકડીયા | ૨૨ | – | ૨૨ | |
| ૪૯ | શ્રી જગરૂપસિંહ ગીરદાનસિંહ રાજપૂત | ૨૨ | – | ૨૨ | |
| ૫૦ | શ્રી હસમુખભાઈ સોમાભાઈ પટેલ | ૨૨ | – | ૨૨ | |
| ૫૧ | શ્રી ગ્યાસુદ્દીન હબીબુદ્દીન શેખ | ૧૩ | ૯ | ૨૨ | |
| ૫૨ | શ્રી ભૂષણ અશોક ભટ્ટ | ૨૦ | ૨ | ૨૨ | |
| ૫૩ | ખાલી | – | – | – | |
| ૫૪ | શ્રી શૈલેષ મનુભાઈ પરમાર | ૨૨ | – | ૨૨ | |
| ૫૫ | શ્રી અરવિંદકુમાર ગાંડાલાલ પટેલ | ૧૮ | ૪ | ૨૨ | |
| ૫૬ | શ્રી રજનીકાંત મોહનલાલ પટેલ | ૨૨ | – | ૨૨ | |
| ૫૭ | શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ | ૨૧ | ૧ | ૨૨ | |
| ૫૮ | શ્રી ભૂપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા મંત્રીશ્રી | – | – | – | |
| ૫૯ | શ્રી લાલજીભાઈ ચતુરભાઈ કોળીપટેલ | ૨૨ | – | ૨૨ | |
| ૬૦ | શ્રી પુનમભાઈ કાળાભાઈ મકવાણા | ૨૨ | – | ૨૨ | |
| ૬૧ | શ્રી કિરીટસિંહ જીતુભા રાણા | ૧૬ | ૬ | ૨૨ | |
| ૬૨ | શ્રીમતી વર્ષાબેન નરેન્દ્રભાઈ દોશી | ૨૧ | ૧ | ૨૨ | |
| ૬૩ | શ્રી શામજીભાઈ ભીમજીભાઈ ચૌહાણ | ૧૭ | ૫ | ૨૨ | |
| ૬૪ | શ્રી જયંતિભાઈ રામજીભાઈ કવાડીયા મંત્રીશ્રી | – | – | – | |
| ૬૫ | શ્રી કાંતિલાલ શીવલાલ અમૃતિયા | ૨૨ | – | ૨૨ | |
| ૬૬ | ખાલી | – | – | – | |
| ૬૭ | શ્રી મહમદજાવીદ અબ્દુલમુતલીબ પીરઝાદા | ૨૦ | ૨ | ૨૨ | |
| ૬૮ | શ્રી ઈન્દ્રનિલભાઈ સંજયભાઈ રાજયગુરૂ | ૧૨ | ૧૦ | ૨૨ | |
| ૬૯ | શ્રી વજુભાઈ રૂડાભાઈ વાળા માન..અધ્યક્ષશ્રી | – | – | – | |
| ૭૦ | શ્રી ગોવિંદભાઈ ઉકાભાઈ પટેલ મંત્રીશ્રી | – | – | – | |
| ૭૧ | શ્રીમતી ભાનુબેન મનોહરભાઈ બાબરીયા | ૨૨ | – | ૨૨ | |
| ૭૨ | શ્રી ભોળાભાઈ ભીખાભાઈ ગોહેલ | ૨૧ | ૧ | ૨૨ | |
| ૭૩ | શ્રી જયરાજસિંહ ટેમુભા જાડેજા | ૧૪ | ૮ | ૨૨ | |
| ૭૪ | શ્રી જયેશભાઈ વિઠ્ઠલભાઈ રાદડીયા મંત્રીશ્રી | – | – | – | |
| ૭૫ | શ્રી પ્રવિણભાઈ મોહનભાઈ માકડીયા | ૧૫ | ૭ | ૨૨ | |
| ૭૬ | શ્રી મેઘજીભાઈ અમરાભાઈ ચાવડા | ૨૧ | ૧ | ૨૨ | |
| ૭૭ | શ્રી રાઘવજી હંસરાજ પટેલ | ૧૯ | ૩ | ૨૨ | |
| ૭૮ | શ્રી ધર્મેન્દ્રસિંહ મેરૂભા જાડેજા | ૧૯ | ૩ | ૨૨ | |
| ૭૯ | પ્રો. વસુબેન નરેન્દ્રભાઈ ત્રિવેદી મંત્રીશ્રી | – | – | – | |
| ૮૦ | શ્રી ચીમનભાઈ ધરમશીભાઈ શાપરીયા | ૨૧ | ૧ | ૨૨ | |
| ૮૧ | ખાલી | – | – | – | |
| ૮૨ | શ્રી પબુભા વિરમભા માણેક | ૮ | ૧૪ | ૨૨ | |
| ૮૩ | શ્રી બાબુભાઈ ભીમાભાઈ બોખીરીયા મંત્રીશ્રી | – | – | – | |
| ૮૪ | શ્રી કાંધલ સરમણભાઈ જાડેજા | ૫ | ૧૭ | ૨૨ | |
| ૮૫ | શ્રી જવાહરભાઈ પેથલજીભાઈ ચાવડા | ૩ | ૧૯ | ૨૨ | |
| ૮૬ | શ્રી મહેન્દ્રભાઈ લીલાધરભાઈ મશરૂ | ૬ | ૧૬ | ૨૨ | |
| ૮૭ | શ્રી હર્ષદકુમાર માધવજીભાઈ રીબડીયા | ૨૧ | ૧ | ૨૨ | |
| ૮૮ | શ્રી અરવીંદભાઈ કેશવભાઈ લાડાણી | ૨૧ | ૧ | ૨૨ | |
| ૮૯ | ખાલી | – | – | – | |
| ૯૦ | શ્રી જસાભાઈ ભાણાભાઈ બારડ | ૨૦ | ૨ | ૨૨ | |
| ૯૧ | શ્રી જસુભાઈ ધાનાભાઈ બારડ | ૫ | ૧૭ | ૨૨ | |
| ૯૨ | શ્રી જેઠાભાઈ દાનાભાઈ સોલંકી | ૧૯ | ૩ | ૨૨ | |
| ૯૩ | શ્રી પુંજાભાઈ ભીમાભાઈ વંશ | ૨૧ | ૧ | ૨૨ | |
| ૯૪ | શ્રી નલીનભાઈ નાનજીભાઈ કોટડીયા | ૨૦ | ૨ | ૨૨ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯૫ | શ્રી પરેશ ધાનાણી | ૧૪ | ૮ | ૨૨ | |
| ૯૬ | શ્રી બાવકુભાઈ નાથાભાઈ ઉધાડ | ૨૧ | ૧ | ૨૨ | |
| ૯૭ | શ્રી વલ્લભભાઈ વશરામભાઈ વઘાસીયા | ૨૧ | ૧ | ૨૨ | |
| ૯૮ | શ્રી હીરાભાઈ ઓધવજીભાઈ સોલંકી | ૮ | ૧૪ | ૨૨ | |
| ૯૯ | શ્રીમતી ભાવનાબેન રાઘવભાઈ મકવાણા | ૨૨ | – | ૨૨ | |
| ૧૦૦ | ખાલી | – | – | – | |
| ૧૦૧ | શ્રી કેશુભાઈ હીરજીભાઈ નાકરાણી | ૨૦ | ૨ | ૨૨ | |
| ૧૦૨ | શ્રી પ્રવીણભાઈ જીણાભાઈ રાઠોડ | ૨૧ | ૧ | ૨૨ | |
| ૧૦૩ | શ્રી પરસોતમભાઈ ઓધવજીભાઈ સોલંકી | ૧ | ૨૧ | ૨૨ | |
| ૧૦૪ | શ્રીમતી વિભાવરીબેન વિજયભાઈ દવે | ૨૨ | – | ૨૨ | |
| ૧૦૫ | શ્રી જીતેન્દ્રભાઈ સવજીભાઈ વાઘાણી | ૧૮ | ૪ | ૨૨ | |
| ૧૦૬ | શ્રી આત્મારામ મકનભાઈ પરમાર નાયબ મુખ્ય દંડકશ્રી | – | – | – | |
| ૧૦૭. | ડૉ. ટી .ડી. માણીયા | ૨૧ | ૧ | ૨૨ | |
| ૧૦૮ | શ્રી સંજયકુમાર રમણભાઈ પટેલ | ૨૨ | – | ૨૨ | |
| ૧૦૯ | શ્રી રાજેન્દ્રસિંહ ધીરસિંહ પરમાર | ૧૭ | ૫ | ૨૨ | |
| ૧૧૦ | શ્રી અમીત ચાવડા | ૨૧ | ૧ | ૨૨ | |
| ૧૧૧ | શ્રી જયંતભાઈ રમણભાઈ પટેલ | ૯ | ૧૩ | ૨૨ | |
| ૧૧૨ | ખાલી | – | – | – | |
| ૧૧૩ | શ્રી નિરંજન પટેલ | ૧૪ | ૮ | ૨૨ | |
| ૧૧૪ | શ્રી પૂનમભાઈ માધાભાઈ પરમાર | ૧૬ | ૬ | ૨૨ | |
| ૧૧૫ | ખાલી | – | – | – | |
| ૧૧૬ | શ્રી પંકજભાઈ વિનુભાઈ દેસાઈ મુખ્ય દંડકશ્રી | – | – | – | |
| ૧૧૭ | શ્રી ગૌતમભાઈ રાવજીભાઈ ચૌહાણ | ૨૨ | – | ૨૨ | |
| ૧૧૮ | શ્રી નટવરસિંહ ફુલસિંહ ઠાકોર | ૨૨ | – | ૨૨ | |
| ૧૧૯ | શ્રી રામસિંહ પ્રભાતસિંહ પરમાર | ૨૧ | ૧ | ૨૨ | |
| ૧૨૦ | શ્રી શંકરસિંહ વાઘેલા વિરોધ પક્ષના નેતાશ્રી | – | – | – | |
| ૧૨૧ | શ્રી માનસિંહ કોહયાભાઈ ચૌહાણ | ૧૯ | ૩ | ૨૨ | સસ્પેન્સનના કારણે ૧ દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૨૨ | પ્રો. હીરાભાઈ હરીભાઈ પટેલ | ૨૧ | ૧ | ૨૨ | |
| ૧૨૩ | શ્રી ગેંદાલભાઈ મોતીભાઈ ડામોર | ૧૮ | ૪ | ૨૨ | |
| ૧૨૪ | શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ ભરવાડ | ૧૭ | ૫ | ૨૨ | |
| ૧૨૫ | નિમિષાબેન મનહરસિંહ સુથાર | ૨૨ | – | ૨૨ | |
| ૧૨૬ | શ્રી સી.કે. રાઉલજી | ૨૧ | ૧ | ૨૨ | |
| ૧૨૭ | શ્રી અરવિંદસિંહ દામસિંહ રાઠોડ | ૨૨ | – | ૨૨ | |
| ૧૨૮ | શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી પરમાર મંત્રીશ્રી | – | – | – | |
| ૧૨૯ | શ્રી રમેશભાઈ ભુરાભાઈ કટારા | ૨૧ | ૧ | ૨૨ | |
| ૧૩૦ | ડૉ. મિતેશભાઈ કલાભાઈ ગરાસીયા | ૯ | ૧૩ | ૨૨ | |
| ૧૩૧ | ખાલી | – | – | – | |
| ૧૩૨ | શ્રી વજેસિંગભાઈ પારસિંગભાઈ પણદા | ૨૨ | – | ૨૨ | |
| ૧૩૩ | શ્રીમતી ચંદ્રીકાબેન છગનભાઈ બારીયા | ૨૨ | – | ૨૨ | |
| ૧૩૪ | શ્રી બચુભાઈ મગનભાઈ ખાબડ મંત્રીશ્રી | – | – | – | |
| ૧૩૫ | શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ ઈનામદાર | ૧૫ | ૭ | ૨૨ | |
| ૧૩૬ | શ્રી મધુભાઈ બાબુભાઈ શ્રીવાસ્તવ | ૧૪ | ૮ | ૨૨ | |
| ૧૩૭ | શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા | ૨૨ | – | ૨૨ | |
| ૧૩૮ | શ્રી જયંતિભાઈ સવજીભાઈ રાઠવા | ૨૨ | – | ૨૨ | |
| ૧૩૯ | શ્રી ધીરૂભાઈ ચુનીલાલ ભીલ | ૨૨ | – | ૨૨ | |
| ૧૪૦ | શ્રી બાલકૃષ્ણભાઈ નારણભાઈ પટેલ | ૨૧ | ૧ | ૨૨ | |
| ૧૪૧ | શ્રીમતી મનીષા રાજીવભાઈ વકીલ | ૨૦ | ૨ | ૨૨ | |
| ૧૪૨ | શ્રી જીતેન્દ્ર રતીલાલ સુખડીઆ | ૨૨ | – | ૨૨ | |
| ૧૪૩ | શ્રી સૌરભ પટેલ મંત્રીશ્રી | – | – | – | |
| ૧૪૪ | શ્રી રાજેન્દ્ર સૂર્યપ્રસાદ ત્રિવેદી | ૨૨ | – | ૨૨ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪૫ | શ્રી યોગેશ પટેલ | ૧૭ | ૫ | ૨૨ | |
| ૧૪૬ | શ્રી દિનેશભાઈ બાલુભાઈ પટેલ | ૧૪ | ૮ | ૨૨ | |
| ૧૪૭ | શ્રી સતીષભાઈ મોતીભાઈ પટેલ | ૧૬ | ૬ | ૨૨ | |
| ૧૪૮ | શ્રી શબ્દશરણ ભાઈલાલભાઈ તડવી | ૨૦ | ૨ | ૨૨ | |
| ૧૪૯ | શ્રી મોતીલાલ પુનીયાભાઈ વસાવા | ૨૧ | ૧ | ૨૨ | |
| ૧૫૦ | શ્રી છત્રસિંહજી પૂજાભાઈ મોરી મંત્રીશ્રી | – | – | – | |
| ૧૫૧ | શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા | ૨૦ | ૨ | ૨૨ | |
| ૧૫૨ | શ્રી છોટુભાઈ અમરસિંહ વસાવા | – | ૨૨ | ૨૨ | |
| ૧૫૩ | શ્રી દુષ્યંતભાઈ રજનીકાંત પટેલ | ૧૯ | ૩ | ૨૨ | |
| ૧૫૪ | શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ | ૯ | ૧૩ | ૨૨ | |
| ૧૫૫ | મુકેશભાઈ ઝીણાભાઈ પટેલ | ૨૨ | – | ૨૨ | |
| ૧૫૬ | શ્રી ગણપતસિંહ વેસ્તાભાઈ વસાવા મંત્રીશ્રી | – | – | – | |
| ૧૫૭ | શ્રી આનંદભાઈ મોહનભાઈ ચૌધરી | ૨૨ | – | ૨૨ | |
| ૧૫૮ | શ્રી પ્રફુલભાઈ છગનભાઈ પાનશેરીયા | ૨૨ | – | ૨૨ | |
| ૧૫૯ | શ્રી રણજીતભાઈ મંગુભાઈ ગીલીટવાલા | ૨૨ | – | ૨૨ | |
| ૧૬૦ | શ્રી અજયકુમાર જશવંતલાલ ચોકસી | ૨૧ | ૧ | ૨૨ | |
| ૧૬૧ | શ્રી કિશોરભાઈ શિવાભાઈ કાનાણી | ૨૨ | – | ૨૨ | |
| ૧૬૨ | શ્રી જનકભાઈ મનજીભાઈ કાછડીયા | ૨૧ | ૧ | ૨૨ | |
| ૧૬૩ | શ્રીમતી સંગીતાબેન રાજેન્દ્રભાઈ પાટીલ | ૨૨ | – | ૨૨ | |
| ૧૬૪ | શ્રી નરોત્તમભાઈ પટેલ | ૨૧ | ૧ | ૨૨ | |
| ૧૬૫ | શ્રી હર્ષ રમેશકુમાર સંઘવી | ૧૭ | ૫ | ૨૨ | |
| ૧૬૬ | શ્રી નાનુભાઈ ભગવાનભાઈ વાનાણી મંત્રીશ્રી | – | – | – | |
| ૧૬૭ | શ્રી પૂર્ણેશકુમાર ઈશ્વરલાલ મોદી | ૨૧ | ૧ | ૨૨ | |
| ૧૬૮ | શ્રી રાજેન્દ્રભાઈ પરભુભાઈ પટેલ | ૨૨ | – | ૨૨ | |
| ૧૬૯ | શ્રી ઈશ્વરભાઈ રમણભાઈ પરમાર | ૨૦ | ૨ | ૨૨ | |
| ૧૭૦ | શ્રી મોહનભાઈ ધનજીભાઈ ઢોડીયા | ૨૨ | – | ૨૨ | |
| ૧૭૧ | શ્રી પુનાભાઈ ઢેડાભાઈ ગામીત | ૨૨ | – | ૨૨ | |
| ૧૭૨ | શ્રી કાંતીલાલભાઈ રેશ્માભાઈ ગામીત મંત્રીશ્રી | – | – | – | |
| ૧૭૩ | શ્રી મંગળભાઈ ગંગાજીભાઈ ગાવિત | ૧૮ | ૪ | ૨૨ | |
| ૧૭૪ | શ્રી આર.સી પટેલ દંડકશ્રી | – | – | – | |
| ૧૭૫ | શ્રી પિયુષભાઈ દિનકરભાઈ દેસાઈ | ૨૨ | – | ૨૨ | |
| ૧૭૬ | શ્રી મંગુભાઈ છગનભાઈ પટેલ ઉપાધ્યક્ષશ્રી | – | – | – | |
| ૧૭૭ | શ્રી છનાભાઈ કોળુભાઈ ચૌધરી | ૨૨ | – | ૨૨ | |
| ૧૭૮ | શ્રી ઈશ્વરભાઈ ઢેડાભાઈ પટેલ | ૨૨ | – | ૨૨ | |
| ૧૭૯ | શ્રી ભરતભાઈ કીકુભાઈ પટેલ | ૨૨ | – | ૨૨ | |
| ૧૮૦ | શ્રી કનુભાઈ મોહનલાલ દેસાઈ | ૨૨ | – | ૨૨ | |
| ૧૮૧ | શ્રી જીતુભાઈ હરજીભાઈ ચૌધરી | ૨૦ | ૨ | ૨૨ | |
| ૧૮૨ | શ્રી રમણલાલ નાનુભાઈ પાટકર | ૨૨ | – | ૨૨ | |
| | કુલ | ૨૭૫૫ | ૪૫૭ | ૩૨૧૨ | |

**પત્રક ક્રમાંક :– ૪**

**(જુઓ ફકરા ક્રમાંક :–૩ )**

**ગુજરાત વિધાનસભા**

**સભ્યશ્રીઓની તારીખવાર હાજરી**

**(માનનીય અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષ, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી, મુખ્ય દંડકશ્રી ,નાયબ મુખ્ય દંડકશ્રી, દંડકશ્રી અને સંસદીય સચિવશ્રી સિવાય)**

| ક્રમ | બેઠકની તારીખ | હાજરી | ગેરહાજરી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૧/૭/૨૦૧૪ | ૧૩૧ | ૧૫ | ૧૪૬ |
| ૨ | ૨/૭/૨૦૧૪ | ૧૩૫ | ૧૧ | ૧૪૬ |
| ૩ | ૩/૭/૨૦૧૪ | ૧૩૨ | ૧૪ | ૧૪૬ |
| ૪ | ૪/૭/૨૦૧૪ | ૧૨૭ | ૧૯ | ૧૪૬ |
| ૫ | ૭/૭/૨૦૧૪ | ૧૩૧ | ૧૫ | ૧૪૬ |
| ૬ | ૮/૭/૨૦૧૪ | ૧૨૯ | ૧૭ | ૧૪૬ |
| ૭ | ૯/૭/૨૦૧૪ | ૧૨૫ | ૨૧ | ૧૪૬ |
| ૮ | ૧૦/૭/૨૦૧૪ (પ્રથમ બેઠક) | ૧૨૭ | ૧૯ | ૧૪૬ |
| ૯ | ૧૦/૭/૨૦૧૪ (બીજી બેઠક) | ૧૨૦ | ૨૬ | ૧૪૬ |
| ૧૦ | ૧૧/૭/૨૦૧૪ | ૧૧૨ | ૩૪ | ૧૪૬ |
| ૧૧ | ૧૪/૭/૨૦૧૪ | ૧૨૩ | ૨૩ | ૧૪૬ |
| ૧૨ | ૧૫/૭/૨૦૧૪ | ૧૨૨ | ૨૪ | ૧૪૬ |
| ૧૩ | ૧૬/૭/૨૦૧૪ | ૧૨૦ | ૨૬ | ૧૪૬ |
| ૧૪ | ૧૭/૭/૨૦૧૪ | ૧૧૭ | ૨૯ | ૧૪૬ |
| ૧૫ | ૧૮/૭/૨૦૧૪ | ૧૧૨ | ૩૪ | ૧૪૬ |
| ૧૬ | ૨૧/૭/૨૦૧૪ | ૧૩૨ | ૧૪ | ૧૪૬ |
| ૧૭ | ૨૨/૭/૨૦૧૪ | ૧૨૮ | ૧૮ | ૧૪૬ |
| ૧૮ | ૨૩/૭/૨૦૧૪ | ૧૩૩ | ૧૩ | ૧૪૬ |
| ૧૯ | ૨૪/૭/૨૦૧૪ (પ્રથમ બેઠક) | ૧૩૧ | ૧૫ | ૧૪૬ |
| ૨૦ | ૨૪/૭/૨૦૧૪ (બીજી બેઠક) | ૧૨૯ | ૧૭ | ૧૪૬ |
| ૨૧ | ૨૫/૭/૨૦૧૪ (પ્રથમ બેઠક) | ૧૨૮ | ૧૮ | ૧૪૬ |
| ૨૨ | ૨૫/૭/૨૦૧૪ (બીજી બેઠક) | ૧૧૧ | ૩૫ | ૧૪૬ |
| | કુલ | ૨૭૫૫ | ૪૫૭ | ૩૨૧૨ |

## પત્રક ક્રમાંકઃ–૫

## (જુઓ ફકરા ક્રમાંક–૪)

## <u>ટૂંકી મુદતના તારાંકિત, અતારાંકિત પ્રશ્નોની અને અરધા કલાકની ચર્ચાની સૂચનાઓનો નિકાલ (આંકડામાં)</u>

| પ્રશ્નોનો પ્રકાર | મળેલ સૂચના | દાખલ કર્યા | દાખલ ન કર્યા | ટૂંકી મુદતમાંથી તારાંકિત પ્રશ્ન | ટૂંકી મુદતમાંથી અતારાંકિત પ્રશ્ન | તારાંકિતમાંથી અતારાંકિત તરીકે દાખલ | સભ્યશ્રીએ પ્રશ્ન પાછા ખેંચી લીધા/મુદત બહારની સૂચના | અગાઉના સત્ર દરમિયાન જવાબ ન આવવાથી ગૃહમાં રજૂ ન થઈ શકેલ અતારાંકિત પ્રશ્ન | ગૃહમાં જવાબ આપ્યા | તારાંકિત પ્રશ્નોના અતારાંકિત તરીકે ગૃહમાં જવાબ આપ્યા | ટૂંકી મુદતે જવાબ આપવા મંત્રીશ્રી અસંમત તથા રદ થયા | સત્ર વહેલું સમાપ્ત થતાં પ્રશ્નો રદ થયા | સમયના અભાવે પ્રશ્નો ચર્ચાયા નહીં | નિયમ–૮૭(ક) અન્વયે ગૃહના મેજ ઉપર મુકાયા | સભ્યશ્રી મંત્રીશ્રી/સંસદ સભ્યશ્રી બનતાં/અવસાન થતાં પ્રશ્નો રદ થયા | સત્ર સમાપ્તિના દિવસે જવાબ ન મળવાથી ગૃહમાં રજૂ ન થઈ શકેલા અતારાંકિત પ્રશ્નો | મંત્રીશ્રીની વિનંતીથી રદ કરેલા પ્રશ્નો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ટૂંકી મુદતના પ્રશ્નો | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| તારાંકિત પ્રશ્નો | ૪૮૩૭ | ૩૪૫૬ | ૧૦૫૩ | – | – | ૨૧ | ૧૫ | – | ૨૧૦ | – | – | ૨૫૨ | – | – | – | – | ૪૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૫૩ | ૩૧૦ | ૧૩૯ | – | – | ૨૧ | – | ૧૮૧ | ૩૦૦ | – | – | – | – | ૪૪ | – | ૧૫૩ | ૦૪ |
| અરધા કલાકની ચર્ચાના પ્રશ્નો | ૦૨ | – | ૦૨ | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – | – |

**નોંધઃ– સત્ર દરમિયાન નિયમ–૯૦ અન્વયે ટૂંકી મુદતની એકપણ સૂચના મળી ન હતી.**

## પત્રક ક્રમાંકઃ—૬
## (જુઓ ફકરા ક્રમાંકઃ—૪ )
## તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

| અ.નં. | વિભાગનું નામ | મળેલ સૂચનાઓ | તારાંકિત દાખલ | ટૂંકીમુદતમાંથી અતારાંકિત કર્યા | તારાંકિતમાંથી અતારાંકિત કર્યા | દાખલ ન કર્યા | મુદત બહારની સૂચના | ગૃહમાં જવાબ આપ્યા | તારાંકિત પ્રશ્નોના અતારાંકિત તરીકે ગૃહમાં જવાબ આપ્યા | પ્રશ્નો પાછા ખેંચ્યા | પ્રશ્નો રદ કર્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૩૧ | ૧૪ | — | ૦૧ | ૧૬ | — | ૦૧ | — | — | — |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૩૧૦ | ૨૩૩ | — | — | ૭૬ | — | ૧૦ | — | — | ૦૧ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૪૦૧ | ૩૦૬ | — | ૦૨ | ૯૨ | — | ૨૧ | — | ૦૧ | — |
| ૪ | નાણા વિભાગ | ૯૩ | ૭૨ | — | ૦૨ | ૧૮ | — | ૦૪ | — | — | ૦૧ |
| ૫ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૧૦૪ | ૯૯ | — | — | ૦૫ | — | ૦૬ | — | — | — |
| ૬ | વન અને પર્યાવરણ વિભાગ | ૨૪૫ | ૧૯૭ | — | — | ૪૩ | — | ૧૦ | — | ૦૫ | — |
| ૭ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૩૨૫ | ૨૩૯ | — | — | ૮૪ | — | ૧૯ | — | ૦૨ | — |
| ૮ | ગૃહ વિભાગ | ૨૫૮ | ૨૦૭ | — | — | ૪૬ | — | ૧૨ | — | ૦૧ | ૦૪ |
| ૯ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૧૮૫ | ૧૧૮ | — | ૦૪ | ૬૩ | — | ૦૫ | — | — | — |
| ૧૦ | માહિતી અને પ્રસારણ વિભાગ | ૦૮ | ૦૨ | — | — | ૦૬ | — | — | — | — | — |
| ૧૧ | શ્રમ અને રોજગાર વિભાગ | ૪૦ | ૨૮ | — | — | ૧૨ | — | ૦૧ | — | — | — |
| ૧૨ | કાયદા વિભાગ | ૨૪૩ | ૨૦૧ | — | ૦૨ | ૩૮ | — | ૨૩ | — | ૦૧ | ૦૧ |
| ૧૩ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૩૧૪ | ૨૨૧ | — | ૦૨ | ૮૮ | — | ૧૦ | — | — | ૦૩ |
| ૧૪ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૩૧૦ | ૨૬૫ | — | ૦૨ | ૩૮ | — | ૧૩ | — | ૦૧ | ૦૪ |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫ | મહેસૂલ વિભાગ | ૨૧૦ | ૧૩૮ | – | – | ૬૭ | – | ૦૩ | – | – | ૦૫ |
| ૧૬ | માર્ગ અને મકાન વિભાગ | ૨૪૬ | ૧૮૮ | – | ૦૨ | ૫૧ | – | ૧૩ | – | – | ૦૫ |
| ૧૭ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૪૪૧ | ૩૬૧ | – | – | ૭૭ | – | ૨૨ | – | – | ૦૩ |
| ૧૮ | શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ | ૧૪૪ | ૯૭ | – | – | ૪૬ | – | ૦૫ | – | – | ૦૧ |
| ૧૯ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૬૧ | ૨૬ | – | – | ૩૫ | – | ૦૧ | – | – | – |
| ૨૦ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૧૬૩ | ૧૩૧ | – | ૦૨ | ૩૦ | – | ૧૧ | – | – | – |
| ૨૧ | વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ | ૦૪ | ૦૨ | – | – | ૦૨ | – | – | – | – | – |
| ૨૨ | બંદરો અને વાહનવ્યવહાર વિભાગ | ૧૨૬ | ૭૬ | – | – | ૫૦ | – | ૦૭ | – | – | – |
| ૨૩ | મહિલા અને બાળવિકાસ વિભાગ | ૧૬૮ | ૧૧૪ | – | – | ૪૩ | – | ૦૮ | – | ૦૧ | ૧૦ |
| ૨૪ | આદિજાતિ વિકાસ વિભાગ | ૧૪૦ | ૧૧૮ | – | ૦૨ | ૧૫ | – | ૦૫ | – | ૦૩ | ૦૨ |
| ૨૫ | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | ૧૫ | ૦૩ | – | – | ૧૨ | – | – | – | – | – |
| ૨૬ | કલાઈમેન્ટ ચેન્જ વિભાગ | – | – | – | – | – | – | – | – | – | – |
| | કુલ | ૪૫૮૫<br>*૨૫૨<br>૪૮૩૭ | ૩૪૫૬ | – | ૨૧ | ૧૦૫૩ | – | ૨૧૦ | – | ૧૫ | ૪૦ |

*તા.૩૦/૦૭/૨૦૧૪ના રદ કરેલ કુલ–૨૫૨ તારાંકિત પ્રશ્નો

## પત્રક ક્રમાંકઃ–૭

## (જુઓ ફકરા ક્રમાંકઃ– ૪)

## અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

માનનીય અધ્યક્ષશ્રીની વારંવારની વિનંતી અને સૂચના છતાં માનનીય વિરોધપક્ષના નેતા તથા માનનીય સભ્યશ્રી શકિતસિંહ ગોહિલ સિવાય કોંગ્રેસ પક્ષના ગૃહમાં હાજર રહેલ બાકીના સભ્યશ્રીઓ તેમના સ્થાન ઉપર ન બેસતાં, માનનીય અધ્યક્ષશ્રીએ ઉભા રહી સૂત્રોચ્ચાર કરતા કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓને આજના દિવસ માટે સસ્પેન્ડ કર્યાની જાહેરાત કરી અને તેમને ગૃહની બહાર નીકળવા આદેશ કર્યો. તદનુસાર માનનીય વિરોધ પક્ષના નેતા તથા સભ્યશ્રી શકિતસિંહ ગોહિલ સિવાય કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓને સાર્જન્ટની મદદથી ગૃહની બહાર લઈ જવામાં આવ્યા.

## ૭. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયકો

(૧) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૯, સન ૨૦૧૪નું ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૫, સન ૨૦૧૪નું ગુજરાત કોર્ટ ફી (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૬, સન ૨૦૧૪નું ગુજરાત દીવાની કોર્ટ (સુધારા) વિધેયક.

(૪) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૮, સન ૨૦૧૪નું ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (સુધારા) વિધેયક.

## ગુરૂવાર, તા.૩જી જુલાઈ, ૨૦૧૪

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **સસ્પેન્શન અને સભાત્યાગ**

માનનીય વિરોધપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા તથા સભ્ય શ્રીમતી ચંદ્રિકાબેન બારીયાએ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે શૂન્યકાળનો મુદ્દો ઉપસ્થિત કરવાનો પ્રયાસ કરતા માનનીય અધ્યક્ષશ્રીએ આ અંગે પ્રણાલિકા અનુસાર સંબંધિત મંત્રીશ્રીની અને અધ્યક્ષશ્રીની પરવાનગી મળેલ ન હોવાથી આજે આ મુદ્દો ઉપસ્થિત કરી શકાય નહીં તેમ જણાવ્યું.

આમ છતાં, શૂન્યકાળનો મુદ્દો ઉપસ્થિત કરવાનો સતત આગ્રહ રાખી કોંગ્રેસ પક્ષના સભ્યો શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા, શ્રી મહેન્દ્રસિંહ બારૈયા, ડો.તેજશ્રીબેન પટેલ અને શ્રીમતી કામીનીબા રાઠોડ વેલમાં આવીને બેસી ગયા.

માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં આવેલા ઉપરોકત ચારેય સભ્યશ્રીઓને તેમના સ્થાને પરત જવા કરેલ વિનંતી છતાં માનનીય સભ્યશ્રીઓ તેમના સ્થાન પર પરત ન જતાં માનનીય અધ્યક્ષશ્રીએ ઉપરોકત ચારેય સભ્યશ્રીઓને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી અને તેમને સાર્જન્ટ ધ્વારા ગૃહની બહાર લઈ જવા આદેશ કર્યો.

આ તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ સરકારશ્રીની માનસિકતાના વિરોધમાં અમે કાર્યવાહીમાં ભાગ લઈ શકતા નથી તેમ જણાવ્યું અને કોંગ્રેસ પક્ષના ગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યોએ **સભાત્યાગ** કર્યો.

૩. **સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયક**

સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૭, સન ૨૦૧૪નું ગુજરાત ગણોત અને ખેતીની જમીન (સુધારા) વિધેયક.

૪. **બિન સરકારી વિધેયકો**

પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન સરકારી વિધેયકો

(૧) સભ્ય શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૫– સન ૨૦૧૩નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કરી મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયા સહિત કુલ ૨ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ પ્રભારી સભ્યશ્રીએ આપ્યા બાદ વિધેયક સભાગૃહની અનુમતિથી પાછુ ખેંચી લીધું.

(૨) સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૧– સન ૨૦૧૩નું ગુજરાત રાજય તકેદારી આયોગ વિધેયકના પ્રભારી સભ્ય શ્રી મહંમદજાવેદ પીરઝાદા ગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પરની ચર્ચા હાથ ધરી શકાઈ નહીં.

(૩) સભ્ય શ્રી પુનમભાઈ મકવાણાએ, સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૭– સન ૨૦૧૩નું ગુજરાત જાહેર દિવાલો ઉપર દોરીને બનાવાતા ફોટોગ્રાફ અને પોસ્ટરોવાળી જાહેરખબર ઉપર પ્રતિબંધ વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કરી મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી રજનીકાંત સો.પટેલ સહિત કુલ ૨ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ પ્રભારી સભ્યશ્રીએ આપ્યા બાદ વિધેયક સભાગૃહની અનુમતિથી પાછુ ખેંચી લીધું.

(૪) સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૩– સન ૨૦૧૩નું ગુજરાત ગુજરાત ઘરેલુ કામદારો (રોજગાર નિયમન અને કલ્યાણ) વિધેયકના પ્રભારી સભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત ગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પરની ચર્ચા હાથ ધરી શકાઈ નહીં.

## <u>શુક્રવાર, તા.૪થી જુલાઈ, ૨૦૧૪</u>

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **સૂત્રોચ્ચાર અને સસ્પેન્શન**

પ્રશ્નોત્તરી દરમ્યાન પ્રશ્ન અગ્રતાક્રમ–૪ હાથ પર લેવાના સમયે, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું કે છેલ્લા કેટલાક સમયથી મંત્રીશ્રીની વિનંતીથી પ્રશ્નો રદ કરવાની પ્રણાલી શરૂ થઈ છે, જે ઉચિત નથી. અધ્યક્ષશ્રીની પરવાનગીથી દાખલ થયેલ પ્રશ્ન મંત્રીશ્રીની વિનંતીથી રદ કરી શકાય તેવું કોઈ પ્રોવિઝન નથી. વળી, આ જ પ્રકારના અગ્રતાક્રમ–૧૦ ઉપર રહેલા પ્રશ્નનો જવાબ આપવામાં આવેલ છે. જયારે કોંગ્રેસ પક્ષના ૪ ધારાસભ્યશ્રીના પ્રશ્નો રદ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબત પ્રશ્નોત્તરી સમય પછી ઉઠાવવા પરવાનગી આપીશ તેમ જણાવી પ્રશ્નોત્તરી કાળ આગળ ચાલવા દેવા વિનંતી કરી.

આમ છતા, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત કોંગ્રેસ પક્ષના મોટા ભાગના સભ્યશ્રીઓએ ઉભા થઈ સતત રજૂઆત કરતા, માનનીય અધ્યક્ષશ્રીએ અગ્રતાક્રમ–૧૦ ઉપરનો પ્રશ્ન માત્ર એક જ વિભાગ પૂરતો છે, જયારે રદ કરાયેલા પ્રશ્નોમાં તમામ વિભાગોનો પ્રશ્ન પૂછેલ છે. આમ છતાં સભ્યશ્રીઓના અધિકારોનું હું રક્ષણ કરીશ, પરંતુ આપ આ બાબત પ્રશ્નોત્તરી કાળ પછી ઉઠાવજો, કેમ કે પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન કોઈ બાબત ઉઠાવી શકાતી નથી તેમ જણાવ્યું.

આ તબકકે કોંગ્રેસ પક્ષના સભ્યો શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા તથા ડો.તેજશ્રીબેન પટેલ વેલમાં આવીને બેસી ગયા. માનનીય અધ્યક્ષશ્રીએ તેમને પોતાના સ્થાને પરત જવા કરેલ વિનંતી પછી પણ તેઓ તેમના સ્થાને ન જતાં માનનીય અધ્યક્ષશ્રીએ આ બન્ને સભ્યશ્રીઓને આજના એક દિવસ માટે સસ્પેન્ડ કરી મહિલા કોસ્ટેબલો મારફતે તેમને ગૃહની બહાર લઈ જવા આદેશ કર્યો.

ત્યારબાદ પણ કોંગ્રેસ પક્ષના મોટા ભાગના સભ્યશ્રીઓએ તેમના સ્થાન પર ઉભા થઈ સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તેમને સ્થાન ગ્રહણ કરવા વિનંતી કરી.

ત્યારબાદ શ્રી અશ્વિન કોટવાલ, શ્રી ધીરૂભાઈ ભીલ, શ્રી જીતુભાઈ ચૌધરી, શ્રી છનાભાઈ ચૌધરી, શ્રી કાંતિભાઈ ખરાડી, શ્રી વજેસિંહભાઈ પણદા, શ્રી ગેંદાલભાઈ ડામોર, શ્રી પુનાભાઈ ગામીત, ડો. અનિલભાઈ જોષીયારા, શ્રી આનંદભાઈ ચૌધરી તથા શ્રી મોહનસિંહ રાઠવા વેલમાં આવીને બેસી ગયા.

માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં આવેલા સભ્યોને તેમના સ્થાન પર પરત જવા કરેલ વિનંતી પછી પણ તેઓ તેમના સથાને ન જતાં માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં આવેલ ઉકત સભ્યશ્રીઓને આજના દિવસ માટે સસ્પેન્ડ કરવાનો અને સાર્જન્ટની મદદથી તેમને ગૃહની બહાર લઈ જવાનો આદેશ કર્યો.

ત્યારબાદ પણ માનનીય વિરોધપક્ષના નેતા તથા માનનીય શ્રી શકિતસિંહ ગોહિલ સિવાયના કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યોએ પોતાના સ્થાન પર ઉભા રહી સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખતા તેમને પોતાના સ્થાન પર બેસી જવા માનનીય અધ્યક્ષશ્રએ પુનઃ વિનંતી કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ ઉભા રહીને સૂત્રોચ્ચાર કરતા સભ્યશ્રીઓને સ્થાન ગ્રહણ કરી પ્રશ્નોત્તરી કાળ આગળ ચાલવા દેવા કરેલ વિનંતી અને ચેતવણીને ધ્યાને ન લેવાતા, માનનીય વિરોધ પક્ષના નેતા અને શ્રી શકિતસિંહ ગોહિલ સિવાયના કોંગ્રેસ પક્ષના બાકી રહેલા સભાગૃહમાં ઉપસ્થિત વિરોધ પક્ષના બાકીના સભ્યોને આજના એક દિવસ માટે સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો.

ત્યારબાદ સભાગૃહમાં કોંગ્રેસ પક્ષના ઉપસ્થિત તમામ સભ્યો ગૃહ છોડી ગયા.

## ૩. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

(૧) મેટ્રો–લિન્ક એકસપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ (મેગા) કંપની લિમિટેડના સન ૨૦૧૦–૨૦૧૧, ૨૦૧૧–૨૦૧૨ અને ૨૦૧૨–૨૦૧૩ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલો, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો

(૨) ગુજરાત રાજય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ

(૪) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૧૨–૧૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

(૫) સામાન્ય વહીવટ વિભાગના– સન ૨૦૧૩ના ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ અન્વયેના,

(૧) તા.૨૬–૨–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંકઃ– જીએસ/ ૭/ ૨૦૧૪/ એનએપી–૧૦૨૦૧૩/ ૮૧૭/ એઆરટીડી– ૧

(૨) તા.૨૬–૨–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંકઃ–જીએસ/ ૮/ ૨૦૧૪/ એનએપી–૧૦૨૦૧૩/ ૮૧૭/ એઆરટીડી– ૧

(૬) તા.૨૪–૨–૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી જવાહરભાઈ ચાવડાના "જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓનો અભાવ" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૭૫૨૬ (અગ્રતાક્રમ–૬)ના અનુસંધાને વધારાની માહિતી.

## ૪. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયક

સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧૦, સન ૨૦૧૪નું ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા) વિધેયક

## સોમવાર, તા.૭મી જુલાઈ, ૨૦૧૪

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

## ૨. તાકીદની જાહેર અગત્ય બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

સભ્યશ્રી રાઘવજીભાઈ હં. પટેલે, "ભાવનગર નજીક આવેલા અલંગ શીપ બ્રેકીંગ યાર્ડમાં તા.૨૮–૬–૨૦૧૪ના રોજ પ્લોટ નં.૧૩૮માં ઓઈલ ટેન્કરના જહાજના કટીંગ વેળાએ એક ભયંકર બ્લાસ્ટ થતાં પાંચ મજૂરોના ઘટના સ્થળે જ સળગી જવાથી મૃત્યુ થયા છે, જયારે નવ મજૂરો ગંભીર રીતે દાઝી ગયા છે, જેમાંના ત્રણની સ્થિતિ ગંભીર છે. આ બનાવથી યાર્ડમાં કામ કરતા હજારો કામદારોમાં ભય અને અસલામતીની લાગણી ફેલાઈ છે. આ ગંભીર ઘટનામાં ગુન્હાહિત બેદરકારી દાખવનાર સંચાલકો સામે કાનૂની કાર્યવાહી કરવા તેમજ ભવિષ્યમાં આવી દુર્ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો)નું ધ્યાન દોર્યું.

માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) વતી માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

## ૩ અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

તા.૧લી જુલાઈ, ૨૦૧૪ના રોજ ગૃહમાં રજૂ થયેલા સન ૨૦૧૪–૧૫ના ફેરફાર કરેલા અંદાજપત્રની સામાન્ય ચર્ચા શરૂ થાય તે પહેલાં માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અવકાશ અંગે માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અને માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી સહિત કુલ ૨૦ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

## ૪. અધ્યક્ષશ્રીની જાહેરાત

માનનીય અધ્યક્ષશ્રીએ, આજરોજ રાખવામાં આવેલ પાર્લામેન્ટરી એસોસિએશનની મિટિંગ મુલતવી રાખવામાં આવેલ છે જે હવે આવતી કાલે સભાગૃહની બેઠક પૂરી થયા બાદ ૧૦ મિનિટ પછી મળશે, તેવી જાહેરાત કરી.

## મંગળવાર, તા.૮મી જુલાઈ, ૨૦૧૪

૧. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અને અન્ય સભ્યશ્રીઓની અટકાયતની માનનીય અધ્યક્ષશ્રીને જાણ કરવાની અને ગૃહમાં જાહેરાત કરવાની રજૂઆત કરવા અંગે સૂત્રોચ્ચાર

સભાગૃહની બેઠક શરૂ થતાંજ પ્રશ્નોત્તરી શરૂ થતાં પહેલા, વિરોધપક્ષના મુખ્ય દંડક માનનીય શ્રી બલવંતસિંહ રાજપૂતે વિરોધ પક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા, શ્રી બળદેવજી ઠાકોર તથા શ્રી રમેશભાઈ

ચાવડાની આજરોજ પોલીસ ધ્વારા કરવામાં આવેલ અટકાયત અંગે માનનીય અધ્યક્ષશ્રીને નિયમ–૨૬૪ હેઠળ તાત્કાલિક જાણ કરવા અને તે સંબંધમાં ગૃહમાં જાહેરાત કરવા બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉઠાવવાનો પ્રયત્ન કરતા માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, પ્રશ્નોત્તરી દરમ્યાન કોઈ બાબત ઉઠાવી શકાતી નથી, આપને આ મુદ્દો પ્રશ્નોત્તરી પછી ઉઠાવવાની તક આપીશ.

આમ છતાં, સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે પ્રશ્નોત્તરી પહેલાં જ આ મુદ્દો ઉપસ્થિત કરવાનો સતત આગ્રહ રાખ્યો અને તે દરમ્યાન કોંગ્રેસ પક્ષના મોટા ભાગના સભ્યશ્રીઓ પાટલીઓ થપથપાવી સૂત્રોચ્ચાર કરવા લાગ્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે નિયમ–૨૬૪નો મેં અભ્યાસ કરેલ છે અને તે મુજબ સભ્યશ્રીની ધરપકડ કે અટકાયત અંગે ૨૪ કલાકમાં અધ્યક્ષને જાણ કરવાની હોય છે અને આવી જાણ અધ્યક્ષને કરવામાં આવે ત્યારબાદ અધ્યક્ષ તેની ગૃહમાં જાહેરાત કરે છે. આમ છતાં જો સમયમર્યાદામાં જાણ નહીં કરવામાં આવે તો શું પગલાં લેવા તેની વિચારણા પછીથી થઈ શકશે તેમ જણાવી સભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂતને તેમનું સ્થાન લેવા જણાવ્યું અને પાટલીઓ થપથપાવી સૂત્રોચ્ચાર કરી રહેલા સભ્યોને શાંતિ જાળવી ગૃહનું કામ આગળ ચાલવા દેવા વિનંતી કરી.

માનનીય અધ્યક્ષશ્રીની વારંવારની વિનંતી બાદ પણ માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે પ્રશ્નોત્તરી પહેલા મુદ્દો ઉપસ્થિત કરવાનો આગ્રહ રાખ્યો અને કોંગ્રેસ પક્ષના તમામ સભ્યોએ પાટલીઓ થપથપાવવાનું તેમજ સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખ્યું અને સભ્યશ્રી જોઈતાભાઈ પટેલ તથા શ્રી કરમશીભાઈ પટેલ વેલમાં આવી ગયા.

માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં આવેલા સભ્યોને નેઈમ કરતા પહેલાં છેલ્લી તક આપી પોતાના સ્થાને પાછા ફરવા તેમજ પાટલીઓ થપથપાવતા સભ્યો અંગે પણ પગલાં લેવા પડે તે પહેલા શાંતિ જાળવવા ચેતવણી આપી. ત્યારબાદ વેલમાં આવેલા ઉક્ત બન્ને સભ્યો પોતાના સ્થાને પરત ગયા અને કોંગ્રેસ પક્ષના બાકીના સભ્યોએ પણ સૂત્રોચ્ચાર કરવાનું અને પાટલીઓ થપથપાવવાનું બંધ કર્યું.

૨. ત્યારબાદ પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

## ૩. સભ્યશ્રીઓની અટકાયત અંગે માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત

માનનીય અધ્યક્ષશ્રીએ, પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણા તરફથી તેમને આજરોજ મળેલ ફેકસ મેસેજ અનુસાર પરવાનગી વગર રેલી અને સભાનું આયોજન કરવા બદલ માનનીય વિરોધ પક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા, સભ્યશ્રી રમેશભાઈ ચાવડા તથા સભ્યશ્રી બળદેવજી ઠાકોરને ગુજરાત પોલીસ એકટની કલમ ૬૮ હેઠળ આજરોજ તા.૮–૭–૨૦૧૪ના રોજ સવારના ૧૦–૫૦ કલાકે ચાંદરડા વીલેજ સીમ, તાલુકો કડી, જિલ્લો મહેસાણા મુકામેથી કરવામાં આવેલ અટકાયત બાદ, ગાંધીનગર પોલીસ હેડ કવાટર્સ ખાતે લઈ જવામાં આવેલ છે તેવી જાહેરાત કરી.

## ૪. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

સોમવાર, તા.૭મી જુલાઈ, ૨૦૧૪ના રોજ અધૂરી રહેલ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા આગળ ચાલી અને તેમાં વધુ ૨૨ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

## ૫. પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન

માનનીય સભ્યશ્રી રાઘવજીભાઈ હં. પટેલે પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશનનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે બજેટ પ્રકાશનનું જેન્ડર બજેટ ૨૦૧૪–૧૫નું જે પ્રકાશન નાણામંત્રીશ્રીના પ્રવચન વખતે સભ્યોને આપવામાં

આવ્યું છે, તેમાં પ્રકાશન નંબર આપેલ નથી, તો સભ્યોને આપવામાં આવેલું જેન્ડર બજેટ ૨૦૧૪–૧૫ અધિકૃત પ્રકાશનનો ભાગ છે કે કેમ, તેની સ્પષ્ટતા કરવામાં આવે. માનનીય સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે આ મુદ્દાના સમર્થનમાં જણાવ્યું કે વિધાનસભાની અંદાજ સમિતિએ કહયું છે, તે પ્રમાણે બજેટના ભાગ તરીકે આપવામાં આવતા સાહિત્યમાં પ્રકાશન નંબર છાપવો જોઈએ, તેથી આ અંગે સ્પષ્ટતા થવી જરૂરી છે.

માનનીય નાણામંત્રીશ્રીએ સ્પષ્ટતા કરી કે સભ્યશ્રીએ જે જેન્ડર બજેટના પ્રકાશનનો ઉલ્લેખ કરેલ છે, તે વધારાનું પ્રકાશન છે અને બજેટ પ્રકાશનનો ભાગ નથી.

૬. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

(૧) અટકાયત કરેલ સભ્યશ્રીઓની મુકિત બાબત

અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા દરમ્યાન, સભ્યશ્રી જીતેન્દ્રભાઈ વાઘાણીના પ્રવચન દરમ્યાન, માનનીય અધ્યક્ષશ્રીએ પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર તરફથી તેમને આજરોજ મળેલ ફેકસ મેસેજ અનુસાર કપડવંજ વિસ્તારના ધારાસભ્ય અને વિરોધ પક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા, કડી વિસ્તારના ધારાસભ્ય શ્રી રમેશભાઈ ચાવડા તથા કલોલ વિસ્તારના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોરને ગુજરાત પોલીસ એકટની કલમ ૬૮ હેઠળ આજરોજ તા.૮–૭–૨૦૧૪ના રોજ સવારના ૧૦.૫૦ કલાકે ચાંદરડા વીલેજ સીમ, તાલુકો કડી, જિલ્લો મહેસાણા મુકામેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે મહેસાણા પોલીસ ધ્વારા અટકાયત કરવામાં આવેલ અને પોલીસ હેડ કવાર્ટર્સ, સેકટર–૨૭ ગાંધીનગર ખાતે લાવવામાં આવેલ, તેમને ગુજરાત પોલીસ એકટની કલમ–૬૯ હેઠળ બપોરના ૧૨.૪૫ કલાકે મુકત કરવામાં આવેલ છે, તેવી જાહેરાત કરેલ હતી.

(૨) ગુજરાત પાર્લામેન્ટરી એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા બાબત

માનનીય અધ્યક્ષશ્રીએ આજરોજ સભાગૃહની બેઠક પૂરી થયા બાદ ૧૦ મિનિટ પછી ગુજરાત પાર્લામેન્ટરી એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા વિધાનસભાના ચોથા માળે આવેલા સમિતિ ખંડ–૧માં રાખવામાં આવેલ છે, જેમાં દરેક સભ્યશ્રીએ અચૂક હાજર રહેવા વિનંતી છે, તેવી જાહેરાત કરેલ હતી.

## <u>બુધવાર, તા.૯મી જુલાઈ, ૨૦૧૪</u>

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૧૪૪)**

અન્ન અને નાગરિક પૂરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ દેશ અને રાજયમાં અપૂરતા વરસાદના લીધે આવશ્યક ચીજવસ્તુઓ, ખાસ કરીને ડુંગળી અને બટાટાના ભાવમાં વધારો થતો રોકવા આવશ્યક ચીજ વસ્તુ ધારા, ૧૯૫૫ હેઠળના ગુજરાત આવશ્યક ચીજવસ્તુ વેપાર (નિયમન) આદેશ, ૧૯૭૭ હેઠળ ડુંગળી અને બટાટાને આવરી લેવા સંબંધમાં નિયમ–૪૪ હેઠળનું નિવેદન વાંચીને કર્યું.

૩. **સમિતિ અહેવાલની રજૂઆત**

(૧) બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રીમતી વિભાવરીબેન દવેએ સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

(૨) અંદાજ સમિતિના પ્રમુખ ડો.નીમાબેન આચાર્યએ અંદાજ સમિતિનો પ્રથમ અહેવાલ રજૂ કર્યો.

૪ **સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રીમતી વિભાવરીબેન દવેએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના ત્રીજા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો

## ૫. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)**

મંગળવાર, તા.૮મી જુલાઈ, ૨૦૧૪ના રોજ અધૂરી રહેલ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા આગળ ચાલી અને તેમાં વધુ ૨૪ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

## ૬. **પોઈન્ટ ઓફ ઓર્ડર**

અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં સભ્યશ્રી રામસિંહભાઈ પરમારના પ્રવચન બાદ, સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે, ૧લી માર્ચ, ૧૯૭૯ના માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયના અનુસંધાને પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી, અંદાજપત્રમાં કોઈ ભૂલો રહેવી જ ના જોઈએ, તેમ છતાં પણ માનવીય ભૂલોને સ્થાન આપીએ તો પણ જે ભૂલો રહી ગઈ હોય તેના શુધ્ધિપત્રકો અંદાજપત્ર રજૂ થયાના ૩ દિવસમાં રજૂ કરવાના રહે છે. આજે અમને ૧૮ પાનાના સુધારા મળ્યા છે. અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં ઘણા બધા સભ્યશ્રીઓ ભાગ લઈ ચૂકયા છે, ત્યારે આટલા વિલંબથી સુધારા રજૂ કરવામાં આવ્યા છે તે યોગ્ય નથી.

માનનીય અધ્યક્ષશ્રીએ તત્સમયે સભ્યશ્રીનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ગ્રાહય રાખ્યો અને જાહેર ખર્ચ પર વિધાનસભાનો અંકુશ હોય છે, ત્યારે બજેટમાં કોઈપણ ભૂલ રહેવી જ ન જોઈએ, ભૂલ ચકાસીને જ બજેટ રજૂ કરવું જોઈએ. તેમ છતાં કોઈ ભૂલ હોય તો ૩ દિવસમાં શુધ્ધિપત્રકો રજૂ કરી દેવા જોઈએ, તેથી આ બાબતે વિભાગને સ્પષ્ટ સૂચના આપવા નાણામંત્રીશ્રીને જણાવ્યું હતું.

ત્યારબાદ સભાગૃહની બેઠકના અંતે માનનીય નાણામંત્રીશ્રીએ માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું કે, વિભાગ ધ્વારા જે શુધ્ધિપત્રકો રજૂ કરવામાં આવ્યા છે, તે વિધાનસભા સચિવાલયના તા.૨૩–૬–૧૪ના પરિપત્રથી અપાયેલ સૂચના મુજબ માગણીઓ પરની ચર્ચા શરૂ થાય તેના ૩ દિવસ પહેલા રજૂ કરવાના થતા હોઈ, વિભાગે શુધ્ધિપત્રકો તા.૭–૭–૧૪ના રોજ વિધાનસભા સચિવાલયને રજૂ કરી દીધા છે. માગણીઓ પર ચર્ચા તા.૧૧–૭–૧૪ના રોજ શરૂ થતી હોઈ શુધ્ધિપત્રકો નિયત સમયમર્યાદામાં રજૂ થયા છે.

માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબતે જણાવ્યું કે, શુધ્ધિપત્રકો કયારે રજૂ કરવા તે બાબતે પૂર્વ અધ્યક્ષશ્રીના બે અલગ અલગ નિર્ણયો છે. માનનીય સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે ટાંકેલ નિર્ણય તા.૧–૩–૭૯ના રોજ આપેલ નિર્ણય છે અને તે નિર્ણય મુજબ શુધ્ધિપત્રકો અંદાજપત્ર રજૂ થયાના ૩ દિવસમાં રજૂ કરવાના રહે છે, પરંતુ ત્યારબાદ તા.૧૮–૭–૧૯૯૫ના રોજ આપેલ નિર્ણય મુજબ માગણીઓ પર ચર્ચા શરૂ થવાના ૩ દિવસ પહેલા શુધ્ધિપત્રકો રજૂ કરવાના થાય છે. વિધાનસભા સચિવાલયે પણ પૂર્વ અધ્યક્ષશ્રીના તા.૧૮–૭–૯૫ના રોજ આપેલ નિર્ણય મુજબ પરિપત્ર બહાર પાડીને નાણા વિભાગને શુધ્ધિપત્રકો, માગણીઓ પર ચર્ચા શરૂ થવાના ૩ દિવસ પહેલા રજૂ કરવા જણાવેલ છે તે યોગ્ય છે. ભવિષ્યમાં પણ બજેટ રજૂ થયાના ૩ દિવસ પ્રમાણે નહીં, પરંતુ માગણીઓ પરની ચર્ચા શરૂ થવાના ૩ દિવસ પહેલા શુધ્ધિપત્રકો રજૂ કરવાનું ધોરણ જાળવી રાખવામાં આવે.

## <u>ગુરૂવાર, તા.૧૦મી જુલાઈ, ૨૦૧૪</u>

## (પહેલી બેઠક)

## ૧. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

બુધવાર, તા.૯મી જુલાઈ, ૨૦૧૪ના રોજ અધૂરી રહેલ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા આગળ ચાલી અને તેમાં વધુ ૨૨ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આપ્યો.

## (બીજી બેઠક)

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

## ૨. વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન

માનનીય અધ્યક્ષશ્રીએ વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન સંબંધમાં ગૃહને માર્ગદર્શન આપતી જાહેરાત કરી અને માનનીય નાણામંત્રીશ્રીને વધારાના ખર્ચ માટેની માગણીઓ સભાગૃહ સમક્ષ રજૂ કરવા જણાવ્યું.

માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઈ પટેલે ૧૯૯૯–૨૦૦૦, ૨૦૦૦–૨૦૦૧, ૨૦૦૧–૨૦૦૨ અને ૨૦૦૨–૨૦૦૩ના વર્ષ માટેના વધારાના ખર્ચની માગણીઓ પર વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩)ની સાથે વાંચતા તેના અનુચ્છેદ ૨૦૫ અન્વયે નામદાર રાજયપાલશ્રીએ વિધાનસભાને કરેલી સિફારીસ વાંચી સંભળાવી.

ત્યારબાદ નાણામંત્રીશ્રીએ સન ૧૯૯૯–૨૦૦૦ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૪, ૭, ૮, ૯, ૧૦, ૧૭, ૧૮, ૨૨, ૨૩, ૪૨, ૫૫, ૫૬, ૬૬, ૬૭, ૭૪, ૭૭, ૭૮, ૭૯, ૮૦, ૮૨, ૮૪, ૮૬, ૮૭, ૮૮ અને ૯૦ રજૂ કરી.

ઉકત વધારાની માગણીઓ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ નાણામંત્રીશ્રીએ સન ૨૦૦૦–૨૦૦૧ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૭, ૮, ૯, ૧૨, ૨૧, ૨૫, ૩૮, ૪૨, ૪૬, ૬૬, ૬૭, ૭૪, ૮૦, ૮૧, ૮૬ અને ૮૮ રજૂ કરવામાં આવી.

આ વધારાની માગણીઓ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ નાણામંત્રીશ્રીએ સન ૨૦૦૧–૨૦૦૨ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૭, ૧૨, ૩૬, ૬૧, ૬૬, ૭૩, ૭૫, ૮૨ અને ૧૦૨ રજૂ કરી.

આ વધારાની માગણીઓ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ નાણામંત્રીશ્રીએ સન ૨૦૦૨–૨૦૦૩ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૩૦, ૪૦, ૪૨, ૪૬, ૬૧, ૬૯, ૭૩, ૭૮, ૮૦, ૮૬ અને ૧૦૪ રજૂ કરી.

આ વધારાની માગણીઓ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

## ૩. વિરામનો સમય રદ કરવા બાબત

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજકુમાર દેસાઈએ પ્રસ્તાવ રજૂ કર્યો કે વિરામનો સમય રદ કરવામાં આવે અને સંકલ્પો પરની ચર્ચા પૂર્ણ કરવામાં આવે, તદનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની અનુમતિથી વિરામ રદ કર્યો.

## ૪. બિન સરકારી સંકલ્પો

(૧) સભ્યશ્રી પૂર્ણેશકુમાર મોદીએ, "ગુજરાત વિકાસ યાત્રાને વધુ વેગવંતી બનાવવા ૧૦૦ દિવસ લક્ષ્યાંકનો સરકારે નિર્ધાર કરેલ છે, ત્યારે સમાજના તમામ વર્ગો આ અભિયાનને સૂપેરે પરિપૂર્ણ કરવા સાથ અને સહકાર આપે અને રાજય સરકાર આ લક્ષ્યાંકો નિયત દિવસોમાં સિધ્ધ કરવા વધુ અસરકારક પગલાં ભરવા" અંગેનો રાજય સરકારને અનુરોધ કરતો સંકલ્પ રજૂ કરી પોતાનુ મંતવ્ય વ્યકત કર્યું.

સંકલ્પ પરની ચર્ચામાં કુલ ૬ સભ્યશ્રીઓએ ભાગ લીધો અને ચર્ચાનો જવાબ સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરાએ આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

(૨) સભ્યશ્રી મોતીલાલ વસાવાએ, "દેશના અનેક રજવાડાઓને એક છત્ર નીચે લાવનાર લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટરની વિશ્વની સોથી ઊંચી પ્રતિમા સાથેના સ્મારકના નિર્માણનો સરકારે સંકલ્પ કર્યો છે, ત્યારે સમગ્ર વિશ્વ આ મહાન વ્યકિતત્વથી પરિચિત થાય અને આ સ્મારક સ્વયં અખંડિતતાનો એક આગવો સંદેશ પ્રસરાવે તે માટે જરૂરી અસરકારક પગલાં લેવા" અંગેનો રાજય સરકારને અનુરોધ કરતો સંકલ્પ રજૂ કરી મંતવ્ય વ્યકત કર્યું.

સંકલ્પ પરની ચર્ચામાં કુલ ૫ સભ્યશ્રીઓએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરાએ આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

## <u>શુક્રવાર, તા.૧૧મી જુલાઈ, ૨૦૧૪</u>

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા

## ૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

(૧) ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧–૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૪) ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના સન ૨૦૧૧–૧૨ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ અને સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૫) ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ

(૬) ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૭) સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના સન ૨૦૧૧–૧૨ અને સન ૨૦૧૨–૧૩ના ઓડિટ અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

## ૩. **માંગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે સન ૨૦૧૪–૨૦૧૫ના વર્ષ માટેના ફેરફાર કરાયેલા અંદાજપત્રની માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) અન્વયેની નામદાર રાજયપાલશ્રીની સિફારીશ વાંચી સંભળાવી.

મંત્રી પરિષદને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની માગણી ક્રમાંક–૩૦, ચૂંટણીને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની માગણી ક્રમાંક–૩૧, સામાન્ય વહીવટ વિભાગને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની માગણી ક્રમાંક–૩૩ સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરાએ તેમજ ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની માગણી ક્રમાંક–૪૨, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની માગણી ક્રમાંક–૪૩ તથા જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની માગણી ક્રમાંક–૪૪ માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી રજનીકાન્ત પટેલે રજૂ કરી.

માગણી ક્રમાંક–૩૦ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧ અને ૩, માગણી ક્રમાંક–૩૧ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૪, ૫, ૬ અને ૭, માગણી ક્રમાંક–૩૩ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૮ અને ૯, માગણી ક્રમાંક–૪૨ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧૧, ૧૨, ૧૫ અને ૧૬, માગણી ક્રમાંક– ૪૩ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧૭ થી ૨૮ તથા માગણી ક્રમાંક–૪૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ અને ૩૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને તેમાં ૧૫ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરાએ તેમજ માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી રજનીકાન્ત પટેલે આપ્યો.

ઉપર્યુકત માગણીઓ ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૩ થી ૯, ૧૧, ૧૨, ૧૫ થી ૩૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૩૦, ૩૧, ૩૩, ૪૨, ૪૩ અને ૪૪ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## **સોમવાર, તા.૧૪મી જુલાઈ, ૨૦૧૪**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા

## ૨. **શોકદર્શક ઉલ્લેખ**

માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી ભાનુભાઈ ગીગાભાઈ વાઘેલાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા તેમજ સભ્યશ્રી શૈલેષ પરમારે સ્વર્ગસ્થને અંજલિ આપી.

માનનીય અધ્યક્ષશ્રીએ શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવી સદગતને અંજલિ આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું અને ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સદગતના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

## ૩. મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૧૪૪)

માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે, ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય તરફથી પ્રકાશિત થતાં, 'એમ્પ્લોયમેન્ટ એકસચેઈન્જ સ્ટેટેસ્ટિકસ–૨૦૧૩'ના અહેવાલ અનુસાર વર્ષ ૨૦૦૨થી રોજગાર વિનિમય કચેરીઓ ધ્વારા રોજગારી પૂરી પાડવામા ગુજરાત સતત પ્રથમ ક્રમાંકે રહેલ છે, તે સંબંધમાં નિયમ–૪૪ હેઠળનું નિવેદન વાંચીને કર્યું.

## ૪. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત

માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર પંદર–પંદર સભ્યોની ચૂંટણી અંગેના કાર્યક્રમની જાહેરાત કરી.

## ૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

નર્મદા વિકાસ યોજનાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી ક્રમાંક ૬૫ નર્મદા પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મુખ્યમંત્રી વતી માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ, સિંચાઈ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી ક્રમાંક ૬૬ અને પાણી પુરવઠાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી ક્રમાંક ૬૭ માનનીય જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાએ રજૂ કરી.

માગણી ક્રમાંક ૬૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૫, ૯, ૧૧ થી ૧૫, માગણી ક્રમાંક ૬૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૧૬, ૧૮ થી ૨૨ તેમજ માગણી ક્રમાંક ૬૭ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક ૨૩, ૨૪, ૨૭ થી ૩૨ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને તેમાં ૧૬ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાએ અને નર્મદા પ્રભાગની ચર્ચાનો જવાબ માનનીય મુખ્યમંત્રીશ્રી વતી માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ આપ્યો.

માગણી ક્રમાંક ૬૫ ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૫, ૯, ૧૧ થી ૧૫ સભાગૃહની અનૂમતિથી એકી સાથે પાછી ખેંચી લેવામાં આવી. ત્યારબાદ માગણી ક્રમાંક ૬૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૬૬ અને ૬૭ ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧૬, ૧૮ થી ૨૪, ૨૭ થી ૩૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૬૬ અને ૬૭ મત પર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## <u>મંગળવાર, તા.૧૫મી જુલાઈ, ૨૦૧૪</u>

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા

૨ **સમિતિ અહેવાલની રજૂઆત**

જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખશ્રી નરોત્તમભાઈ પટેલે સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો.

૩. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)**

વાહન વ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૪, જિલ્લા વહીવટને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની માગણી ક્રમાંક–૭૮, કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૯, શહેરી આવાસનને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માગણી ક્રમાંક–૧૦૧ તથા શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૨ બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, મહેસૂલ વિભાગ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે રજૂ કરી.

માગણી ક્રમાંક–૭૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯, માગણી ક્રમાંક–૭૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૬, ૧૭ અને ૧૮, માગણી ક્રમાંક–૭૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯, ૨૦, ૨૨, ૨૪, ૨૫ અને ૨૭, માગણી ક્રમાંક–૧૦૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ૩૨ તથા માગણી ક્રમાંક–૧૦૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫, ૩૬, ૩૭, ૩૮ અને ૩૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને તેમાં ૨૦ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ બંદરો અને વાહન વ્યવહાર, મહેસૂલ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે આપ્યો.

માગણી ક્રમાંક– ૭૪, ૭૮, ૭૯, ૧૦૧ અને ૧૦૨ ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮ અને ૩૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૭૪, ૭૮, ૭૯, ૧૦૧ અને ૧૦૨ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૪. **માનનીય અધ્યક્ષશ્રીનું અવલોકન**

માગણીઓ પરની ચર્ચા બાદ, માનનીય મંત્રીશ્રીના જવાબ પહેલાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીઓનું ધ્યાન દોર્યું હતું કે, ગૃહમાં તૈયાર પ્રવચન વાંચી શકાતું નથી જો જરૂર પડે તો આંકડા અથવા સંદર્ભ જરૂર ટાંકી શકાય. તેથી આ બાબત ધ્યાનમાં રાખવા સૌ સભ્યોને સૂચના આપેલ હતી.

તદુપરાંત પોતાની જગ્યા છોડી અન્ય સભ્યોની બાજુમાં બેસીને અથવા તો મંત્રીશ્રીની બાજુમાં બેસીને વાતો કરતા સભ્યોને તેમ ન કરવા અને પોતાની જગ્યા ન છોડવા અને જરૂર પડે તો ચીઠ્ઠી મોકલીને માહિતી મેળવવા સભ્યશ્રીઓને સૂચના આપેલ હતી.

૫. **ગેલેરીમાંથી ફોટા પાડવા બાબત**

માગણીઓ પરની ચર્ચાના માનનીય મંત્રીશ્રીના જવાબ દરમ્યાન, ગેલેરીમાંથી કોઈએ ફોટો પાડયો હોવાનું ધ્યાનમાં આવતા માનનીય અધ્યક્ષશ્રીએ જેમણે ફોટો પાડયો હોય તેમણે તે ફોટો ડીલીટ કરી નાંખવો, અન્યથા મારે પગલાં લેવા પડશે તેવી સૂચના આપેલ હતી.

૬. **સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

માનનીય મંત્રીશ્રીના જવાબ બાદ પ્રશ્નો પૂછવાના તબકકે સભાગૃહની બેઠકનો સમય પૂરો થવા આવતાં, માનનીય મુખ્ય દંડકશ્રીએ માગણીઓ પર ચર્ચા અને મતદાનની કાર્યવાહી પૂર્ણ થાય ત્યાં સુધી બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની અનુમતિથી સમય લંબાવવાની જાહેરાત કરેલ હતી.

## <u>બુધવાર, તા.૧૬મી જુલાઈ, ૨૦૧૪</u>

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૨૦૦૮ થી ૨૦૧૨ના નિર્ણય ક્રમાંક ૩૫ અને ૩૬ને ટાંકીને પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી, આજના દિવસની પ્રશ્નોત્તરીની યાદીમાં અગ્રતાક્રમ–૧ ઉપરના પ્રશ્નનો જવાબ વિસ્તૃત હોવા છતાં યાદીમાં છાપ્યો છે, જયારે માનનીય સભ્યશ્રી જોઈતાભાઈના પ્રશ્ન અગ્રતા ક્રમ–૯ ઉપરના જવાબની માહિતી ટૂંકી હોવા છતાં જવાબ છાપવાને બદલે પત્રક સ્વરૂપે સચિવની કચેરીમાં રાખેલ છે તે યોગ્ય નથી, તેમ જણાવ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, અગ્રતાક્રમ ૧ અને ૯ ઉપરના પ્રશ્નોની બાબત અંગે મેં અગાઉ માનનીય મંત્રીશ્રીને સૂચના આપી દીધી છે, તેમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો **અસ્વીકાર** કર્યો.

૩. **અરજીની રજૂઆત**

માનનીય સભ્ય ડો. તેજશ્રીબેન પટેલે એક અરજદારની સહીવાળી ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ નીચે ઘડવાના થતા નિયમોને લગતી બાબત પરની અરજી રજૂ કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવેલી આ અરજી, અરજી સમિતિને મોકલી આપું છું તેવી જાહેરાત કરી.

૪. **સમિતિ અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રીમતી વિભાવરીબેન દવેએ સમિતિનો ચોથો અહેવાલ રજૂ કર્યો.

૫. **સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રીમતી વિભાવરીબેન દવેએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના ચોથા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો

## ૬. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતી કર વસૂલાત ખર્ચ માટેની સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણી ક્રમાંક–૧૨, વીજળી શકિત પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૩, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૪, ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૯, ખાણ અને ખનીજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫૦ અને પ્રવાસનને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫૧ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે રજૂ કરી.

માગણી ક્રમાંક–૧૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૭, માગણી ક્રમાંક–૧૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૮ થી ૧૦, ૧૨, ૧૪ થી ૧૭, ૧૯ અને ૨૦, માગણી ક્રમાંક–૧૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ અને ૨૨, માગણી ક્રમાંક ૪૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૪ થી ૨૭, માગણી ક્રમાંક ૫૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ થી ૩૩ તથા માગણી ક્રમાંક–૫૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ થી ૩૭, ૩૯ અને ૪૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને તેમાં ૧૯ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આપ્યો.

માગણી ક્રમાંક ૧૨, ૧૩, ૧૪, ૪૯, ૫૦ અને ૫૧ ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૧૦, ૧૨, ૧૪ થી ૧૭, ૧૯ થી ૨૨, ૨૪ થી ૩૩, ૩૫ થી ૩૭, ૩૯ અને ૪૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૧૨, ૧૩, ૧૪, ૪૯, ૫૦ અને ૫૧ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## ૭. સસ્પેન્શન અને સભાત્યાગ

માગણીઓ પરની ચર્ચાના માનનીય મંત્રીશ્રીના જવાબની શરૂઆતમાં, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ ખાનગી વીજ કંપની અને સરકારી વીજ કંપનીઓના ટી. એન્ડ ડી. લોસના આંકડા અલગ આપવામાં આવે તો અમને ખ્યાલ આવી શકે તેમ જણાવતાં, માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે અધ્યક્ષશ્રીને ઉદ્દેશીને કહયું કે આ યોગ્ય નથી, મેં તમામ સભ્યોને શાંતિથી સાંભળ્યા છે, ત્યારે આ રીતે વચ્ચે કોઈ બાબત ઉપસ્થિત થાય તો આપે એમને રોકવા જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી મારી મંજૂરી થી ઉભા થયા હતા અને તેમને આપણે સાંભળવા જોઈએ.

આ તબકકે માનનીય મંત્રીશ્રીએ જવાબ આપતી વખતે ઉચ્ચારેલા કેટલાક શબ્દો સામે વિરોધ પ્રદર્શિત કરી વિરોધ પક્ષના નેતાશ્રી સિવાય કોંગ્રેસ પક્ષના તમામ સભ્યો પોતાની જગ્યાએથી ઉભા થઈ સતત સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીઓને પોતાનું સ્થાન લેવા અને શાંતિ જાળવવા વારંવાર વિનંતી કરી.

ત્યારબાદ વિરોધપક્ષના દંડકશ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે મંત્રીશ્રી બોલતા હતા ત્યારે વિપક્ષના નેતા હોય કે ના હોય એમ કરીને ટેબલ પર હાથ પછાડીને વાત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, સભ્યશ્રીઓના અવાજમાં **તેઓને** બરાબર સંભળાયું ન હોઈ **જો** કોઈ વાંધાજનક શબ્દોનું ઉચ્ચારણ માનનીય મંત્રીશ્રી ધ્વારા કરવામાં આવ્યું હશે તો રેકર્ડ ચકાસીને તેવા શબ્દો દૂર કરવામાં આવશે. અપમાનજનક ઉચ્ચારણો હશે તો તેને પણ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવશે. પરંતુ તે અંગેનો નિર્ણય અત્યારે ને અત્યારે ન થઈ શકે તેથી સૌ સભ્યો પોતાનું સ્થાન લે અને શાંતિ જાળવે, જેથી ગૃહની કાર્યવાહી આગળ ચલાવી શકાય.

માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ જણાવ્યું કે, મંત્રીશ્રીએ જવાબ આપતી વેળાએ ગુસ્સામાં આવીને ઉચ્ચારેલા શબ્દો જયાં સુધી તેઓ પાછા નહીં ખેંચે ત્યાં સુધી કાર્યવાહી નહીં ચાલે અને અમારો અસહકાર રહેશે.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, રેકર્ડ ચકાસીને કોઈ અપમાનજનક બાબત હશે તો જે વ્યકિતને જે કાંઈ કહેવાનું હશે તે હાઉસમાં કહીશ, તેથી સૌ સભ્યો પોતાનું સ્થાન લે અને શાંતિ જાળવે, જેથી ગૃહની કાર્યવાહી આગળ ચલાવી શકાય. માનનીય અધ્યક્ષશ્રીએ વારંવાર વિનંતી કર્યા છતાં અધ્યક્ષશ્રીની સૂચનાનું પાલન ન થતાં ઉભા રહી સૂત્રોચ્ચાર કરી રહેલા સભ્યોને પોતાનું સ્થાન લેવા અને કાર્યવાહી આગળ ચાલવા દેવા હું છેલ્લી ચેતવણી આપું છું, તેમ પણ અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

આ તબકકે કોંગ્રેસ પક્ષના ઉભા થયેલા સભ્યોમાંથી સભ્યશ્રી અશ્વિનભાઈ કોટવાલે કાગળો ફાડીને ટુકડા ઉડાડયા તથા સભ્યશ્રી માનસિંહ ચૌહાણે અપમાનજનક શબ્દોનું ઉચ્ચારણ કર્યું.

ત્યારબાદ માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે, માનનીય સભ્યશ્રી માનસિંહભાઈએ અધ્યક્ષશ્રીને ઉદ્દેશીને ઉચ્ચારેલા શબ્દો માટે અને માનનીય સભ્યશ્રી અશ્વિનભાઈ કોટવાલે ગૃહમાં કાગળો ફાડીને ઉડાડયા હોઈ તે બન્નેને બે દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે તથા ઉભા રહેલા સભ્યો જો એક મિનિટમાં પોતાનું સ્થાન ન લે તો તેમને આજના દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે. આ પ્રસ્તાવને સંસદીય બાબતોના મંત્રીશ્રી ગણપતભાઈ વસાવાએ સમર્થન આપ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ પ્રસ્તાવ મત માટે મૂકયો, જે મંજૂર કરવામાં આવ્યો.

તદનુસાર માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી સિવાય, સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યોને એક દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા તથા સભ્યશ્રી માનસિંહ ચૌહાણ અને અશ્વિનભાઈ કોટવાલને બે દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા.

આ તબકકે સરકારના આ વલણના વિરોધમાં અમે સભાત્યાગ કરીએ છીએ એમ કહીને વિરોધ પક્ષના નેતાશ્રીએ સભાત્યાગ કર્યો અને તેમની સાથે કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યોએ **સભાત્યાગ** કરેલ હતો.

## ૮. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા બાબત

માનનીય મંત્રીશ્રી તેમનો અધૂરો જવાબ આપી રહયાં હતા ત્યારે સભાગૃહની બેઠકનો સમય પૂરો થવા આવતાં માનનીય મુખ્ય દંડકશ્રીએ માગણી પરની ચર્ચાનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની અનુમતિથી સભાગૃહની બેઠકનો સમય લંબાવેલ હતો.

## ગુરૂવાર, તા.૧૭મી જુલાઈ, ૨૦૧૪

### ૧. અધ્યક્ષશ્રીનો નિર્ણય

માનનીય અધ્યક્ષશ્રીએ તા.૧૬મી જુલાઈ, ૨૦૧૪ના રોજ ગૃહમાં બનેલી ઘટના સંદર્ભે જણાવ્યું કે, ગઈકાલે મેં કહયું હતું કે હું રેકર્ડ તપાસીને નિર્ણય કરીશ. આ સંદર્ભમાં મારે સભ્યશ્રીઓને જણાવવાનું કે દરેક સભ્યશ્રીએ અધ્યક્ષને ઉદ્દેશીને જ બોલવાનું હોય છે. કોઈપણ સભ્યશ્રીએ આક્ષેપાત્મક કે બિન સંસદીય શબ્દ પ્રયોગ કરવા નહીં. ગઈકાલે ગુસ્સામાં કે આવેશમાં આવીને બોલવાનો જે પ્રસંગ બનેલો તે સંદર્ભે માનનીય સૌરભભાઈ સહિત તમામ સભ્યશ્રીઓને હું સૂચના આપું છું કે બોલતી વખતે બોડી લેંગ્વેજ પણ યોગ્ય હોવી જોઈએ, સૌ સભ્યશ્રીઓ આ બાબતનો ખ્યાલ રાખે.

તદુપરાંત માનનીય અધ્યક્ષશ્રીએ ગઈકાલના બનાવ વખતે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા તથા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ ધ્વારા ઉચ્ચારવામાં આવેલા કેટલાક શબ્દો કાર્યવાહીમાંથી દૂર કરવાની પણ જાહેરાત કરી.

ત્યારબાદ માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, હું ઘણા વર્ષોથી આ ગૃહમાં સભ્ય તરીકે અને મંત્રી તરીકે કામગીરી બજાવું છું. મેં આજ સુધી કયારેય કોઈ સભ્યશ્રીનું અપમાન કરેલ નથી. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી માટે હું કોઈ અપમાનજનક શબ્દો બોલ્યો નથી. તેમનું અપમાન કરવાનો મારો કોઈ ઈરાદો હતો નહીં કે હોઈ શકે નહીં. વિરોધ પક્ષના નેતાનો હોદ્દો બંધારણીય છે, તેનું મને જ્ઞાન છે.

૨. ત્યારબાદ પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

### ૩. સભ્યશ્રીઓનું સસ્પેન્શન રદ કરવા અંગે

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજકુમાર દેસાઈએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ગઈકાલે ગૃહની સેવા બજાવવામાંથી બે દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવેલ સભ્યશ્રી માનસિંહ ચૌહાણ તથા શ્રી અશ્વિનભાઈ કોટવાલનું સસ્પેન્શન તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે, જેનું માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સમર્થન કર્યું.

ત્યારબાદ પ્રસ્તાવ મત પર મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો. તદનુસાર ગૃહની અનુમતિથી આ સભ્યશ્રીઓનું સસ્પેન્શન રદ કરવામાં આવ્યું.

### ૪. પોઈન્ટ ઓફ ઓર્ડર

માનનીય સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે "સંસદીય પ્રણાલિકાઓ પુસ્તક ભાગ–૨" ના પાના નં.૨૬૪ તથા અંદાજ સમિતિના ૨૫માં અહેવાલના પારા ૧૦, "જાહેર ખર્ચ ઉપર વિધાનસભાનો અંકુશ" પુસ્તકના પાના નં.૧૯ અને ૨૦ તથા તા.૬–૩–૧૯૯૨ના રોજ આપેલ માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયને ટાંકીને પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો કે, માગણીઓ પર ચર્ચા શરૂ થાય તે પહેલા સભ્યશ્રીઓને કામગીરી અંદાજપત્ર મળી જવા જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સામાન્ય રીતે જે વિભાગની માગણી ચર્ચા પર આવે તેના ત્રણ દિવસ પહેલા કામગીરી અંદાજપત્રો રજૂ કરવાના હોય છે, તેવો શિરસ્તો રહેલો છે. આમ છતાં આમાં કોઈ વિશેષ સૂચના આપવાની થશે તો હું સરકારને મારી લેખિત સૂચના મોકલાવી દઈશ.

## ૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની માગણી ક્રમાંક–૫૪, માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય રાજય કક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ, વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગની માગણી ક્રમાંક–૮૯ વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ તથા યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લગતી સેવા અંગેની રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯૮ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના માનનીય રાજય કક્ષાના મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીએ રજૂ કરી.

માગણી ક્રમાંક–૫૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨ અને ૩, માગણી ક્રમાંક–૮૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૪, ૫, ૬, ૭, ૮, ૯ અને ૧૦ તથા માગણી ક્રમાંક–૯૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૩ અને ૨૪ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને તેમાં ૭ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય રાજય કક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીએ આપ્યો.

માગણી ક્રમાંક ૮૯ પર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક ૪, ૫, ૬, ૭, ૮, ૯ અને ૧૦ સભાગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ માગણી કમાંક ૮૯ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક ૫૪ અને ૯૮ ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૩, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૩ અને ૨૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૫૪ અને ૯૮ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## ૬. બિન–સરકારી વિધેયકો

### (અ) દાખલ કરાયેલા વિધેયકો

(૧) સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે સન ૨૦૧૪નું ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક

(૨) સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે સન ૨૦૧૪નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક

(૩) સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે સન ૨૦૧૪નું (રાજય સેવક ધ્વારા) લોક–તિરસ્કાર નિવારણ વિધેયક

(૪) સભ્યશ્રી ડો. નીમાબેન આચાર્યએ સન ૨૦૧૪નું ગુજરાત રાજય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક

(૫) સભ્યશ્રી દુષ્યંત પટેલે સન ૨૦૧૪નું ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ અને નિયંત્રણ બાબત વિધેયક

(૬) સભ્યશ્રી ભૂષણ ભટ્ટે સન ૨૦૧૪નું ગુજરાત જાહેર સંપત્તિને થતું નુકસાન અને તોડફોડ અટકાવવા બાબત વિધેયક

(ખ) **પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના વિધેયકો**

(૧) સભ્ય શ્રી અશોકકુમાર પટેલે ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૮– સન ૨૦૧૩નું ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કરી મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી સહિત કુલ ૪ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ પ્રભારી સભ્યશ્રીએ આપ્યા બાદ વિધેયક સભાગૃહની અનુમતિથી પાછુ ખેંચી લીધું.

(૨) સભ્ય શ્રી પિયુષભાઈ દેસાઈએ સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૨૯– સન ૨૦૧૩નું ગુજરાત અવાજ પ્રદૂષણ (અટકાવવા) બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કરી મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી સહિત કુલ ૪ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ પ્રભારી સભ્યશ્રીએ આપ્યા બાદ વિધેયક સભાગૃહની અનુમતિથી પાછુ ખેંચી લીધું.

(૩) સભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂતે સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૪– સન ૨૦૧૩નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કરી મંતવ્ય વ્યકત કર્યુ.

ત્યારબાદ માનનીય સહકાર મંત્રીશ્રી સહિત કુલ ૪ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ પ્રભારી સભ્યશ્રીએ આપ્યો

ત્યારબાદ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક નામંજૂર કરવામાં આવ્યું.

## શુક્રવાર, તા.૧૮મી જુલાઈ, ૨૦૧૪

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

(૧) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રકચર કંપની લિમિટેડ (ગુજસેલ)ના સન ૨૦૧૦–૧૧, ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલો, ભારતના કોમ્પ્ટ્રોલર અને

ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતા નિવેદનો

(૪) ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનો સન ૨૦૧૦–૧૧નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૫) શિક્ષણ વિભાગના સન ૨૦૦૭ના ગુજરાત વ્યવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અધિનિયમ અન્વયેના,

(૧) તા.૧૯–૬–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક– જીએચ– એસએચ– ૧૪–૨૦૧૪– પીવીએસ– ૧૦૨૦૧૩– ૩૧૭/એસ

(૨) તા.૨૫–૬–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક– જીએચ– એસએચ– ૧૬–૨૦૧૪– પીવીએસ– ૧૦૨૦૧૨– ૧૪૨/એસ

(૩) તા.૪–૭–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક– જીએચ– એસએચ– ૧૭–૨૦૧૪– પીઆરસી– ૧૦૨૦૧૨– ૧૪૨/એસ

(૪) તા.૫–૭–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક– જીએચ– એસએચ– ૧૯–૨૦૧૪– પીઆરસી– ૧૦૨૦૧૩– ૩૧૭/એસ

(૬) શ્રમ અને રોજગાર વિભાગના સન ૧૯૪૭ના ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ અન્વયેના,

(૧) તા.૨૮–૧–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક– જીએચઆર– ૨૦૧૪– ૨૭–બીએસઈ– ૧૯– ૨૦૧૨– ૨૦૫૫૨૧– મ(૩)

(૨) તા.૨૮–૧–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક– જીએચઆર– ૨૦૧૪– ૨૬–બીએસઈ– ૧૯– ૨૦૧૧– ૨૨૨૬૮૦– મ(૩)

(૩) તા.૨૮–૧–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક– જીએચઆર– ૨૦૧૪– ૨૮–બીએસઈ– ૧૯– ૨૦૧૧– ૨૬૧૨૪૨– મ(૩)

(૪) તા.૩૧–૧–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક– જીએચઆર– ૨૦૧૪– ૩૩–બીએસઈ– ૧૯– ૨૦૧૦– ૭૪૯૭૯૧– મ(૩)

(૫) તા.૩૧–૧–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક– જીએચઆર– ૨૦૧૪– ૩૪–જીએસઈ– ૧૯– ૨૦૧૩– ૨૧૫૬૬૫– મ(૩)

(૬) તા.૩૧–૧–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક– જીએચઆર– ૨૦૧૪– ૩૫–જીએસઈ– ૧૯– ૨૦૧૨– ૫૨૭૦૬૧– મ(૩)

(૭) તા.૫–૨–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક– જીએચઆર– ૨૦૧૪– ૪૫–બીએસઈ– ૧૯– ૨૦૧૨– ૨૦૫૫૨૧– મ(૩)

(૭) સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયે,

(ક) રાજ્ય સરકારે નાણાકીય વર્ષ સન ૨૦૧૩–૧૪ દરમ્યાન આપેલ બાંહેધરીની વિગત દર્શાવતુ પત્રક

ખ) રાજય સરકાર ધ્વારા બાંહેધરી આપવાના કારણે નાણાકીય વર્ષ સન ૨૦૧૩–૨૦૧૪ દરમ્યાન રાજયના એકત્રિત ભંડોળમાંથી ચૂકવાયેલ રકમોની વિગત દર્શાવતું પત્રક

(ગ) બાંહેધરી આપનારની રૂએ સરકારે ચૂકવેલ રકમ પૈકી નાણાકીય વર્ષ સન ૨૦૧૩–૨૦૧૪ દરમ્યાન જે તે સંસ્થાઓ/ વ્યકિતઓએ ભરપાઈ કરેલ રકમની વિગત દર્શાવતું પત્રક

૩. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)**

કૃષિને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨, નાની સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩, પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની માગણી ક્રમાંક–૪, સહકારને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫ તથા મત્સ્યોદ્યોગને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬ કૃષિ અને સહકાર મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાએ તેમજ શ્રમ અને રોજગારને લગતી સેવા અંગેની શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫૭ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે રજૂ કરી.

માગણી ક્રમાંક–૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૧૦, માગણી ક્રમાંક–૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩, ૧૪ અને ૧૫, માગણી ક્રમાંક–૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬, ૧૭, અને ૧૯, માગણી ક્રમાંક–૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, અને ૨૭ તથા માગણી ક્રમાંક–૫૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭ અને ૩૮ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને તેમાં ૧૭ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય કૃષિ મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયા તથા માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭ અને ૩૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૨, ૩, ૪, ૫, ૬ અને ૫૭ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## <u>સોમવાર, તા.૨૧મી જુલાઈ, ૨૦૧૪</u>

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા

૨. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી ડો.તેજશ્રીબ`ન પટેલે, "રાજયમાં ધોરણ–૧૨નું પરિણામ **આવ્યાને** ઘણો સમય થવા છતાં સરકારની એડમિશન કમિટિ પાસે તમામ યુનિવર્સિટીની સાયન્સ કોલેજોની બેઠકોની માહિતી નહીં

હોવાથી પ્રવેશ પ્રક્રિયા શરૂ થવા પામી નથી. જયાં સુધી આ પ્રક્રિયા પૂરી થશે ત્યાં સુધીમાં વિદ્યાર્થીઓનો સેમેસ્ટરનો સમય પૂર્ણ થશે, જેના કારણે વિદ્યાર્થીઓનો અભ્યાસ પણ બગડશે. આ સંજોગોમાં વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઈ પ્રવેશ પ્રક્રિયા સત્વરે હાથ ધરી પૂરી કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં" સંબંધમાં તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)**

શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯, શિક્ષણ વિભાગને લગતા અન્ય ખર્ચને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦, નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની માગણી ક્રમાંક–૨૨, અન્ને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨૩ તથા બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતા અન્ય ખર્ચને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૭૫ શિક્ષણ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો તેમજ બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રજૂ કરી.

માગણી ક્રમાંક–૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૭, ૨૯ અને ૩૦, માગણી ક્રમાંક–૧૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ અને ૩૨, માગણી ક્રમાંક–૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, માગણી ક્રમાંક–૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦, ૪૧ અને ૪૨ તથા માગણી ક્રમાંક–૭૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯ અને ૫૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માગણીઓ અને તેના રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને તેમાં ૨૧ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ શિક્ષણ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો તેમજ બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુક્ત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૭, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯ અને ૫૦ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૯, ૧૦, ૨૨, ૨૩ અને ૭૫ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## <u>મંગળવાર, તા.૨૨મી જુલાઈ, ૨૦૧૪</u>

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા

૨. **શોકદર્શક ઉલ્લેખ**

માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે, ભૂતપૂર્વ મુંબઈ વિધાનસભા અને ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી નારણભાઈ માધવભાઈ રાઠોડના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા તેમજ સભ્યશ્રી પિયુષભાઈ દેસાઈ તથા સભ્યશ્રી આત્મારામભાઈ પરમારે સ્વર્ગસ્થને અંજલિ આપી.

માનનીય અધ્યક્ષશ્રીએ શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવી સદગતને અંજલિ આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું અને ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સદગતના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

## ૩. **પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો, ૧૯૮૫ થી ૨૦૦૨ના પાના નંબર ૧૦૩ પરના નિર્ણય ક્રમાંક ૮૯ ને ટાંકીને પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો કે શોક પ્રસ્તાવની ચર્ચા દરમ્યાન વિવેક, શિષ્ટાચાર અને અદબ જળવાઈ રહે તે માટે સભ્યશ્રીઓએ પોતાનું સ્થાન છોડવું ન જોઈએ અથવા બહારથી આવીને પોતાનું સ્થાન લેવું ન જોઈએ. આજરોજ શોક પ્રસ્તાવની ચર્ચા દરમ્યાન એક માનનીય મંત્રીશ્રીએ પોતાનું સ્થાન લીધેલ હતું અને ત્યારબાદ એક જુનિયર સભ્યશ્રીએ પણ પોતાનું સ્થાન લીધેલ હતું, જેથી આ શિષ્ટાચાર જળવાય અને ભૂતકાળના માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયોનું પાલન થાય તે માટે યોગ્ય આદેશ થવો જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીનો આ મુદ્દો ગ્રાહય રાખીને જણાવ્યું કે, શોક પ્રસ્તાવની ચર્ચા વખતે સૌએ પોતાના સ્થાને બેસી રહેવું જોઈએ અને બહારથી આવતા હોય તો પોતાનું સ્થાન લેવાના બદલે ઉભા રહી જવું જોઈએ. આ બાબતનું ચૂસ્ત રીતે પાલન થાય તેની તમામ સભ્યશ્રીઓ તકેદારી રાખે.

## ૪. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો**

નર્મદા પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય નર્મદા વિકાસ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ તા.૧–૭–૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી જશુભાઈ બારડના, "નર્મદા યોજના અંતર્ગત સાથી રાજયો પાસેથી બાકી રકમ વસૂલવા બાબત" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૯૧૫૮ (અગ્રતાક્રમ–૧૧)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકી.

## ૫. **સમિતિ અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો પાંચમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

## ૬. **માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ગણપતભાઈ વસાવાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના પાંચમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો

## ૭. **પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો કે, અંદાજપત્ર પ્રકાશન નંબર ૪૭ જે સભ્યશ્રીઓને આપવામાં આવેલ છે, તેમાં ગયા વર્ષના અંદાજપત્ર પ્રકાશન નંબર ૪૭ના ૨૫ પાના એમને એમ છાપવામાં આવ્યા છે. ત્યારબાદ એ અંગે ૨૫ પાનાનું શુધ્ધિપત્રક આપવામાં

આવેલ છે. આથી આવી ગંભીર ક્ષતિ ભવિષ્યમાં ન થાય તે માટે તેમણે માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું તેમાં માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે સ્પષ્ટતા કરી કે સભ્યશ્રીની વાત સાચી છે, પરંતુ આ બાબત ધ્યાનમાં આવી કે તરત જ સમયમર્યાદામાં સભ્યશ્રીઓને શુધ્ધિપત્રક આપી દેવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ગ્રાહય રાખતાં જણાવ્યું કે, અંદાજપત્રને લગતું કોઈપણ સાહિત્ય પૂરતી ચોકસાઈ અને કાળજી લીધા બાદ જ પ્રસિધ્ધ થવું જોઈએ. આ કામગીરી એ વર્ષોથી ચાલી આવતી પ્રણાલિકા અનુસાર થતી હોય છે, ત્યારે આવી ભૂલ થાય તે ક્ષમ્ય નથી. આ માટે તમામ વિભાગોને કાળજી રાખવા સૂચના આપવામાં આવે અને જરૂર જણાય તો સંસદીય બાબતોના સચિવશ્રી ધ્વારા વિધાનસભાને લગતું કામકાજ કેવી રીતે કરવું અને કઈ વસ્તુ કયારે અને કેવી રીતે રજૂ કરવી એના માટે તમામ વિભાગોના સચિવોને સૂચના આપવામાં આવે, જેથી કરીને ભવિષ્યમાં આવી ક્ષતિ થાય નહીં.

વધુમાં માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે શુધ્ધિપત્રક છાપકામની ભૂલ અંગે હોઈ શકે, પરંતુ કાર્યવાહીની ભૂલના લીધે શુધ્ધિપત્રક મૂકવું પડે તે કોઈપણ રીતે વાજબી નથી.

## ૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

સમૂહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી ક્રમાંક–૭૦, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી ક્રમાંક–૭૧ માનનીય રાજયકક્ષાના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી જયંતિભાઈ કવાડીયાએ તેમજ સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯૨ તથા અનુસૂચિત જાતિ પેટા યોજનાને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯૫ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરા એ રજૂ કરી.

માગણી ક્રમાંક–૭૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩ અને ૧૪, માગણી ક્રમાંક–૭૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫, ૧૬, ૧૯, ૨૦, ૨૧ અને ૨૨, માગણી ક્રમાંક–૯૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨ અને ૪૩ તથા માગણી ક્રમાંક–૯૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯ અને ૫૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને તેમાં ૨૦ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ રાજયકક્ષાના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી જયંતિભાઈ કવાડીયા તથા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૪, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯ અને ૫૦ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૭૦, ૭૧, ૯૨ અને ૯૫ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## ૯. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા બાબત

માગણીઓ પરની ચર્ચાના જવાબ બાદ પ્રશ્નો પૂછવાના તબકકે સભાગૃહની બેઠકનો સમય પૂરો થવા આવતા માનનીય મુખ્ય દંડકશ્રીએ માગણી પરની ચર્ચાનું મતદાન પૂરૂં થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતા માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની અનુમતિથી બેઠકનો સમય લંબાવેલ હતો.

## બુધવાર, તા.૨૩મી જુલાઈ, ૨૦૧૪

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા તેમજ પહેલી અને બીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

(૧) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૧૧–૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૨) ગુજરાત ગોપાલક વિકાસ નિગમનો સન ૨૦૧૧–૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૩) ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૪) ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૫) ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૬) ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૭) ગુજરાત ખેત ઉદ્યોગ નિગમનો સન ૨૦૧૧–૨૦૧૨ અને ૨૦૧૨–૨૦૧૩ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા સન ૨૦૧૧–૧૨નો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૮) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૨૦૦૬–૦૭નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૯) ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૧૨–૧૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

(૧૦) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૧૨–૧૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

(૧૧) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો.

## ૩. **સમિતિ અહેવાલની રજૂઆત**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રીમતી વિભાવરીબેન દવેએ સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કર્યો.

## ૪. **સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રીમતી વિભાવરીબેન દવેએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પાંચમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો

## ૫. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)**

વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨૬, પર્યાવરણને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની માગણી ક્રમાંક–૨૭, અનેસૂચિત આદિજાતિઓના કલ્યાણને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯૩, આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૯૬ માનનીય વન અને પર્યાવરણ તથા આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ગણપતભાઈ વસાવાએ, મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી સેવા અંગેની મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણી ક્રમાંક–૧૦૫ માનનીય રાજયકક્ષાના મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદી તથા કલાઈમેટ ચેઈન્જ વિભાગને લગતી સેવા અંગેની કલાઈમેટ ચેઈન્જ વિભાગની માગણી ક્રમાંક–૧૦૭ માનનીય કલાઈમેટ ચેઈન્જ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ગણપતભાઈ વસાવાએ રજૂ કરી.

માગણી ક્રમાંક–૨૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૯ અને ૧૦, માગણી ક્રમાંક–૨૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭ અને ૧૮, માગણી ક્રમાંક–૯૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪ અને ૨૫, માગણી ક્રમાંક ૯૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬, ૨૭, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩ અને ૩૪, માગણી ક્રમાંક ૧૦૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦ અને ૪૧ તથા માગણી ક્રમાંક ૧૦૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને તેમાં ૨૫ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદી તથા માનનીય વન અને પર્યાવરણ, આદિજાતિ વિકાસ તથા કલાઈમેન્ટ ચેઈન્જ વિભાગનો હવાલો ધરાવતા મંત્રી શ્રી ગણપતભાઈ વસાવાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧ અને ૪૩ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૨૬, ૨૭, ૯૩, ૯૬, ૧૦૫ અને ૧૦૭ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

### ૭. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા બાબત

માગણીઓ પરની ચર્ચાના જવાબ બાદ પ્રશ્નો પૂછવાના તબકકે, સભાગૃહની બેઠકનો સમય પૂરો થવા આવતા, માનનીય મુખ્ય દંડકશ્રીએ માગણી પરની ચર્ચાનું મતદાન પૂરૂં થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતા માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની અનુમતિથી બેઠકનો સમય લંબાવેલ હતો.

## ગુરૂવાર, તા.૨૪મી જુલાઈ, ૨૦૧૪

## પહેલી બેઠક

### ૧. સભ્યશ્રીઓનું સસ્પેન્શન

સભાગૃહની બેઠકની શરૂઆતમાં સભ્યશ્રી રાઘવજીભાઈ પટેલે તેમણે આપેલી નિયમ૧૧૬ હેઠળની ની નોટિસ સંબંધમાં રજૂઆત કરવાનો પ્રયત્ન કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ તે બાબત અહીં ન ઉઠાવી શકાય તેમ જણાવ્યું, આમ છતાં સભ્યશ્રી રાઘવજીભાઈ પટેલે આ બાબત અંગે રજૂઆત કરવાનો સતત આગ્રહ રાખ્યો અને માનનીય અધ્યક્ષશ્રીએ તેમને પોતાનું સ્થાન લેવા વારંવાર વિનંતી કરી.

આમ છતાં સભ્યશ્રી રાઘવજીભાઈ પટેલે સતત રજૂઆત કરવાનું ચાલુ રાખ્યું અને સભ્યશ્રી હર્ષદકુમાર રીબડીયા પણ તેમના સમર્થનમાં બોલવા લાગ્યા. ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી રાઘવજીભાઈ પટેલને તેમનું સ્થાન લેવા આખરી ચેતવણી આપી, જેનું પાલન ન થતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી રાઘવજીભાઈ પટેલને અડધા દિવસ માટે સસ્પેન્ડ કર્યા. ઉપરાંત આ તબકકે સભ્યશ્રી રાઘવજીભાઈના સમર્થનમાં વેલમાં આવેલા સભ્યશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા સભ્યશ્રી હર્ષદકુમાર રીબડીયાને પણ અડધા દિવસ માટે સસ્પેન્ડ કર્યા અને આ ત્રણેય સભ્યશ્રીઓને સાર્જન્ટની મદદથી સભાગૃહની બહાર લઈ જવામાં આવ્યા.

### ૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૯, પરિવાર કલ્યાણને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪૦, રહેઠાણના મકાનોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૮૫, માર્ગ અને પૂલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૮૬ તથા ગુજરાત પાટનગર બાંધકામ યોજનાને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની

મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૮૭ માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે રજૂ કરી.

માગણી ક્રમાંક–૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૪, ૬, ૯, ૧૬ અને ૧૯, માગણી ક્રમાંક–૪૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧, માગણી ક્રમાંક–૮૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ અને ૨૫, માગણી ક્રમાંક–૮૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ અને ૩૧ તથા માગણી ક્રમાંક–૮૭ ઉપરની માગણી ક્રમાંક ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૭, ૩૯, ૪૦ અને ૪૧ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને તેમાં ૨૬ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા માર્ગ અને મકાન મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે આપ્યો.

પ્રથમ ઉપર્યુક્ત માગણીઓ ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૪, ૬, ૯, ૧૬, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૯, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૭, ૩૯, ૪૦ અને ૪૧ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૩૯, ૪૦, ૮૫, ૮૬ અને ૮૭ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## બીજી બેઠક

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા તેમજ ત્રીજી અને ચોથી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

### ૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

સભ્યશ્રી નિરંજન પટેલે, "તાજેતરમાં વડોદરા માંજલપુર–અટલાદરાને જોડતા બ્રિજનું લોકાર્પણ થયું છે. આ બ્રિજનો કેટલોક ભાગ તૂટી જવાથી કરોડો રૂપિયાનું નુકસાન થયું છે અને બ્રિજ બંધ થવાથી વાહન વ્યવહાર અને આમ જનતાને પડતી પારાવાર મુશ્કેલીઓ દૂર કરવા તેમજ આ બ્રિજના હલકા બાંધકામ અંગે જવાબદારો સામે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શહેરી વિકાસ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

શહેરી વિકાસ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

### ૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

ન્યાયતંત્રના વહીવટને લગતી સેવા અંગેની કાયદા વિભાગની માગણી ક્રમાંક ૬૦ માનનીય રાજય કક્ષાના કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ રજૂ કરી અને તેના પરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫ અને ૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણી અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને ૪ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ઉપયુકત માગણી પર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫ અને ૬ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૬૦ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## ૪. સૂત્રોચ્ચાર અને સસ્પેન્શન

માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, માગણી પરની ચર્ચાનો જવાબ આપી રહયા હતા ત્યારે શરૂઆતમાં, તેમના જવાબ અંગે અસંતોષ વ્યકત કરી કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ તેમના સ્થાને ઉભા થઈ સૂત્રોચ્ચાર કરવા લાગતા અને કેટલાંક સભ્યશ્રીઓએ પ્લેકાર્ડ દર્શાવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ ઉભા થઈ સૂત્રોચ્ચાર કરી રહેલા તમામ સભ્યશ્રીઓને પોતપોતાનું સ્થાન લેવા વારંવાર વિનંતી કરી. તેમ છતાં સભ્યશ્રીઓએ પોતપોતાનું સ્થાન ન લેતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓને આજના દિવસ માટે સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી અને ત્યારબાદ સસ્પેન્ડ કરવામાં આવેલા તમામ સભ્યશ્રીઓને સાર્જન્ટની મદદથી સભાગૃહની બહાર લઈ જવામાં આવેલ હતા.

## ૬. બિન સરકારી સંકલ્પો

(૧) સભ્યશ્રી હસમુખભાઈ પટેલે, "સમગ્ર હિંદુ ધર્મની આસ્થાના કેન્દ્ર સમા અંબાજી ખાતે ૫૧ શકિતપીઠનું નિર્માણ કરવાના રાજય સરકાર ધ્વારા કરવામાં આવેલ સંકલ્પ મુજબનું કામ સમયબધ્ધ રીતે પૂર્ણ કરવા રાજય સરકારને અનુરોધ કરવા" અંગેનો સંકલ્પ રજૂ કરી મંતવ્ય વ્યકત કર્યું અને ત્યારબાદ માનનીય રાજયકક્ષાના દેવસ્થાન અને યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી સહિત કુલ ૩ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

(૨) "ગુજરાત રાજયમાં પૂર્વ પટ્ટીના આદિવાસી વિસ્તારોમાં બનેલા મોટા તેમજ મધ્યમ કક્ષાના સિંચાઈ ડેમોના લીધે વિસ્થાપિત બનેલા આદિવાસી ભાઈ–બહેનોના આર્થિક વિકાસ માટે આવશ્યક સેવાઓ અને સુવિધાઓ સત્વરે મળી રહે તે માટે જરૂરી પગલા લેવા રાજય સરકારને અનુરોધ કરવા" અંગેના સંકલ્પના પ્રભારી સભ્યશ્રી મોહનસિંહ રાઠવા ગૃહમાં હાજર ન હોઈ, સંકલ્પ ગૃહમાં રજૂ થયો નહીં.

(૩) સભ્યશ્રી કિશોરસિંહ ચૌહાણે, "મુખ્યમંત્રી અમૃતમ 'મા' યોજનાના સફળ અમલીકરણને ધ્યાને લઈ ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો માટે આરોગ્ય ક્ષેત્રે કરવામાં આવતા અનેક મૌલિક સૂચનો ધ્યાનમાં લઈ કાર્યવાહી કરવા રાજય સરકારને અનુરોધ કરવા" અંગેનો સંકલ્પ રજૂ કરી મંતવ્ય વ્યકત કર્યું અને ત્યારબાદ માનનીય આરોગ્ય મંત્રીશ્રી સહિત કુલ ૪ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## <u>શુક્રવાર, તા.૨૫મી જુલાઈ, ૨૦૧૪</u>

## પહેલી બેઠક

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા તેમજ પાંચમી અને છઠ્ઠી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

## ૨. મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)

માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ધોરણ–૧૨ પાસ તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે, "માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના" અમલમાં મૂકવા સંબંધમાં નિયમ–૪૪ હેઠળનું નિવેદન વાંચીને કર્યું.

## ૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

નાણા વિભાગને લગતી સેવા અંગેની નાણા વિભાગની માગણી ક્રમાંક–૧૫, કર વસૂલાત ખર્ચ (નાણા વિભાગ)ને લગતી સેવા અંગેની નાણા વિભાગની માગણી ક્રમાંક–૧૬, તિજોરી અને હિસાબ વહીવટને લગતી સેવા અંગેની નાણા વિભાગની માગણી ક્રમાંક–૧૭, પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભને લગતી સેવા અંગેની નાણા વિભાગની માગણી ક્રમાંક–૧૮ માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઈ પટેલે રજૂ કરી.

માગણી ક્રમાંક ૧૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬, માગણી ક્રમાંક–૧૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪ અને ૨૫, માગણી ક્રમાંક–૧૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ અને ૨૭ તથા માગણી ક્રમાંક–૧૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ ૨૨૮(૨) અન્વયે ગિલોટીન અંગેની જાહેરાત કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને તેમાં ૮ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આપ્યો.

પ્રથમ ઉપર્યુક્ત માગણીઓ ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭ અને ૩૦ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## ૪. ગિલોટીન થયેલી માગણીઓ

માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઈ પટેલે સન ૨૦૧૪–૨૦૧૫ના વર્ષ માટેની માગણી ક્રમાંક ૧, ૭, ૮, ૧૧, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ રાજય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક ૩૬ અને ૩૭ રજૂ કરી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

## બીજી બેઠક

## ૧. પોઈન્ટ ઓફ ઓર્ડર

સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો, સન ૨૦૦૮ થી ૨૦૧૨ના પાના નંબર ૯૩ અને ૯૫ ઉપરના નિર્ણય ક્રમાંક ૫૯ને ટાંકીને પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો કે આજના દિવસના કામકાજની યાદીની અંદર સભાગૃહના મેજ ઉપર મૂકવાના કાગળોની બાબત ક્રમાંક ૧માં (ક) થી (જ) સુધીના સી.એ.જી.ના ઓડિટ રિપોર્ટ આજે સત્રના છેલ્લા દિવસે મૂકવામાં આવી રહયાં છે, તે યોગ્ય નથી. અને તેના સમર્થનમાં સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪ના પાના નંબર ૨૯ ઉપરના નિર્ણય ક્રમાંક ૩૨ ટાંકીને જણાવ્યું કે, આ અહેવાલો સરકાર પાસે ૩૧ માર્ચ પહેલા આવી ગયા હતા ત્યારે આજે જુલાઈ માસમાં મળેલ બજેટ સત્રના છેલ્લા દિવસે રજૂ કરવા યોગ્ય નથી કેમ કે તેના લીધે યોગ્ય ચર્ચા થઈ શકતી નથી.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, આ બાબતમાં અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો સન ૨૦૦૮ થી ૨૦૧૨માં નિર્ણય ક્રમાંક ૬૦મા સ્પષ્ટ જણાવ્યું છે કે પૂરોગામી અધ્યક્ષનો નિર્ણય સૂચનાના ભાગરૂપે છે. બંધારણ કે વિધાનસભાના નિયમો હેઠળ સી.એ.જી.ના અહેવાલો ચોકકસ કેટલા સમયમાં ગૃહના મેજ ઉપર મૂકવા તે અંગે કોઈ જોગવાઈ નહીં હોવાથી અહેવાલ વિલંબથી ગૃહ સમક્ષ મૂકવામાં કોઈ નિયમ કે સંસદીય પ્રણાલિકાનો ભંગ થતો નથી.

સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે પાના નં.૯૪ ઉપરના નિર્ણય ક્રમાંક ૫૯ને ધ્યાને લેવા વિનંતી કરતા માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, આપે ઉલ્લેખ કરેલ નિર્ણય તા.૨૬મી માર્ચ, ૨૦૦૮ના દિવસનો છે, મેં જે ઉલ્લેખ કર્યો તે પાના નં.૯૬ ઉપરનો નિર્ણય ક્રમાંક–૬૦ છેલ્લે તા.૨૮–૩–૧૨ના દિવસનો છે. આ નિર્ણય અનુસાર સી.એ.જી.ના અહેવાલો ભારતના બંધારણના અનુચ્છેદ–૧૫૧ની જોગવાઈ મુજબ રાજયપાલશ્રીને રજૂ કરવામાં આવે છે અને રાજયપાલશ્રી તે અહેવાલો વિધાનસભાના મેજ ઉપર મૂકવાની કાર્યવાહી કરાવે છે. સુસ્થાપિત સંસદીય પ્રણાલિકાઓ અનુસાર સી.એ.જી.ના અહેવાલો વિધાનસભાના મેજ ઉપર મૂકાય કે તરત જ ગૃહની જાહેર હિસાબ સમિતિને સોંપાયેલા ગણાય છે અને તેના ઉપર સમિતિ ચર્ચા–વિચારણા કરીને તેનો અહેવાલ સભાગૃહને રજૂ કરે છે. આ સમગ્ર પ્રક્રિયામાં સી.એ.જી.ના અહેવાલો ઉપર ગૃહમાં ચર્ચા થતી નથી. આમ આપે ટાંકેલા નિર્ણયો પછીનો આ છેલ્લે આપેલ નિર્ણય હોઈ તેમાં હું કોઈ ફેરફાર કરવા માગતો નથી અને આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

## ૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

(૧) (ક) ગુજરાત સરકારના સન ૨૦૧૨–૧૩ના વર્ષના નાણાકીય હિસાબો (ભાગ–૧ અને ભાગ–૨) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)

(ગ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષનો ઓડિટ અહેવાલ (રાજયની નાણાકીય પરિસ્થિતિ) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ઘ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષનો ઓડિટ અહેવાલ (મહેસૂલ ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ચ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષનો ઓડિટ અહેવાલ (જાહેર સાહસો) (અંગ્રેજી તથા ગુજરાતી)

(છ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષનો ઓડિટ અહેવાલ (આર્થિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(૪) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષનો ઓડિટ અહેવાલ (સામાન્ય અને સામાજિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

## ૩. પ્રદર્શન અને સસ્પેન્શન

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળોની બાબતનો ક્રમાંક–૧ પૂર્ણ થયા બાદ, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા તથા સભ્યશ્રી શકિતસિંહ ગોહિલ સિવાયના કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ પોતાના સ્થાન ઉપર ઉભા થઈ ગયા અને પ્લેકાર્ડ દર્શાવી તેમજ ગળામાં શાકભાજીના હાર પહેરી પ્રદર્શન કરવા લાગ્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ પોતાના સ્થાન ઉપર ઉભા રહી પ્લેકાર્ડ દર્શાવી પ્રદર્શન કરી રહેલા તમામ સભ્યોને તેમનું સ્થાન લેવા અને ગૃહની કાર્યવાહી આગળ ચાલવા દેવા વારંવાર વિનંતી કરી, જેનું પાલન ન થતાં માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા તથા શ્રી શકિતસિંહ ગોહિલ સિવાય સભાગૃહમાં કોંગ્રેસ પક્ષના ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓને આજના દિવસ માટે સસ્પેન્ડ કર્યા.

## ૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો (ક્રમશઃ)

(૨) ગુજરાત ફાઉન્ડેશન ફોર મેન્ટલ હેલ્થ એન્ડ એલાઈડ સાયન્સીસ કંપનીનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૪) ગુજરાત ઈન્ફર્મેટિક્સ લિમિટેડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૫) બાયસેગ સેટેલાઈટ કોમ્યુનિકેશન કંપની લિમિટેડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૬) ગુજરાત સ્ટેટ ફાયનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૭) આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૮) ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૯) ગુજરાત હાઉસિંગ બોર્ડના સન ૨૦૧૦–૧૧ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા સન ૨૦૧૧–૧૨નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતા નિવેદનો

(૧૦) ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગના સન ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ના વાર્ષિક અહેવાલો

(૧૧) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૦–૧૧નો ઓડિટ અહેવાલ અને સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ તથા સન ૨૦૧૦–૧૧નો ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૧૨) જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૦–૧૧નો ઓડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન, વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૧૩) ગુજરાત પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૧૪) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

(૧૫) માર્ગ અને મકાન વિભાગની સન ૨૦૦૬ના ગુજરાત પ્રોફેશનલ સિવિલ એન્જીનીયર્સ એકટ અનવયેની તા.૩૧–૫–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંકઃ–ડબલ્યુબીપી/ ૧/ ૨૦૧૪/ ૧૦૨૦૦૬/ ૭/ પાર્ટ–૪/ સી

(૧૬) શિક્ષણ વિભાગના સન ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અધિનિયમ અન્વયેના તા.૧૬–૭–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક– જીએચ/ એસએચ/ ૨૪/ ૨૦૧૪/ પીવીએસ/ ૧૦૨૦૧૩/ ૨૮૦/ એસ

(૧૭) સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૦–૧૧ના વર્ષનો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૧૮) તા.૭–૭–૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી રાજેન્દ્રસિંહ ચાવડાના, "સાબરકાંઠા જિલ્લામાં વીજ પુરવઠા માટે ફીડરોનું વિભાજન" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૮૭૫૨ (અગ્રતાક્રમ–૫)ના અનુસંધાને વધારાની માહિતી

(૧૯) તા.૭–૭–૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી અશોકકુમાર પટેલના, "ગાંધીનગર જિલ્લામાં રૂર્બન પ્રોજેકટ હેઠળ ગટર યોજનામાં આવરી લીધેલ ગામો" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૮૭૦૦ (અગ્રતાક્રમ–૧૧)ના અનુસંધાને વધારાની માહિતી

(૨૦) તા.૧૪–૭–૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી રાજેન્દ્રસિંહ ચાવડાના,"સાબરકાંઠા જિલ્લામાં વીજ બિલના નાણાંની વસૂલાત માટે લોક અદાલતોનું આયોજન" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૦૧૩૩ (અગ્રતાક્રમ–૯)ના અનુસંધાને વધારાની માહિતી

(૨૧) તા.૧૪–૭–૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી કેશુભાઈ નાકરાણીના, "ભાવનગર જિલ્લામાં વીજ બિલના નાણાંની વસૂલાત માટે લોક અદાલતોનું આયોજન" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૦૧૩૨ (અગ્રતાક્રમ–૧૦)ના અનુસંધાને વધારાની માહિતી

(૨૨) તા.૨૩–૭–૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી શંભુજી ઠાકોરના,"ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીનું મંજૂર મહેકમ" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૧૫૯૭ (અગ્રતાક્રમ–૧૩)ના અનુસંધાને વધારાની માહિતી

(૨૩) તા.૨૩–૭–૨૦૧૪ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી મોહનભાઈ ઢોડિયાના,"સુરત આર.ટી.ઓ. કચેરીનું મંજૂર મહેકમ" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૧૫૮૮ (અગ્રતાક્રમ–૧૬)ના અનુસંધાને વધારાની માહિતી

## ૫. **સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ વિધેયકો**

(૧) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૪– સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ વિધેયક

(૨) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧૭ – સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ ) વિધેયક

(૩) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧૮ – સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ ) (ધ્વિતીય) વિધેયક

(૪) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧૯ – સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ ) (તૃતીય) વિધેયક

(૫) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૦ – સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ ) (ચતુર્થ) વિધેયક

(૬) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક– ૨૩– સન ૨૦૧૪નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક

(૭) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક– ૨૨ – સન ૨૦૧૪નું ગુજરાત સ્ટેમ્પ સુધારા વિધેયક

(૮) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક– ૨૧ – સન ૨૦૧૪નું ગુજરાત મોટર વાહન (ઉતારૂ વેરા) સુધારા વિધેયક

## ૬. **વિરામનો સમય રદ કરવા અંગે**

માનનીય મુખ્ય દંડક શ્રી પંકજકુમાર દેસાઈએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, વિરામનો સમય રદ કરી એજન્ડા પરનું કામકાજ પૂર્ણ કરવામાં આવે, તે મુજબ માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની અનુમતિથી વિરામનો સમય રદ કર્યો.

## ૭. **છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)**

સભ્યશ્રી વલ્લભભાઈ કાકડીયાએ, "મહિલાઓના સર્વાંગી વિકાસ માટે રાજય સરકારે મહિલા સશકિતકરણનું જે કદમ ઉઠાવ્યું છે તેને વધુ અસરકારક બનાવવા માટે આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે" તે અંગેનો છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરી મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય રાજયકક્ષાના મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી સહિત ૫ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચા પૂરી થઈ.

૧૨ સચિવશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭–ક અન્વયે અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકયા.

## ૧૩. **સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ–૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખી.

ત્યારબાદ "વંદે માતરમ" રાષ્ટ્રગીતની ધૂન બજાવવામાં આવી.

બપોરના ૩.૩૨ વાગ્યે સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રહી.

———————————

**પત્રક ક્રમાંકઃ–૨૫**

**(જુઓ ફકરા ક્રમાંકઃ–૨૭)**

તેરમી વિધાનસભાના ચોથા સત્રમાં સભ્યશ્રીઓએ કેટલી વખત ચર્ચામાં ભાગ લીધો તેની સંખ્યા દર્શાવતું પત્રક

| અ.નં. | સભ્યશ્રીનું નામ | વિધેયકો | | અંદાજ પત્ર પર ચર્ચા | પ્રસ્તાવો | | | રાજયપાલ –શ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા | બિન સરકારી સંકલ્પો | વૈદ્યાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | વિધાનસભાની સમિતિઓના અહેવાલ અને બીજા અહેવાલ પર ચર્ચા | અન્ય બાબતો | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સરકારી વિધેયકો પર ચર્ચા | બિન સરકારી વિધેયકો પર ચર્ચા | | સભા મોકુફી પ્રસ્તાવ પર ચર્ચા | મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવ પર ચર્ચા | બીજા પ્રસ્તાવો. સરકારી તેમજ બિન સરકારી સભ્યોના પ્રસ્તાવો પર ચર્ચા | | | | | | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
| ૧ | ગોહિલ, શ્રી શકિતસિંહ હરિચંદ્રસિંહજી | ૧ | – | ૪ | – | – | – | – | – | – | – | ૭ | ૧૨ |
| ૨ | છેડા, શ્રી તારાચંદ જગશી (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૩ | આચાર્ય, ડો. નીમાબેન | ૨ | – | ૩ | – | – | ૧ | – | ૧ | – | ૧ | – | ૮ |
| ૪ | આહિર, શ્રી વાસણભાઈ ગોપાલભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૫ | મહેશ્વરી, શ્રી રમેશ વચ્છરાજ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૬ | મહેતા, શ્રી પંકજ અનોપચંદ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૭ | ચૌધરી, શ્રી શંકરભાઈ લગધીરભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | પટેલ, શ્રી પરબતભાઈ સવાભાઈ | ૧ | – | ૨ | – | – | – | – | ૧ | – | – | – | ૪ |
| ૯ | પટેલ, શ્રી જોઈતાભાઈ કસ્નાભાઈ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૦ | ખરાડી, શ્રી કાન્તીભાઈ કાળાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૧ | વાઘેલા, શ્રી મણીલાલ જેઠાભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૨ | પટેલ, શ્રી મહેશકુમાર અમૃતલાલ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૩ | --ખાલી-- | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૪ | ચૌહાણ, શ્રી કેશાજી શિવાજી | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૫ | ખાનપુરા, શ્રી ધારશીભાઈ લખાભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૬ | ઠાકોર, શ્રી નાગરજી હરચંદજી | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૭ | ઠાકોર, શ્રી દિલીપકુમાર વિરાજીભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૮ | દેસાઈ, રણછોડભાઈ મહીજીભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૯ | રાજપૂત, શ્રી બલવંતસિંહ ચંદનસિંહ | – | ૧ | ૬ | – | – | – | – | – | – | – | ૫ | ૧૨ |
| ૨૦ | ડાભી, શ્રી ભરતસિંહજી શંકરજી | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૨૧ | પટેલ, શ્રી નારાયણભાઈ લલ્લુદાસ | ૧ | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૪ |
| ૨૨ | પટેલ, શ્રી ઋષિકેશ ગણેશભાઈ | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૨૩ | પટેલ, શ્રી રજનીકાન્ત સોમાભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | ૧ | ૧ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૨૪ | ચાવડા, શ્રી રમેશભાઈ મગનભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૨૫ | પટેલ, શ્રી નીતિનકુમાર રતીલાલ (મંત્રીશ્રી) | ૪ | – | ૩ | – | – | – | – | ૧ | – | – | ૪ | ૧૨ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૬ | પટેલ, શ્રી પ્રહલાદભાઈ ઈશ્વરભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૨૭ | ચાવડા, શ્રી રાજેન્દ્રસિંહ રણજીતસિંહ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૨૮ | વોરા, શ્રી રમણલાલ ઈશ્વરલાલ (મંત્રીશ્રી) | – | – | ૨ | – | – | – | – | ૨ | – | – | – | ૪ |
| ૨૯ | કોટવાલ, શ્રી અશ્વિન | – | – | ૫ | – | – | – | – | – | – | – | – | ૫ |
| ૩૦ | જોષિયારા, ડો. અનિલ | – | – | ૫ | – | – | – | – | ૧ | – | – | – | ૬ |
| ૩૧ | ઠાકોર, શ્રી રાજેન્દ્રસિંહ શિવસિંહ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૩૨ | વાઘેલા, શ્રી મહેન્દ્રસિંહ શંકરસિંહ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૩૩ | બારૈયા, શ્રી મહેન્દ્રસિંહ કચરસિંહ | – | – | ૪ | – | – | – | – | – | – | – | ૧ | ૫ |
| ૩૪ | રાઠોડ, શ્રીમતી કામીનીબા ભુપેન્દ્રસિંહ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૩૫ | ઠાકોર, શ્રી શંભુજી ચેલાજી | – | – | ૪ | – | – | – | – | – | – | – | ૧ | ૫ |
| ૩૬ | પટેલ, શ્રી અશોકકુમાર રણછોડભાઈ | ૧ | ૧ | ૩ | – | – | – | – | – | – | – | – | ૫ |
| ૩૭ | ચૌધરી, શ્રી અમિતભાઈ હરિસિંગભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૩૮ | ઠાકોર, શ્રી બળદેવજી ચંદુજી | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૩૯ | પટેલ, ડો. તેજશ્રીબેન દિલીપકુમાર | – | ૧ | ૪ | – | – | – | – | ૧ | – | – | ૨ | ૮ |
| ૪૦ | પટેલ, શ્રી કરમશીભાઈ વિરજીભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૪૧ | પટેલ, શ્રીમતી આનંદીબેન મફતલાલ (મુખ્ય મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | ૩ | ૩ |
| ૪૨ | ચૌહાણ, શ્રી કિશોરસિંહ બાબુલાલ | – | ૧ | ૧ | – | – | – | – | ૧ | – | – | – | ૩ |
| ૪૩ | જાડેજા, શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | ૩ | – | ૨ | – | – | – | – | ૧ | – | – | ૧ | ૭ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
| ૪૪ | શાહ, શ્રી રાકેશભાઈ જશવંતલાલ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૪૫ | શાહ, શ્રી અમિત | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૪૬ | પંચાલ, શ્રી જગદીશભાઈ ઈશ્વરભાઈ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૭ | વાઘવાણી, ડો. નિર્મલાબેન સુનીલભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૪૮ | કાકડીયા, શ્રી વલ્લભભાઈ ગોબરભાઈ | – | – | ૨ | – | – | ૧ | – | – | – | – | – | ૩ |
| ૪૯ | રાજપૂત, શ્રી જગરૂપસિંહ ગીરદાનસિંહ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૫૦ | પટેલ, શ્રી હસમુખભાઈ સોમાભાઈ | ૧ | – | ૨ | – | – | – | – | ૧ | – | – | – | ૪ |
| ૫૧ | શેખ, શ્રી ગ્યાસુદ્દીન હબીબુદ્દીન | – | – | ૪ | – | – | – | – | – | – | – | ૧ | ૫ |
| ૫૨ | ભટ્ટ, શ્રી ભૂષણ અશોક | – | – | ૪ | – | – | – | – | ૨ | – | – | ૧ | ૭ |
| ૫૩ | –– ખાલી –– | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૫૪ | પરમાર, શ્રી શૈલેષ મનુભાઈ | – | ૨ | ૫ | – | – | – | – | – | – | – | ૩ | ૧૦ |
| ૫૫ | પટેલ, શ્રી અરવિંદકુમાર ગાંડાલાલ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૫૬ | પટેલ, શ્રી રજનીકાંત મોહનલાલ | ૨ | – | ૬ | – | – | ૧ | – | ૧ | – | – | – | ૧૦ |
| ૫૭ | પટેલ શ્રી બાબુભાઈ જમનાદાસ | ૧ | ૧ | ૨ | – | – | – | – | – | – | – | – | ૪ |
| ૫૮ | ચુડાસમા, શ્રી ભૂપેન્દ્રસિંહ મનુભા (મંત્રીશ્રી) | – | – | ૪ | – | – | – | – | – | – | – | ૩ | ૭ |
| ૫૯ | કોળી પટેલ, શ્રી લાલજીભાઈ ચતુરભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૬૦ | મકવાણા, શ્રી પુનમભાઈ કાળાભાઈ | – | ૧ | ૪ | – | – | – | – | – | – | – | – | ૫ |
| ૬૧ | રાણા, શ્રી કિરીટસિંહ જીતુભા | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૬૨ | દોશી, શ્રીમતી વર્ષાબેન નરેન્દ્રભાઈ | – | – | ૩ | – | – | ૧ | – | – | – | – | – | ૪ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
| ૬૩ | ચૌહાણ, શ્રી શામજીભાઈ ભીમજીભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૬૪ | કવાડીયા, શ્રી જયંતિભાઈ રામજીભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૬૫ | અમૃતિયા, શ્રી કાંતિલાલ શીવલાલ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૬૬ | –– ખાલી –– | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૬૭ | પીરઝાદા, શ્રી મહમદજાવીદ અબ્દુલમુતલીબ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૬૮ | રાજયગુરૂ, શ્રી ઈન્દ્રનિલભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સંજયભાઈ | | | | | | | | | | | | |
| ૬૯ | વાળા, શ્રી વજુભાઈ રૂડાભાઈ (અધ્યક્ષશ્રી) | | | | | | | | | | | | |
| ૭૦ | પટેલ, શ્રી ગોવિંદભાઈ ઉકાભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૭૧ | બાબરીયા, શ્રીમતી ભાનુબેન મનોહરભાઈ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૭૨ | ગોહેલ, શ્રી ભોળાભાઈ ભીખાભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૨ |
| ૭૩ | જાડેજા, શ્રી જયરાજસિંહ ટેમુભા | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૭૪ | રાદડીયા, શ્રી જયેશભાઈ વિઠ્ઠલભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૭૫ | માકડિયા, શ્રી પ્રવિણભાઈ મોહનભાઈ | – | ૨ | – | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૭૬ | ચાવડા, શ્રી મેઘજીભાઈ અમરાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૭૭ | પટેલ, શ્રી રાઘવજી હંસરાજ | – | – | ૪ | – | – | – | – | ૧ | – | – | ૧ | ૬ |
| ૭૮ | જાડેજા, શ્રી ધર્મેન્દ્રસિંહ મેરૂભા | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
| ૭૯ | ત્રિવેદી, પ્રો. શ્રીમતી વસુબેન નરેન્દ્રભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | ૧ | – | – | ૧ | – | – | – | – | ૧ | ૩ |
| ૮૦ | શાપરીયા, શ્રી ચીમનભાઈ ધરમશીભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૮૧ | –– ખાલી –– | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૮૨ | માણેક, શ્રી પબુભા વિરમભા | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૮૩ | બોખીરીયા, શ્રી બાબુભાઈ ભીમાભાઈ (મંત્રીશ્રી) | ૧ | ૨ | ૨ | – | – | – | – | – | – | – | – | ૫ |
| ૮૪ | જાડેજા, શ્રી કાંધલ સરમણભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૮૫ | ચાવડા, શ્રી જવાહરભાઈ પેથલજીભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૮૬ | મશરૂ, શ્રી મહેન્દ્રભાઈ લીલાધરભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮૭ | રીબડીયા, શ્રી હર્ષદકુમાર માધવજીભાઈ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૮૮ | લાડાણી, શ્રી અરવીંદભાઈ કેશવભાઈ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૮૯ | – ખાલી – | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૯૦ | બારડ, શ્રી જસાભાઈ ભાણાભાઈ | ૨ | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૪ |
| ૯૧ | બારડ, શ્રી જશુભાઈ ધાનાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૯૨ | સોલંકી, શ્રી જેઠાભાઈ દાનાભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૯૩ | વંશ, શ્રી પુંજાભાઈ ભીમાભાઈ | – | – | ૩ | – | – | – | – | – | – | – | ૧ | ૪ |
| ૯૪ | કોટડીયા, શ્રી નલીનભાઈ નાનજીભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૯૫ | ધાનાણી, શ્રી પરેશ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૯૬ | ઉઘાડ, શ્રી બાવકુભાઈ નાથાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
| ૯૭ | વઘાસીયા, શ્રી વલ્લભભાઈ વશરામભાઈ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૯૮ | સોલંકી, શ્રી હીરાભાઈ ઓધવજીભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૯૯ | મકવાણા, શ્રીમતી ભાવનાબેન રાઘવજીભાઈ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૦૦ | – ખાલી – | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૦૧ | નાકરાણી, શ્રી કેશુભાઈ હીરજીભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૦૨ | રાઠોડ, શ્રી પ્રવિણભાઈ જીણાભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૦૩ | સોલંકી, શ્રી પરસોત્તમભાઈ ઓધવજીભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૦૪ | દવે, શ્રીમતી વિભાવરીબેન વિજયભાઈ | ૧ | ૧ | ૩ | – | – | ૧ | – | ૨ | – | ૪ | – | ૧૨ |
| ૧૦૫ | વાઘાણી, શ્રી જીતેન્દ્રભાઈ સવજીભાઈ | – | ૧ | ૨ | – | – | – | – | ૧ | – | – | – | ૪ |
| ૧૦૬ | પરમાર, શ્રી આત્મારામ મકનભાઈ (નાયબ મુખ્ય દંડકશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | ૨ | ૨ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦૭ | માણીયા, ડો. ટી.ડી. | – | – | ૨ | – | – | – | – | ૧ | – | – | – | ૩ |
| ૧૦૮ | પટેલ, શ્રી સંજયકુમાર રમણભાઈ | ૨ | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૫ |
| ૧૦૯ | પરમાર, શ્રી રાજેન્દ્રસિંહ ધીરસિંહ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૧૦ | ચાવડા, શ્રી અમિત | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૧૧ | પટેલ, શ્રી જયંતભાઈ રમણભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૧૨ | –ખાલી– | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૧૩ | પટેલ, શ્રી નિરંજન | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૨ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
| ૧૧૪ | પરમાર, શ્રી પૂનમભાઈ માધાભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૧૫ | –ખાલી– | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૧૬ | દેસાઈ, શ્રી પંકજભાઈ વિનુભાઈ (મુખ્ય દંડકશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | ૬ | ૬ |
| ૧૧૭ | ચૌહાણ, શ્રી ગૌતમભાઈ રાવજીભાઈ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૧૮ | ઠાકોર, શ્રી નટવરસિંહ ફુલસિંહ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૧૯ | પરમાર, શ્રી રામસિંહ પ્રભાતસિંહ | – | ૧ | ૩ | – | – | – | – | ૧ | – | – | – | ૫ |
| ૧૨૦ | વાઘેલા, શ્રી શંકરસિંહ (વિરોધપક્ષના નેતાશ્રી) | – | – | ૨ | – | – | – | – | – | – | – | ૭ | ૯ |
| ૧૨૧ | ચૌહાણ, શ્રી માનસિંહ કોહયાભાઈ | – | – | ૪ | – | – | – | – | – | – | – | ૧ | ૫ |
| ૧૨૨ | પટેલ, પ્રો. હીરાભાઈ હરીભાઈ | – | ૧ | ૩ | – | – | – | – | – | – | – | ૧ | ૫ |
| ૧૨૩ | ડામોર, શ્રી ગેંદાલભાઈ મોતીભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૨૪ | ભરવાડ, શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૨૫ | સુથાર, શ્રીમતી નિમિષાબેન મનહરસિંહ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૨૬ | રાઉલજી, શ્રી સી.કે. | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૨૭ | રાઠોડ, શ્રી અરવિંદસિંહ દામસિંહ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૨૮ | પરમાર, શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી | – | – | – | – | – | – | – | – | – | – | – | – |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | (રાજયકક્ષાના મંત્રીશ્રી) | | | | | | | | | | | | |
| ૧૨૯ | કટારા, શ્રી રમેશભાઈ ભુરાભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૩૦ | ગરાસીયા, ડૉ. મિતેશભાઈ કલાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
| ૧૩૧ | – ખાલી – | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૩૨ | પણદા, શ્રી વજેસિંગભાઈ પારસિંગભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૩૩ | બારીયા, શ્રીમતી ચંદ્રીકાબેન છગનભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | ૧ | ૩ |
| ૧૩૪ | ખાબડ, શ્રી બચુભાઈ મગનભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૩૫ | ઈનામદાર, શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૩૬ | શ્રીવાસ્તવ, શ્રી મધુભાઈ બાબુભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૩૭ | રાઠવા, શ્રી મોહનસિંહ છોટુભાઈ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૩૮ | રાઠવા, શ્રી જયંતિભાઈ સવજીભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૩૯ | ભીલ, શ્રી ધીરૂભાઈ ચુનીલાલ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૪૦ | પટેલ, શ્રી બાલકૃષ્ણભાઈ નારણભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૪૧ | વકીલ, શ્રીમતી મનીષા રાજીવભાઈ | – | ૧ | ૨ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૪૨ | સુખડીયા, શ્રી જીતેન્દ્ર રતીલાલ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૪૩ | પટેલ, શ્રી સૌરભ (મંત્રીશ્રી) | ૬ | – | ૬ | – | – | – | – | – | – | – | ૩ | ૧૫ |
| ૧૪૪ | ત્રિવેદી, શ્રી રાજેન્દ્ર સુર્યપ્રસાદ | ૧ | ૧ | ૪ | – | – | – | – | ૧ | – | – | – | ૭ |
| ૧૪૫ | પટેલ, શ્રી યોગેશ | – | – | – | – | – | – | – | – | – | – | ૧ | ૧ |
| ૧૪૬ | પટેલ, શ્રી દિનેશભાઈ બાલુભાઈ | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૪૭ | પટેલ, શ્રી સતીષભાઈ મોતીભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૪૮ | તડવી, શ્રી શબ્દશરણ ભાઈલાલભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૪૯ | વસાવા, શ્રી મોતીલાલ પુનીયાભાઈ | – | – | ૩ | – | – | – | – | ૧ | – | – | – | ૪ |
| ૧૫૦ | મોરી, શ્રી છત્રસિંહજી પૂંજાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૫૧ | રણા, શ્રી અરૂણસિંહ અજીતસિંહ | – | ૧ | ૧ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૫૨ | વસાવા, શ્રી છોટુભાઈ અમરસિંહ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫૩ | પટેલ, શ્રી દુષ્યંતભાઈ રજનીકાંત | ૨ | – | ૬ | – | – | – | – | ૧ | – | – | ૧ | ૧૦ |
| ૧૫૪ | પટેલ, શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૫૫ | પટેલ, શ્રી મુકેશભાઈ ઝીણાભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૫૬ | વસાવા, શ્રી ગણપતસિંહ વેસ્તાભાઈ (મંત્રીશ્રી) | ૨ | ૧ | – | – | – | – | – | – | – | ૨ | ૧ | ૬ |
| ૧૫૭ | ચૌધરી, શ્રી આનંદભાઈ મોહનભાઈ | – | ૧ | – | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૫૮. | પાનશેરીયા, શ્રી પ્રફુલભાઈ છગનભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૫૯. | ગીલીટવાલા, શ્રી રણજીતભાઈ મંગુભાઈ | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૬૦. | ચોકસી, શ્રી અજયકુમાર જશવંતલાલ | ૨ | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૫ |
| ૧૬૧ | કાનાણી, શ્રી કિશોરભાઈ શિવાભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૬૨ | કાછડીયા, શ્રી જનકભાઈ મનજીભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૬૩ | પાટીલ, શ્રીમતી સંગીતાબેન રાજેન્દ્રભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૬૪ | પટેલ, શ્રી નરોત્તમભાઈ | ૧ | – | ૨ | – | – | – | – | – | – | ૧ | – | ૪ |
| ૧૬૫ | સંઘવી, શ્રી હર્ષ રમેશકુમાર | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૬૬ | વાનાણી, શ્રી નાનુભાઈ ભગવાનભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
| ૧૬૭ | મોદી, શ્રી પૂર્ણેશકુમાર ઈશ્વરલાલ | ૨ | – | ૨ | – | – | – | – | ૧ | – | – | – | ૫ |
| ૧૬૮ | પટેલ, શ્રી રાજેન્દ્રભાઈ પરભુભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૬૯ | પરમાર, શ્રી ઈશ્વરભાઈ રમણભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૭૦ | ઢોડીયા, શ્રી મોહનભાઈ ધનજીભાઈ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૭૧ | ગામીત, શ્રી પુનાભાઈ ઢેડાભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૭૨ | ગામીત, શ્રી કાંતીલાલ રેશ્માભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૭૩ | ગાવિત, શ્રી મંગળભાઈ ગંગાજીભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૭૪ | પટેલ, શ્રી આર.સી. (દંડકશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૭૫ | દેસાઈ, શ્રી પિયુષભાઈ દિનકરભાઈ | ૧ | ૧ | ૨ | – | – | – | – | – | – | – | ૧ | ૫ |
| ૧૭૬ | પટેલ, શ્રી મંગુભાઈ છગનભાઈ (ઉપાધ્યક્ષશ્રી) | | | | | | | | | | | | |
| ૧૭૭ | ચૌધરી, શ્રી છનાભાઈ કોળુભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૭૮ | પટેલ, શ્રી ઈશ્વરભાઈ ઢેડાભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૭૯ | પટેલ, શ્રી ભરતભાઈ કીકુભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૮૦ | દેસાઈ, શ્રી કનુભાઈ મોહનલાલ | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૮૧ | ચૌધરી, શ્રી જીતુભાઈ હરજીભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૮૨ | પાટકર, શ્રી રમણલાલ નાનુભાઈ | ૧ | – | ૪ | – | – | – | – | – | – | – | – | ૫ |

**પત્રક ક્રમાંકઃ–૨૬**

**(જુઓ ફકરા ક્રમાંકઃ– ૨૯)**

સત્ર દરમિયાન નીચે દર્શાવેલ કુલ-૫ (પાંચ) મહાનુભાવોના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા.

| **ક્રમ** | **નામ** | **અવસાનની તારીખ** | **શોક પ્રસ્તાવ સભાગૃહમાં રજૂ થયા તારીખ** | **રિમાર્કસ** |
|---|---|---|---|---|
| ૧. | સ્વ.શ્રી હરગોવિંદ દેવશંકર ઉપાધ્યાય<br>ગુજરાતના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી | **૨૪/૦૩/૨૦૧૪** | **૦૧/૦૭/૨૦૧૪** | સદગત મહાનુભાવોને ગૃહમાં અંજલી આપ્યા બાદ સભ્યશ્રીઓ એ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યુ હતું |
| ૨. | સ્વ.શ્રી જીતેન્દ્રકુમાર ચીનુભાઇ શાહ<br>ગુજરાતના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી | **૧૧/૦૪/૨૦૧૪** | **૦૧/૦૭/૨૦૧૪** | -"- |
| ૩. | સ્વ.શ્રીમતી જયાબેન વજુભાઇ શાહ<br>ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર રાજયના પૂર્વ નાયબ મંત્રીશ્રી | **૧૪/૦૪/૨૦૧૪** | **૦૧/૦૭/૨૦૧૪** | -"- |
| ૪. | સ્વ.શ્રી ભાનુભાઇ ગીગાભાઇ વાઘેલા<br>ગુજરાતના વિધાનસભાના પૂર્વ  સભ્યશ્રી | **૦૨/૦૭/૨૦૧૪** | **૧૪/૦૭/૨૦૧૪** | -"- |
| ૫. | સ્વ.શ્રી નારણભાઇ માધવભાઇ રાઠોડ<br>ભૂતપૂર્વ મુંબઇ વિધાનસભા અને ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | **૧૨/૦૭/૨૦૧૪** | **૨૨/૦૭/૨૦૧૪** | -"- |